# શબ્દોના સૂર

બેન્જામમિન સુવાર્તિક

• પ્રકાશક •
એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

## બેન્જામિન સુવાર્તિકનાં પુસ્તકો

### ગુજરાતી પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | યહૂદી જવાન (લઘુનવલ) | - ૧૯૭૪ |
| ૨. | અરમાન(નાટ્યસંગ્રહ) | - ૧૯૮૦ |
| ૩. | કાળા અક્ષર ભેંસ બરાબર (વાર્તા - ભાષાંતર) | - ૧૯૮૮ |
| ૪. | હે પવિત્ર આત્મા આવો ( ભાષાંતર) | - ૧૯૯૦ |
| ૫. | વિજ્ઞાનલોક (વિજ્ઞાનલેખો) | - ૧૯૯૧ |
| ૬. | જાનવર બોલી ઊઠયાં (બાળ વાર્તાઓ) | - ૧૯૯૧ |
| ૭. | સ્મોક શરાબ સિગારેટ મસાલા (વ્યસનો અંગે) | - ૧૯૯૨ |
| ૮. | દુર્ઘટનામાં સારવાર (ભાષાંતર) | - ૧૯૯૩ |
| ૯. | સુવાર્તિક સ્મૃતિકા (માતપિતાનું જીવનવૃત્તાંત) | - ૧૯૯૩ |
| ૧૦. | ગગનવિજ્ઞાન (અંતરિક્ષવિજ્ઞાન) | - ૧૯૯૫ |
| ૧૧. | પંખીનગર (પંખીઓની માહિતી) | - ૧૯૯૫ |
| ૧૨. | વિજ્ઞાનદર્શન (વિજ્ઞાનલેખો) | - ૧૯૯૫ |
| ૧૩. | આઝાદીની અમરકથા | - ૧૯૯૮ |
| ૧૪. | વિજ્ઞાનની પાંખે | - ૨૦૦૦ |
| ૧૫. | વિજ્ઞાનધારા | - ૨૦૦૪ |
| ૧૬. | સૂરસંદેશ (ગીત સંગ્રહ) | - ૨૦૦૫ |
| ૧૭. | ખૂબી (બાળવાર્તા) | - ૨૦૦૬ |

### હિન્દી પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧૮. | રાષ્ટ્રીયતા કે પથ પર (વાર્તા) | - ૧૯૯૨ |
| ૧૯. | યહૂદી જવાન (લઘુનવલ) | - ૧૯૯૩ |

### અંગ્રેજી પુસ્તક

| | | |
|---|---|---|
| ૨૦. | ડેન્જરસ ડ્રગ્સ, ડ્રીંક્સ એન્ડ ટોબેકો | - ૧૯૯૯ |

૧૯૯૫ માં અંતરિક્ષ સંબંધી દળદાર પુસ્તક '**ગગનવિજ્ઞાન**' લખવા બદલ વડોદરાની પ્રમાનંદ સાહિત્ય સભા દ્વારા લેખકનું બહુમાન કરી **પદ્મકાંત શાહ એવોર્ડ** આપવામાં આવ્યો છે. વળી એ જ વર્ષમાં સંસ્કાર પરિવાર દ્વારા ગૂર્જર પ્રકાશિત લેખકનાં વિજ્ઞાન લેખકનાં વિજ્ઞાન પુસ્તકો ગગનવિજ્ઞાન, પંખીનગર અને વિજ્ઞાનદર્શનની કદર કરી લેખકને **સંસ્કાર એવોર્ડ** એનાયત કરવામાં આવ્યો હતો.

૨૦૦૨ માં **ગુજરાત સાહિત્ય પરિષદે** લેખકના પુસ્તક 'વિજ્ઞાનની પાંખે' ને **વિજ્ઞાન સાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તક** તરીકે પુરષ્કૃત કર્યુ હતું.

# મારા શબ્દો

લેખનમાં સુચિ એટલે લખી તો નાખ્યું પણ એનું મૂલ્યાંકન શું ? સમય જતાં મારા લેખો સામાયિકો અને સમાચાર પત્રોમાં છપાવા લાગ્યા. મને સંતોષ થયો.

કેટલીક નિબંધ સ્પર્ધાઓમાં મેં ભાગ લીધો. એવી મોટાભાગની સ્પર્ધાઓમાં મારા નિબંધો પારિતોષિક માટે પસંદગી પામ્યા. એમાંનાં 'સ્વાતંત્ર્યોત્તર વૈજ્ઞાનિક અને રાજકીય પરિબળોનો ભારતીય સંસ્કૃતિ પર પ્રભાવ' 'સ્વદેશ ત્યાગ શા માટે,' 'વિશ્વશાંતિ' અને 'આકાશમાં કદમ,' મેં 'શબ્દાના સૂર' માં રજૂ કર્યા છે. સાથે 'જૂનાં-નવાં મૂલ્યો' 'આત્મહત્યાનું ભૂત,' 'શું આજનું બાળશિક્ષણ બોજ રૂપ છે?' 'માતૃભૂમિ પેલેસ્ટાઈન', 'યરુશાલેમ', 'લાલક્રાંતિ' અને 'પડઘા ઊઠે છે જનમતના' તેમાં ઉમેર્યા છે.

વાંચક વર્ગ તરફથી વારંવાર મારા લેખોને પ્રસંશતા પ્રત્યાઘાતો મળ્યા, એ બધાનો આભાર માનવાની તક લઉં છું. એથી પ્રેરાઈને જ આ લેખસંગ્રહ તૈયાર કરવાની પ્રેરણા મળી.

આશા રાખું છું, વાંચકમિત્રોને મારા 'શબ્દોના સૂર' ગમશે.

જે જે સંસ્થાઓએ મારા લેખનકાર્યને બિરદાવ્યું છે, એ બધાનો ખૂબખૂબ આભાર.

વડોદરા - બેન્જામિન સુવાર્તિક

# અર્પણ



જેમની છત્રછાયામાં
દેહ ધારણ કર્યો,
પ્રથમ શબ્દ ઉચ્ચાર્યો,
વિવિધ માર્ગદર્શન મેળવ્યું,
શરીર વિકાસ પામ્યો,
શિક્ષણ પ્રાપ્ત કીધું,
જ્ઞાનવૃદ્ધિ પામતો ગયો,
અને સવિશેષ
મુક્તિદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઓળખ થઈ.
એવું વિશાળ છત્રધારી મારાં માતપિતા
**સ્વ. મેરી સુલેમાન સુવાર્તિક**
**સ્વ. રેવ. સુલેમાન દાઉદ સુવાર્તિકને**
મારો પ્રથમ નિબંધસંગ્રહ
**શબ્દોના સૂર**
સપ્રેમ સહૃદયી સમર્પિત

# શબ્દોના સૂર

ક્રમાંક લેખ


૧. શબ્દોના સૂર

૨. સ્વાતંત્ર્યોત્તર વૈજ્ઞાનિક અને રાજકીય પરિબળોનો ભારતીય સંસ્કૃતિ પર પ્રભાવ

૩. સ્વદેશ - ત્યાગ શા માટે?

૪. વિશ્વશાંતિ

૫. આકાશમાં કદમ

૬. જૂનાં - નવાં મૂલ્યો

૭. આત્મહત્યાનું ભૂત

૮. શું આજનું બાળશિક્ષણ બોજરૂપ છે?

૯. માતૃભૂમિ પેલેસ્ટાઇન

૧૦. યરુશાલેમ

૧૧. લાલક્રાંતિ

૧૨. પડઘા ઊઠે છે જનમતના

## ૧

# શબ્દોના સૂર

'સૂર' શબ્દના અર્થ અવાજ, કંઠ, સ્વર-સંગીત સબંધી વગેરે થાય. આપણે જે 'શબ્દ' બોલીએ એનો 'અર્થ' નીકળે છે. અર્થ વિનાનો શબ્દ નાકામ બની જાય. જેવો શબ્દનો અર્થ એવી એની અસર અને જેવી એની અસર એવો એનો પ્રત્યુત્તર! શબ્દ મુખેથી ઉચ્ચારતાં અવાજ થાય. એ અવાજ, સૂર એની લાગણી પ્રમાણે ઉદ્‌ગારાય છે. એથી કેટલાક શબ્દો કાનને સાંભળવા ગમે અને કેટલાક ન પણ ગમે.

પવિત્ર બાઈબલ પ્રમાણે શબ્દમાં શક્તિ છે. શબ્દને ઈશ્વરસમ ગણવામાં આવ્યો છે. 'સૃષ્ટિના આરંભ પહેલાં શબ્દનું અસ્તિત્વ હતું.' યોહાન ૧:૧ એથી સર્વશક્તિમાન ઈશ્વરપિતાએ શબ્દના સહારે સમસ્ત વિશ્વનું સર્જન કર્યું, એટલે શબ્દ આકાશ, પૃથ્વી અને તેમાંનાં સર્વસ્વને રૂપ, જીવ, ગુણધર્મ આપવામાં મદદરૂપ થઈ પડ્યો. કેટલાક ઐતિહાસિક શબ્દો અમુક વ્યક્તિના અસ્તિત્વને તાજું કરાવે છે :

'સ્વરાજ એ મારો જન્મસિદ્ધ હક છે'

**- મહાત્મા ગાંધીજી**

'જો ગુલામી ખોટી નથી તો બીજું કશું ખોટું નથી.'

**- અબ્રાહમ લિંકન**

દેશ તમારા માટે શું કરી શકે એમ પૂછયા કરતાં તમે દેશ માટે શું કરશો એમ પૂછોને.

**- જોન કેનેડી**

એવા સદ્‌વિચાર અને ઉચ્ચ આદર્શોસમ શબ્દો સમાજને જીવવા યોગ્ય માર્ગદર્શન આપી શકે. જ્યારે ઉદ્દામ મનવાળા લોખંડી શબ્દો વ્યક્તિનામાં ઉશ્કેરણી કરી હિંસા હોળી પ્રગટાવી શકે.

૭૦'ના દાયકામાં રશિયામાં રહેલા મુસ્લિમ નેતા આયાતોલા ખોમાનીએ પોતાના શબ્દોની કેસેટો ઈરાનમાં મોકલી ઈરાનની પ્રજાને ત્યાંના રાજા શાહ સામે ક્રાંતિ કરવા ભડકાવી. થોડાં જ વર્ષોમાં ત્યાં ઈસ્લામિક ક્રાંતિ થઈ અને રાજા શાહના શાસનનો અંત આવ્યો. તેમાં રાજાના હજારો સમર્થકોને ફાંસીને માંચડે ચડાવી દેવાયા અથવા ગોળીએ દેવાયા.

'બંદૂકના નાળચામાંથી સત્તા જન્મે છે', એમ ચીનના વડા માઓ-ત્સે-તુંગ કહી ગયા. વિશ્વમાં સામ્યવાદીઓની જ્યાંજ્યાં સત્તા હતી ત્યાં તેમણે બંદૂકના જોરે એ કબજે કરી રાખેલી. એની સામે અમેરિકાના આઈઝન હોવરથી માંડી રોનાલ્ડ રીગન સુધીના બધા પ્રમુખોએ સામ્યવાદી દેશોની

મુલાકાત વેળા, ત્યાંની  સરકારોને ‘માનવહક’ બહાલ કરવા સલાહ આપ્યા કરેલી. એથી ત્યાંના દેશનેતાઓનાં ભવાં ચઢી જતાં પણ ત્યાંની પ્રજાની તેઓ ‘વાહવાહ’  મેળવી લેતા. ધીમેધીમે રૂસી પ્રજા અમેરિકી પ્રમુખ અને ત્યાંની પ્રજાને પ્રેમ કરતી થઈ ગઈ. રશિયાના વિશાળદિલ પ્રમુખ મિખાએલ ગુર્બાચોવે એને અનુમોદન આપતું બંધારણ તૈયાર કરી પોતાના દેશમાં પ્રથમ સામ્યવાદની લોખંડી દીવાલો તોડી નાખી. એ સાથે જ અનેક દેશોની પ્રજા સામ્યવાદના સાણસામાંથી નીકળી મુક્ત થઈ ગઈ. એ પેલા અમેરિકી પ્રમુખોના ‘શબ્દોના સૂર’નું પરિણામ હતું. એવા ઘણા સુજ્ઞ મહાનુભાવોના સુવિચાર જોઈએ :

‘દરેક પુસ્તક મને એક ચમત્કાર લાગે છે અને દરેક લેખક એક જાદુગર’

- મેકસીમ ગોર્કી

‘દસ લાખ વાંચકોની અપેક્ષા રાખીને લખે એને સફળતા વરે.’

- યોહાન ગુઈથે

‘સારાં પુસ્તકોનું વાંચન તે વિતેલી સદીઓનાં સર્વોત્તમ નરનારીઓ સાથે વાર્તાલાપ સમાન છે.’

- રેને દેકાર્ત

‘જગતમાં દુષ્ટતાનાં બળોને વિજયી બનવા માટે જરૂર ફક્ત એટલી છે કે કશું ન કરનારા ભલા માણસો પૂરતા પ્રમાણમાં નીકળે.’

- એડમંડ બર્ક

‘માણસને કશું કરવાનું હોય જ નહીં, તેમાં કશો આનંદ નથી; મજા તો એમાં છે કે કરવાનું ઘણું હોય, પણ માણસ તે કરે નહીં.’

- જોન રેપર

‘હલેસું હાથમાં લઈને ઝુકાવી નાવ સાગરમાં તરંગો જોઈ લેવાશે, તુફાનો જોઈ લેવાશે.’

- રતિલાલ ‘અનિલ’

‘ડહાપણનું મુખ્ય ધ્યેય માણસને અજ્ઞાનની બેવકૂફી સહન કરતાં શીખવવાનું છે.’

- ઝીસ્ટસ

‘સહુથી મોટું સ્થાપિત હિત મિલકત નથી પણ અજ્ઞાન છે.’

- વીલીયમ યોવાનોવીય

‘આભના સૂરજ, ચંદ્રને તારા, મોટા મોટા તેજરાયા; આતમનો તારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા!’

- ભોગીલાલ ગાંધી ‘ઉપવાસી’

‘દુષ્ટ માણસને એના જીવનમાં હોય છે તેના કરતાં વધુ આશા ભલા માણસને તેના મૃત્યુમાં હોય છે.’

- થોમસ ફુલર

‘એક ઝરણું જોઈને માની લેવું કે મહાસાગર ક્યાંક હશે - એનું નામ શ્રધ્ધા.’

- વિલ્યમ વોર્ડ

‘ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટીઃ જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની!’

- કલાપી

‘કોઈપણ કલાકૃતિની આખરી સફળતા તો એના દર્શકને પોતાને જ એક કલાકૃતિ બનવામાં સહાય કરવામાં રહેલી છે.’

- બરનાર્ડ બેરેન્સન

‘આપણે કાયદાનું બંધન સ્વીકારીએ છીએ, જેથી આપણે મુક્ત રહી શકીએ.’

- મારક્સ સીસેરો

‘કેટલાક કાયદાઓ લખાયેલા નથી, પણ તમામ લખાયેલા કાયદાઓના કરતાં તે વધારે અફર છે.’

- લુસીયસ સેનેકા

‘જગતમાં સૌથી મોટા ભ્રમમાંનો એક એ છે કે આ દુનિયાનાં દૂષણો કાયદાથી દૂર કરી શકાશે.’

- થોમાસ બ્રેકેટ રીડ

‘જલધિજલ ઉપર દામિની દમકતી, યામિની વ્યોમસર માંહી સરતી; કામિની કોકિલા કેલિ કૂંજન કરે, પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!’

- મણીશંકર ર. ભટ્ટ ‘કાન્ત’

‘ન ગભરાશો, દુઃખો! તમને નહીં બદનામ થાવા દઉ, મલકતા હોઠ કેરું આવરણ હું લઈને આવ્યો છું.’

- ‘સાકિન’ કેશવાણી

‘તમારું કામ પૂરા દિલથી કરજો અને તમે સફળ થશો - એમાં એટલી ઓછી હરીફાઈ છે!’

- એલ્બર્ટ હબ્બર્ડ

‘આવતી કાલે સારું કામ કરવા માટેની ઉત્તમ તૈયારી આજે સારું કામ કરવામાં છે.’

- એલ્બર્ટ હબ્બર્ડ

'પોતાનું કર્તવ્ય જેને લાધી ગયું છે તે ભાગ્યશાળી છે; બીજું કોઈ સદ્ભાગ્ય તેણે માગવાની જરૂર નથી.'

- થોમસ કોરલાઈલ

'મેરુ રે ડગે ને જેમાં મન નો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે;
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે.'

- ગંગા સતી

'બદનામ લોકો તમારી કીર્તિ ઝૂંટવી લઈ શકે એવી બીક રાખવી તે કેવી નરી મુરખાઈ છે!'

- લુસીયસ સેનેકા

'બધી જાતની કીર્તિ જોખમી છેઃ સારીથી ઈર્ષા પેદા થાય છે; ખરાબથી શરમ.'

- થોમસ કુલર

'એક વિદ્યાર્થીને, એ જેને વિશે વિચાર કરી શકે તેથી વધુ શિક્ષણ આપવું ન ઘટે.'

- આલ્ફ્રેડ નોર્થ વ્હાઈટહેડ

'અવરને શોધતાં વર્ષોનાં વર્ષો કેમ ના લાગે!
કે પોતાને ય જગમાં શોધતાં બહુ વાર લાગે છે.'

- અમૃત 'ઘાયલ'

'જોતાં શીખવા ઉપરાંત શીખવા જેવી એક બીજી કળા છે - જે નથી તે ન જોવાની.'

- મારીઆ મીચેલ

'પોતાનાં દુઃખો માટે બીજાને દોષ દેવો તે કેળવણીના અભાવની એધાણી છે; એ માટે પોતાની જાતને દોષ દેવો તે બતાવે છે કે જાતની કેળવણી શરૂ થઈ છે; અને ન પોતાને કે ન બીજાને દોષ દેવો તે દર્શાવે છે કે જાતની કેળવણી સંપૂર્ણ થઈ છે.'

- એપીકટેટસ

'માનવ ઈતિહાસ વધુ ને વધુ કેળવણી ને સર્વનાશ વચ્ચેની એક હોડ બનતો જાય છે.'

- એચ.જી. (હર્બટ જોર્જ) વેલ્સ

'શિક્ષણને કારણે પ્રજાને દોરવી સુગમ બને છે, હાંકવી મુશ્કેલ પડે છે; તેની પર શાસન ચલાવવું સહેલું થાય છે, તેને ગુલામ બનાવવી અશક્ય.'

- હેન્રી પીટર

'જે હાથ ભૂંસી શકે છે તે જ સાચી વસ્તુ લખી શકે છે.'

- મેઈસ્ટર એકહાર્ટ

'હું માનું છું કે હજી સુધી કોઈ પ્રજાએ ગુલામીની પીડા કદી વેઠી નથી-સિવાય કે તે એને લાયક હોય.'

- સેમ્યુઅલ એડમ્સ

'આ જિંદગી પાસેથી આપણને જે ઉત્તમ પારિતોષિક મળી શકે તેમ છે એ છે, કરવા જેવું કામ કરવા માટેની તક.'

- થોયોડોર રૂઝવેલ્ટ

'આપણી વિવેકબુધ્ધિ પરિપક્વ થતી જાય છે, આપણી કલ્પનાશક્તિ ક્ષીણ પડતી જાય છે. જીવનની વસંતનાં ફૂલો અને શરદનાં ફળો, બંનેને આપણે એકીસાથે માણી શકતા નથી.'

- થોમસ મેકોલે

'જન્મ અને મરણનો કોઈ ઈલાજ નથી - સિવાય કે વચલા ગાળાને ખૂબ માણી લેવો.'

- જોર્જ સાંનાયના

'જિંદગી એ ક્ષમાપનાની એક સાહસયાત્રા છે.'

- નોર્મન કઝીન્સ

'કટોરા ઝેરના પીતાં જીવું છું, એ વફાદારીઃ
કસોટી જો ગમે કરવી, બીજું પ્યાલું ધરી જોજો.'

- કપિલ ઠક્કર

'જિંદગીનાં પહેલાં ચાલીશ વરસ એ ગ્રંથનો મૂળ પાઠ પૂરો પાડે છે; પછીનાં ત્રીસ વરસ તેની પરનું વિવરણ.'

- આર્થર શોપનહોઅર

'જીવન એ અપૂરતી વિગતોમાંથી પૂરતાં તારણો કાઢવાની કળા છે.'

- સેમ્યુલ બટલર

'જીવન સરળ હોય તે માટે પ્રાર્થના ન કરશો; હજી વધુ ખમીરવંતા બનવા માટે પ્રાર્થના કરો! તમારી શક્તિના બરનું કાર્ય તમને મળે તેવી પ્રાર્થના ન કરશો; તમારાં કર્તવ્યોનો મુકાબલો કરી શકે તેવી તાકાત માટે પ્રાર્થના કરજો.'

- ફીલીપ્સ બ્રુક્સ

'જીવનનું મહાન કર્મ છે હોવું, કરવું, ચલાવી લેવું, અને ચાલતાં થવું.'

- જોન મારલે

'વંટોળિયામાં ઉડતી સ્મશાનની ધૂળ ગઈ કાલની આજે ઝૂલે છે ખેતરમાં ધાન્યકણસલું થઈને!'

- જગદીશ ત્રિવેદી

'જીવવું એ તો જગતમાં સૌથી વિરલ વસ્તુ છે, ઘણાખરા લોકો તો, બસ, અસ્તિત્વ ધરાવતા હોય છે.'

- ઓસ્કર વાઈલ્ડ

'જે કોઈ સ્થળે તમે જાવ ત્યાં જાણે તમારી બાકીની આખી જિંદગી ગાળવાના હો તે રીતે રહેજો અને ભલમનસાઈ બતાવવાની, એક સખુન બોલવાની કે એક મિત્ર બનાવવાની કોઈ જ તક જવા ન દેશો.'

- જોન રસ્કીન

'તમે શું એ જાણતા નથી કે, આપણે ચાહે તે કામ કરતા હોઈએ છતાં અંતે તો રોગ અને મૃત્યુ આપણને આંબી જ જવાનાં છે? તો, જે ઘડીએ એ તમને આંબી જાય ત્યારે તમે શું કરતા હો એવું ઈચ્છો છો? એ ઘડી આવી પહોંચે ત્યારે કશુંક વધારે સારું કરવાનું તમારી પાસે હોય - તો અત્યારથી જ તે કરવા માંડી જજો.'

- એપીકટેટસ

'દરેક દિવસમાં થોડુંક જીવન રહેલું છેઃ દરેક વખતે આપણે જાગ્રત થઈએ અને ઊઠીએ તેમાં એક નાનકડો જન્મ રહેલો છે, દરેક તાજગીભર્યું પ્રભાત થોડુંક યૌવન છે, દરેક વખતે આરામ કરીએ ને ઉંઘી જઈએ તે જરીક મૃત્યુ છે.'

- આર્થર શોપનહોઅર

'મહાન સિધ્ધિઓ મેળવવા માટે આપણે એવી રીતે જીવવું જોઈએ કે જાણે આપણે કદી મરવાના જ નથી.'

- લુક દ ક્લાપીએર્સ

'માનવજીવન એ એક વિશાળ, અસ્પષ્ટ, અપૂર્ણ મહાગ્રંથમાંના પાદટીપો જ છે.'

- વ્લાદીમીર નાબોકોવ

'રણ તો ધીરાનું ધીરાનું, નહિ ઉતાવળા કાયરનું,
ધીરવીર કો પ્રસંગ શોધે, સ્હેવા કષ્ટો ભાર;
જાણી જોઈને આફત વ્હોરે, રાજી ઘા લે ત્ર્યે...
ધાર્યું મેળવે વા ટકી રહે, વા તે મૃત્યુ પામે;
ત્રણેથી તેને બહુ જશ છે, શત્રુ ધન્ય કહે સમે.'

- નર્મદાશંકર દવે (નર્મદ)

'કોઈ પણ ઉમદા કાર્ય જોખમો સિવાય કરી શકાતું નથી.'

- મિશેલ મોન્તેઈન

'કોના દિલમાં હજી નિરાશા? કોણ હજી ફરિયાદ કરે ? કોણ એવા બુઝદિલ હજી અંધારી રાતો યાદ કરે?... છોડો એને; ચાલો, સાથી! ખુલ્લાં ખેતર સાદ કરેઃ દિશેદિશામાં ગાજે નોબત પ્રજાં તણા ઉત્થાનની!'

- નાથાલાલ દવે

'જોખમોની વચ્ચે જીવો. તમારાં નગરો જ્વાલામુખીનાં ચઢાણ પર બાંધો.'

- ફ્રેડરીક નીત્શે

'જિંદગીભર જીવતું આલાં જિગર આપો મને,
મુફલિસીમાં મ્હેકતું મગરૂર સર આપો મને,
નૂર આંજેલી નશાઘેરી નજર આપો મને,
પાય કેડી પાડતા, સાબૂત કર આપો મને,
ને સદા ગાતો જતો સ્હેલાણી સ્વર આપો મને.'

- મકરન્દ દવે

'આપણામાં જો કોઈ દોષ ન હોત તો બીજાઓમાં તે જોવામાં આપણે આટલો આનંદ ન લેતા હોત.'

- લા રોશકુકોલ્ડ

'નાના નાના દોષો આપણે કબૂલ કરીએ છીએ તે આપણી જાતને એવું મનાવવા કે આપણામાં મોટા દોષ નથી.'

- લા રોશકુકોલ્ડ

'જગતમાં સૌથી વધુ મહાત્વની વાત એ નથી કે આપણે ક્યાં ઉભા છીએ, પણ કઈ દિશામાં આપણે જઈ રહ્યા છીએ તે.'

- ઓલીવર વેન્ડલ હોમ્સ

'મારી મહત્વાકાંક્ષા એ હતી કે, અગાઉ કોઈપણ માણસ ગયો હોય તેનાથી આગળ જવું એટલું જ નહિ, પણ માનવી માટે શક્ય હોય તેટલું દૂર જવું.'

- જેઈમ્સ કુક

'અન્યાય વેઠવો એ પ્રમાણમાં સહેલું છે; જે કઠે છે તે તો છે ન્યાય.'

- હેનરી લૂઈ મેન્કન

'કોઈપણ માણસને અન્યાયપૂર્વક કેદ કરનારી સરકાર હેઠળ ન્યાયી માનવીનું સાચું સ્થાન પણ કેદખાનું છે.'

- હેન્રી ડેવીડ થોરો

'કોઈ પણ પ્રજા આટલું જાણે નહિ ત્યાં સુધી સમૃધ્ધ બની શકે નહિ - કે કવિતા લખવામાં જેટલું ગૌરવ છે એટલું જ ખેતર ખેડવામાં રહેલું છે.'

- બુકર વોશીંગ્ટન

'આ જમાનાની સાચી વિદ્યાપીઠ છે પુસ્તકોનો એક સંગ્રહ.'

- ટોમસ કારલાઈલ

'કેટલાંક પુસ્તકો ચાખવાનાં હોય છે, કેટલાંક ગળી જવાના હોય છે, અને કેટલાંકને ચાવી ને પચાવવાનાં હોય છે.'

- ફ્રાન્સિસ બેકન

'જેમ માનવીઓનું, તેમ પુસ્તકોનું - બહુ થોડાં ઘણો મોટો ભાગ ભજવતાં હોય છે; બાકીનાં ટોળાંમાં ગાયબ થઈ જાય છે.'

- વોલ્તેર

'માતાપિતા પાસેથી આપણે પ્રેમ અને ઉલ્લાસ પામીએ છીએ, એક પછી એક પગલું માંડતાં શીખીએ છીએ, પણ પુસ્તકો ખોલીએ ત્યારે ખબર પડે છે કે આપણને પાંખો ફૂટી છે.'

- હેલન હેઈઝ

'મૌલિક લેખક તે એ નહિ કે જે કોઈની નકલ કરતો ન હોય, પણ તે કે જેની કોઈ નકલ કરી શકે નહિ.'

- શાતોબ્રીયાં.

'કેટલા બધા લોકોએ કોઈ પુસ્તકના વાંચનથી પોતાના જીવનના નવાયુગનો આરંભ કરેલો છે!'

- હેન્રી ડેવીડ થોરો

'ઉંડા આર્તનાદે,
ઉંચા આશાવાદે યુવક જ ન હો! રાષ્ટ્ર રચવું.
પુરાતા પાયાના ચણતર મહીં પથ્થર થવું;
અમર ઈતિહાસે ભળી જવું.'

- દેશળજી પરમાર

'જેનામાં વાંચન માટે પ્રેમ ન હોય એવા રાજાના કરતાં, અનેક પુસ્તકોવાળા કાતરિયામાં વસતો ગરીબ માણસ બનવાનું હું પસંદ કરું.'

- ટોમસ મેકોલે

'બીજું કશું જ ન કરી શકવું. તેના કરતાં તો વાંચતાં-લખતાં ન આવડતું હોય તે સારું.'

- વીલીયમ હેઝલીટ

'ઉત્તમ સાહિત્ય એટલે જેની વાંચ્યા વગર પણ પ્રશંસા થઈ શકે તે.'

- જી.કે. ચેસ્ટરટન

'જીવતો દાટી કબરમાં એ પછી રડતાં રહ્યાં,
હું કબરમાં પણ, કરેલા પ્યાર પર હસતો રહ્યો.'

- જમિયત પંડ્યા

'કોઈ મહાન સાહિત્યકૃતિના સર્જન માટે બે બળો ભેગાં થવાં જોઈએ: માનવીનું બળ અને તે ક્ષણનું બળ.'

- મેથ્યુ આરનલ્ડ

❈ ❈ ❈

# સ્વાતંત્ર્યોત્તર વૈજ્ઞાનિક અને રાજકીય પરિબળોનો ભારતીય સંસ્કૃતિ પર પ્રભાવ

વિશ્વમાં દરેક દેશ અને તેની પ્રજાને તેઓનો પોતાનો ઈતિહાસ અને સંસ્કૃતિ વારસમાં મળેલાં છે. પોતાની સંસ્કૃતિ માટે કયો દેશ ગર્વ ન ધરાવે. પછી એ પ્રાચીન હોય કે અર્વાચીન. જેમ કે અમેરિકાના રેડ ઇન્ડિયનો અને આફ્રિકાના હબસીઓની જંગલી રહેણીકરણી માટે આજે પણ તેઓ ગર્વભેર રજુઆત કરે છે. એ સાથે ઘણા દેશોની પૌરાણિક સંસ્કૃતિ ખરેખર અભિનંદનને પાત્ર છે. એમાં ઈરાન, ઈરાક, ઈઝરાયલ, ચીન, ગ્રીસ, ભારત, મિસર અને રોમનો સમાવેશ કરી શકાય. સદીઓ પુરાણો ઈતિહાસ અને સંસ્કૃતિ તેઓને પ્રાપ્ત થયાં છે. છતાં સમયની રફતાર સાથે, ઘડિયાળને કાંટેકાંટે તેઓના દેશ અને લોકજીવનમાં ભારે પરિવર્તન આવી ગયું છે. સદીઓ પહેલાં તેઓની જે સંસ્કૃતિ હતી, એથી જુદી જ છાપ આજે એ બધા દેશોમાં જોવા મળે છે. એ છાપ કેવી રીતે ઉદ્‌ભવી? ક્યાં ક્યાં પરિબળોનો તેઓના દેશ અને લોકજીવન પર પ્રભાવ પડ્યો, એ અભ્યાસ રસિક બની રહે તેવો છે. એ અંગે આપણે ભારતની સંસ્કૃતિ અને એની વર્તમાન સ્થિતિ માટેનાં કેટલાંક જવાબદાર પરિબળો વિશે જોઈશું. આપણા દેશની સંસ્કૃતિ કેવી રીતે અસ્તિત્વમાં આવી અથવા ઘડાઈ તે અંગે ભારતના ભૂતકાળ તરફ એક નજર કરીશું.

મૂળે આપણા દેશની સંસ્કૃતિ સિંધુતટીય સંસ્કૃતિનાં નામે જાણીતી હતી. ઈ.સ. ૩૦૦૦ વર્ષ પૂર્વે એ આદ્ય સંસ્કૃતિ અથવા આર્ય સંસ્કૃતિ કહેવાતી તે પહેલા ભારતમાં દ્રવિડ સંસ્કૃતિ પણ હયાત હોવાનું ઈતિહાસ જણાવે છે. નવીનવી શોધખોળો ને પરિણામે ભારતની સિધુંતટીય સંસ્કૃતિને માન્ય રાખવામાં આવી છે. તે માટેનાં પુરાતત્વ નમૂનાઓ અને સાબિતીઓ આપણી પાસે મોજૂદ છે. એમાં શહેરોની સુવ્યવસ્થિત બાંધણી અને શિલ્પકલાઓનો સમાવેશ થાય છે. એ બાંધકામ અને કલાકારીગીરી પરથી તેઓનું લોકજીવન, ભાષા, ધર્મ વગેરે સમજવામાં મદદ મળે છે. ત્યારની સ્ત્રીઓ ને ઘરેણાં અને કેશકુફનનો શોખ હતો. ત્યારે તેઓની ભાષા પણ સમૃદ્ધ હોવાનું જણાય છે.

સિંધુતટીય સંસ્કૃતિ પછી ભારતની સંસ્કૃતિમાં ફેરફાર થતા ગયા. સમય પ્રમાણે અને પ્રજાના લોકજીવન પ્રમાણે તેમાં પરિવર્તન આવતું ગયું. મૂળ સંસ્કૃતિના સ્થાને પછી વૈદિક સંસ્કૃતિનો ઉદય થયો હોવાનું ઈતિહાસકારો માને છે. ત્યાર બાદ વેદોની રચના થઈ. વેદોની રચનાએ ભારતની સંસ્કતિને ચાર અવસ્થામાં વહેંચતી વ્યવસ્થા દર્શાવી છે. એ પ્રમાણે પ્રથમ અવસ્થા, બ્રહ્મચર્યાશ્રમ - જેમાં વ્યક્તિ ચારિત્ર્ય ઘડતર કરી મર્યાદામાં જીવન ગાળે. બીજી અવસ્થા, ગૃહસ્થાશ્રમ - જેમાં જીુવાનો લગ્ન કરી ઘરસંસાર માંડે. ત્રીજી અવસ્થા, વાનપ્રસ્થાશ્રમ - જેમાં વ્યક્તિ પોતાના જાહેર જીવન અને ધંધારોજગારમાંથી નિવૃતિ

મેળવે અને સમાજ સાથે રહી નિવૃતિનો શાંતિ સમય પસાર કરે. ચોથી અને છેલ્લી અવસ્થા પ્રમાણે વ્યકિત દુન્યવી બાબતોથી અલગ થઈ જાય, પ્રભુનું ભજન કરે. વૈદિક સમાજની આ કેવી અદભૂત વ્યવસ્થા! કેમ કે આમાંની કેટલીય બાબતો અત્યારના સમાજ સાથે ઓછાવત્તા અંશે વણાઈ ગઈ છે. આપણી આજની સંસ્કૃતિમાં વૈદિક છાપ જોવા મળે જ છે.

એ જ ચાર જીવન વ્યવસ્થા પરથી સમય જતાં ભરતમાં વર્ણ વ્યવસ્થા ઊતરી આવી. ૧. બ્રાહ્મણ - ધાર્મિક ક્રિયાકાંડ કરાવનારાઓનો વર્ગ. તેઓ સમાજમાં ધાર્મિક આગેવાની આપી, ધર્મની સેવા બજાવે. ૨. ક્ષત્રિય સમાજનુ રક્ષણ કરનારાઓનો વર્ગ. તેઓ લડાઈની તાલીમ લે અને લડાઈ મોરચે આગળ રહી પ્રજાનું રક્ષણ કરે. ૩. વૈશ્ય - વેપાર વાણિજ્ય અંગેનું કામકાજ સંભાળનારાઓનો વર્ગ. પ્રજાની જીવન જરૂરિયાતો અંગે જાણકારી મેળવી માલ અથવા નાણાની આપલે કરનાર. ૪. શુદ્ર - વસતિમાં સાફ સફાઈની સેવા કરનારાઓનો વર્ગ. તેઓ નગરની સ્વછતા જાળવવાની સેવા કરે. ત્યારના સમાજમાં આ ચાર વર્ગ પ્રજા અને નગરની વ્યવસ્થા જાળવવા પૂરતા હતા. તે વ્યવસ્થા કોઈ પણ જાતનાં કોમના ભેદભાવને ધ્યનમાં રાખીને કરવામાં આવી ન હતી. વળી એ સમયે લોકોમાં ઉંચનીચના ભેદભાવ હોવાનો કોઈ ઉલ્લેખ વાંચવા મળતો નથી.

છતાં એવા વર્ગજનોના ઉદ્‌ભવની વિચિત્ર કથા જાણવા મળે છે. જેમ કે બ્રાહ્મણ, યજ્ઞપુરુષના મુખમાંથી ઉદ્‌ભવ્યો, ક્ષત્રિય હાથમાંથી ઉદ્‌ભવ્યો, વૈશ્ય ઉરુમાંથી આવ્યો અને શુદ્ર તેના પગમાંથી ઊત્પન્ન થયો વગેરે. એટલે આ પ્રકારનાં તેઓના ઉદ્‌ભવની કથા અથવા તો તેઓની કાર્યપધ્ધતિને લીધે પાછળથી તેઓમાં ઉંચનીચના ભેદભાવ શરૂ થયા હશે. પણ શરૂઆતમાં તેઓના સમાજમાં કોઈ એવા ભેદભાવ હોવાની વાત જાણવા મળતી નથી.

સિંધુતટીય સંસ્કૃતિમાં ફેરફારની શરૂઆત ગૌતમ બુદ્ધે સ્થાપેલા બૌદ્ધ ધર્મથી થઈ હતી. ઈસુની છટ્ટી સદીમાં ગૌતમ બુદ્ધ થઈ ગયા. તેમનો જન્મ રાજકુટુંબમાં થયો હતો. તેમણે ભરજુવાનીમાં સંસાર ત્યાગી ધર્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. બધા માણસો સરખા છે, એ તેમનો ઉપદેશ હતો. એ સાથે તેમણે પોતાના નવા ધર્મસિદ્ધાંતો જ્ઞાન, શીલ અને સમાધિ અંગે શીખવ્યા. બુદ્ધના ધર્મસિદ્ધાંતોને જાદુઈ સફળતા મળી. કેમ કે તેમાં એ સમયના જીવન ધોરણના માળખામાં ક્રાતિકારી ફેરફાર દર્શાવતા સમાનતાના ધોરણની વાત કરવામા આવી હતી. પરિણામે બૌદ્ધ ધર્મનો ફેલાવો ઝડપથી ભારતભરમાં અને ભારત બહારના દેશોમાં થવા લાગ્યો. ભારતમાં તે વખતના સમ્રાટ અશોકે પણ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો.

બૌદ્ધ ધર્મ પછી મહાવીર સ્વામીના સિદ્ધાતો પર ભારતમાં જૈન ધર્મની સ્થાપના થઈ. તેમણે અહિંસાને કેન્દ્ર સ્થાને મૂકી. સત્ય, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્યના સિદ્ધાતો શીખવ્યા. એની પણ સારી અસર થઈ અને દેશમાં ઘણાએ એ ધર્મ સ્વીકાર્યો. પણ ભારત બહાર તેનો પ્રસાર થયો નહી.

અગાઉ આપણે જોયું કે આર્યોમાં વર્ણવ્યવસ્થા હતી. પણ ઊંચનીચના ભેદભાવ ન હતા. એ એક પ્રાચીન  સંસ્કૃતિ હતી. છતાં આદર્શ અને સર્વમાન્ય સંસ્કૃતિ હતી. વખત જતાં માનવ જેમજેમ શિક્ષિત બનતો ગયો તેમતેમ તેનામાં દૂષણો ઉતરી આવ્યાં. એથી પાછળથી બ્રાહ્મણ અને શુદ્રના ભેદભાવ છતા થયા, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણ વર્ગના લોકો ઊચ્ચ વર્ગના ગણાવા લાગ્યા. જ્યારે ફક્ત શુદ્રને હલકા ગણવામાં આવ્યા એ કેવું  દયાજનક કહેવાય!  ઉપરનાં ત્રણ વર્ગના લોકો શુદ્રોની સાથે કામ અને નાણાની લેવડદેવડ સિવાય બીજો કોઈ સંબધ રાખતા નહિ. શુદ્રોને મંદિરમાં જવાની છૂટ ન હતી. એથી પણ કફોડી સ્થિતિ શુદ્રોની ત્યારે સર્જાઈ, જ્યારે તેઓને તેમના હલકા કાર્યને લીધે અસ્પૃશ્ય ગણવામાં આવ્યા. ગામમાં તેઓને કોઈ અડતું નહિ. છતાં કામ કરાવી તેઓની ઉપર જબરજસ્તી થતી. એથી વેઠપ્રથા શરૂ થઈ.

સપ્તસિંધુના પ્રદેશમાં પાંગરેલી સિંધુતટીય સંસ્કૃતિના આ તૈયાર થયેલા સમાજે વખત જતાં એક નવું નામ  ધારણ કર્યું. તેઓ જે પ્રદેશમાં વસતા હતા, તે હિંન્દુસ્તાન કહેવાયો અને એ પરથી એમનો ધર્મ હિંદુ કહેવાવા લાગ્યો. એવી સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિ પર ઈ.સ. પૂર્વે ૧૫૨૬ - ૧૭૬૧ અફઘાનિસ્તાનના મોગલ બાદશાહોએ સત્તા સંપાદન કરી. તેઓનો સમાજ અને ધર્મ ભારતથી તદન ભિન્ન પ્રકારના હતા. તેઓ આપણા દેશમાં  મુસલમાન ધર્મ લાવ્યા. એ સાથે ભારતમાં પરદેશીઓનું આગમન થયું. તેમાં પોર્ટુગલીઓ, ફ્રાસીસીઓ અને બ્રિટીશીઓનો સમાવેશ  થતો હતો. તેમાં ભારતમાં સત્તા હાંસલ કરવા બ્રિટીશીઓને વધુ સફળતા મળી. તેઓએ ૧૬૫૭ - ૧૯૪૭ સુધી દેશને પોતાના હવાલામાં રાખ્યો. આ નવા પરદેશીઓ પોતાની સાથે ખ્રિસ્તી ધર્મ લઈ આવ્યા.

આપણા દેશમાં તૈયાર થયેલા હિંદુ ધર્મ સામે બીજા બે નવા ધર્મો આવીને ગોઠવાઈ ગયા. હિંદુ, મુસલમાન અને ખ્રિસ્તીઓ ભિન્ન સિદ્ધાંતો પર રચાયેલા હોય તેમનો સમનવ્ય હિંદુસ્તાનમાં થવા લાગ્યો. ભારતમાં હિંદુ મંદિરોની સાથેસાથે આપણી ભૂમિ પર મસ્જિદ અને ગિર્જાઘરો ઊભાં થવા લાગ્યાં. બીજા ધર્મોની અસર સાથે જીવતાં આપણા સમાજ અને સંસ્કૃતિમાં કેટલાક ફેરફાર આવ્યા. બીજા ધર્મોની સામે પોતાના સમાજ અને સંસ્કૃતિને ટકાવી રાખતાં, હિંદુઓ એ બધા પ્રત્યે સહિષ્ણુ બન્યા. અત્યારે જે ધાર્મિક અસહિષ્ણુતા દેશમાં જોવા મળે છે, એવી તો ક્યારેય ન હતી.  એની ઈતિહાસ સાક્ષી પૂરે છે. દરેક ધર્મના લોકો ત્યારે પ્રેમ અને સહકારથી જીવતા અને પોતપોતાની સંસ્કૃતિને જીવાડી જાણતા. આર્યોએ શરૂ કરેલી અને સમયના વહેણમાં ફેરફાર સાથે ટકી રહેલી હિંદુ સંસ્કૃતિ ભારતમાં બીજા  ધર્મોની સામે ટકી રહી એ એક અદ્‌ભૂત બીના કહેવાય. હિંદુસ્તાનનું નામ કરણ ભારત થઈ ગયું તો ય આજે ભારતમાં હિંદુ સંસ્કૃતિ અડીખમ ઊભી છે.

૨૦મી સદીની શરૂઆતે ગાંધીજીએ ભારતમાં અંગ્રેજોના પરદેશી શાસન સામે આઝાદીનું

રણશિગડું ફૂક્યું. તેમની સાથે દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, બાળગંગાધર તિળક, સુરેન્દ્રનાથ બેનરજી, ગોપાળકૃષ્ણ ગોખલે, લાલા લજપતરાય, મહમદઅલી ઝીણા, જવાહરલાલ નહેરૂ, વલ્લભભાઈ પટેલ વગેરે જોડાયા. તેઓએ ભારતમાથી અંગ્રેજોની સત્તા ઉખાડી નાખવા અસહકારની અહિંસક લડત શરૂ કરી. એ આઝાદીની લડતમાં ભારતનાં સર્વ ભાઈબેનો - હિંદુ,મુસલમાન, શીખ, પારસી, જૈન, ખ્રિસ્તી અને બૈદ્ધ સાથેસાથે રહ્યાં હતાં. અંગ્રેજોના લગભગ ૩૦૦ વર્ષના શાસનમાં આ બધા ધર્મના લોકો વચ્ચે અજાયબ એકતા જોવા મળી હતી. એમ બધાની એકતા અને પ્રજાના અદમ્ય જુસ્સા  સામે અંગ્રજો દેશ છોડી ગયા અને આપણો દેશ આઝાદ બની ગયો.

એવા એખલાસભર્યા વાતાવરણને અંગ્રેજો દૂષિત કરીને ચાલ્યા ગયા. કેમ કે તેઓ પારખી ગયા હતા કે ભારતીઓના એ એકતા એ જ એમની શક્તિ હતી. એ શક્તિ તોડી પાડવા ધર્મધર્મ વચ્ચે વૈમનસ્ય ફેલાવવા અંગ્રેજોએ પેંતરો રચ્યો. તેમણે સ્વાતંત્ર્ય સેનાની મહમદઅલી ઝીણા સાથે સાઠગાંઠકરી, તેમને મુસલમાનો માટે પાકિસ્તાનનું અલગ રાજ્ય માગવા રાજી કરી લીધા. પરિણામે ગાંધીજીને મનદુઃખ સાથે એ સામે ઝૂકી જવું પડ્યું. એમ આપણા દેશના હિંદુસ્તાન અને પાકિસ્તાન એવા બે ભાગ થઈ ગયા. એ જ વૈમનસ્યમાંથી હજી આપણે બહાર નીકળી શકતા નથી. કેટલાય ભારતમાં રહેતા મુસલમાનો પાકિસ્તાન પ્રત્યે કૂણુ વલણ ધરાવે છે. એથી ભારતના કેટલાક હિંદુઓ અને અન્યધર્મીઓ પણ બધા જ મુસલમાનોને એક જ  ત્રાજવામાં તોળવાનો પ્રયાસ કરે છે. એથી આપણી એકતા દિવસેદિવસે તૂટતી જાય છે.

આઝાદી પછી જ ભારતમાં હિંદુ - મુસ્લિમ રમખાણો ફાટી નીકળ્યાં હતાં. તેમાં લાખો માણસો ઘરબાર વિનાના થઈ ગયાં હતાં. ઘણાની મિલ્કત લૂંટાઈ ગઈ હતી. કેટલાય પરિવાર જનો કોમી આગમાં હોમાઈ ગયાં હતાં. ઘણી સ્ત્રીઓ વિધવા બની હતી અને ઘણા માતપિતા બાળકો વિનાનાં, તો કેટલાય બાળકો અનાથ બની ગયાં હતાં. એ જ બાબતને કારણે આખરે ગાંધીજીને ગોળીએ દેવાયા.

આ બધી પરિસ્થિતિમાં આપણા દેશની સંસ્કૃતિ ઘડાતી ગઈ. એ સિંધુતટીય સંસ્કૃતિના મૂળ સ્વરૂપે જારી રહી નહી પણ વખતોવખત તેમાં દેશની રાજકીય પરિસ્થિતિ અને  લોકોની માન્યતા પ્રમાણે ફેરફાર થતા ગયા. ફરી દેશમાં કોમી એકતા આકાર લેવા માંડી. હિંદુ, મુસ્લિમ, શીખ, પારસી, બૌદ્ધ, જૈન, અને ખ્રિસ્તી બધા પ્રેમ ભાવથી રહેવા લાગ્યા. ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો બધા લોકો સાથે મળી ઉમંગથી ઉજવતા. આપણા દેશે સૌના સહકારથી વિકાસની કેડી પર પગરણ માંડ્યાં. દેશના જુદાજુદા રાજ્યોના લોકોની ભિન્નભિન્ન માતૃભાષા તરેહતરેહનો પોષાક અને વિવિધ ધર્મો છતાં દેશભક્તિ માટે બધાની સમાન ભાવના પરદેશના લોકોને દઝાડે તેવી હતી.

જેમ આપણે જાણીએ છીએ તેમ સત્તા અને પૈસો માણસને ભાન ભૂલાવે છે. ધીમેધીમે આપણા રાજકીય નેતાઓમાં ખુરશીનો મોહ જાગ્યો અને સત્તાનો સ્વાર્થ વધવા માંડ્યો. તેથી તેઓએ સત્તા હાંસલ

કરવા રાજકીય પ્રપંચો કરવા માંડ્યાં. દેશની એકતા અને અખંડિતતા માટે જે મૂલ્યો જળવાઈ રહ્યાં હતાં, તેને ધોઈપીવાની રાજકારણીઓએ તૈયારી કરી. ફરી એક વાર કોમી ઝેર લોકોના મનમાં રેડવામાં આવ્યું. પ્રજાનું ગમે તે થાય પણ મને સિંહાસન મળવું જ જોઈએ; એ તેઓની નેમ હતી. જે નીતિ અંગ્રેજોએ અપનાવી હતી, એવી હીન નીતિનો દેશવાસીઓએ આશરો લીધો, એ કેવું શરમજનક કહેવાય! એથી દેશમાં કોમવાદી સંસ્થાઓએ જોર પકડ્યું. તેઓ રાજકારણમાં પણ ભાગ લેવા લાગ્યા. અવી સ્થિતિને તો કારણમાત્ર જોઈએ.

૧૯૬૮માં ઈઝરાયેલમાં આવેલી અલ અકસા મસ્જિદને કોઈએ આગ લગાડી. એ અંગે બધા દેશોમાં મુસ્લિમો મારફતે દેખાવો યોજાવા લાગ્યા. આપણા મુસ્લિમોએ પણ એવા દેખાવો મોટામોટા શહેરોમાં યોજ્યા. પરિણામે દેશમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં. એમ આપણી સર્વધર્મ ભાવનાનો છેદ ઊડી ગયો. એનો લાભ લઈ રાજકીય પક્ષોએ કોમી ભાવનાને વધુ ભડકાવી એટલે હવે તો આપણા દેશમાં કોમી અરાજકતા એ સામાન્ય બાબત બની ગઈ છે. હવે મોટા ભાગના રાજ્યોમાં વર્ષમાં એકવાર એવાં તોફાનો થાય છે અથવા રાજકારણીઓ મારફતે કરાવવામાં આવે છે.

એવી સ્થિતિમાંથી બહાર આવવું મુશ્કેલ છે. કેમ કે હિંદુ અને મુસ્લિમ બંનેને તેઓની ખાસ સંસ્થાઓ  મારફતે ઉકસાવવામાં આવે છે. વળી એવી સંસ્થાઓને ખાસ ધંધાદારીઓ અને રાજકારણીઓ ટેકો છે. આ બે ધર્મો વચ્ચે ઘર્ષણ થયા બાદ શીખોએ પણ હિંદુ સમાજમાં પોતાની સંડોવણી અંગેનાં બંધારણને પડકાર્યું હતું. એટલું જ નહી પોતાના અલગ અને સ્વતંત્ર ખાલીસ્તાનની તેઓ ચળવણ ચલાવી રહ્યા છે. આજ સુધી ધર્મના નામે  દેશમાં હજારો લોકો માર્યા ગયા છે અને લાખો નિરાધાર બની ગયા છે. ધર્મના નામે લોકો ઉઘાડે છોગ મત માગવા નીકળે છે. પ્રજા પણ એવા પ્રપંચમાં ફસાઈ રાજકારણીઓની વાતને સમર્થન આપે છે, એ દુઃખની વાત છે. દેશમાં આજે ધર્મઝનૂન ફેલાઈ રહ્યું છે. એથી દેશની બિનસાંપ્રદાયિક રાજ્યવ્યવસ્થા સામે ખતરો ઊભો થયો છે. એવી અરાજકતામાં ભારતનાં બે માજી વડાપ્રધાનો ઈંદિરા ગાંધી અને રાજીવ ગાંધી હોમાઈ ગયાં. છતાં એમાંથી કંઈ બોધપાઠ લીધા વિના આપણો દેશ હિંસાહોળીમાં આળોટતો જાય છે.

આવી પરિસ્થિતિને કારણે આપણા દેશની કલા, મિલનસભર ઉત્સવ ઉજવણી અને અહિંસક લોકજીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. કેટલીક જગ્યાએ ઉત્સવ ઉજવણી નિમિત્તે જ કોમી રમખાણો દેખા દે છે, એને કોણ નાથે? હજુ તો આવતી કાલે શું વિતશે એની કોને ખબર, પણ જાણે એની પૂર્વતૈયારી આપણે કરી રહ્યા છીએ. જે રીતે દેશનેતાઓ પોતાને મનફાવે તેવા મનમતાંતરો ઊભાં કરાવી દેશની સંસ્કૃતિને કોઈ ખાસ ઢાંચામાં ઢાળવા પ્રયત્ન કરી રહ્યા છે. એવું આપણી સરકાર સબંધી પણ કહી શકાય. આપણો દેશ બિનજોડાણની નીતિમાં માનતો આવ્યો છે. છતાં રશિયા સાથે મૈત્રી કરારો રાખી, અગાઉની આપણી સરકારોએ દેશને રૂસી અસરવાળી વિદેશનીતિ અને સામ્યવાદ તરફે કૂણી લાગણી જગાડવા ભગીરથ

પ્રયત્નો કર્યા હતા. દુ:ખની વાત એ છે કે રશિયાનો એ સામ્યવાદ ભારતમાં પ્રસારે તે પહેલાં જ કબરમાં દફનાવાઈ ગયો છે. વિદેશનીતિમાં આપણે રશિયા અને તેના મિત્ર દેશો તથા આરબો સાથે સારા સબંધો રાખ્યા ત્યારે રશિયાનાં પ્રતિસ્પર્ધીઓ અમેરીકા સાથે આપણા સબંધો રાખવા પૂરતા હતા, એમ કહીએ તો ચાલે.

આપણા લોકોને ધર્મ અને ઈશ્વરમાં અપૂર્વ શ્રદ્ધા છે. ત્યારે સામ્યવાદ નાસ્તિકવાદને પ્રોત્સાહન આપે છે. તેઓ ઈશ્વરની વાતને હાસ્યાસ્પદ ગણે છે. રશિયાના સામ્યવાદની થોડી ઘણી અસર આપણા દેશમાં જોવા મળે છે. આપણા દેશમાં કેટલાક લોકો પોતાને બૌદ્ધિકવાદમાં માનતા હોવાનું જણાવે છે. તેઓ કોઇ પણ ઈશ્વરીય અથવા ચમત્કારિક શક્તિમાં માનતા નથી અને પોતાનો મત બીજાઓને સમજાવતા જાય છે.

રશિયા તરફની કૂણી લાગણીને લીધે જ આપણે આરબો સાથે સારા સબંધ રાખ્યા અને આરબોના દુશ્મન ગણાતા ઈઝરાયલ સાથે રાજદ્વારી સબંધો બાંધ્યા ન હતા.

વળી ખરાખોટામાં આપણે આરબોની પડખે રહ્યા છીએ. એટલે જ ઇરાકના સદામહુસેનની છેવટ સુધીની આડોડાઇ છતાં આપણી સરકારે તેમના વિરૂદ્ધમાં એક હર્ફ ઉચ્ચાર્યો ન હતો. એથી ઉલ્ટું ઘર આંગણે પાકિસ્તાન જેવા મુસ્લિમ રાષ્ટ્ર સાથે આપણા સબંધો તંગ રહ્યા કરે છે. વળી એ જ પાકિસ્તાનના પ્રશ્ને આપણા આરબ મિત્રોનો મત આપણાથી ભિન્ન થઇ જાય છે!

આપણી આ રાજકીય નીતિને કારણે ઘણા આરબ અને આફ્રિકાના વિદ્યાર્થીઓને આપણા દેશમાં વધુ અભ્યાસની સગવડો આપીએ છીએ. તેઓ પોતાની સાથે તેમના દેશની કલા અને સંસ્કૃતિ લઇ આવી આપણા દેશમાં પ્રદર્શનો યોજે છે. અથવા તેમના જાહેર જીવનમાંથી પ્રેરણા મેળવી આપણા ઘણા જીુવાનો તેમનું અનુકરણ કરે છે. જેમ કે તેમના જેવાં કપડાં પહેરવાં અને તેમના જેવાં નૃત્યો કરવાં વગેરે. આપણા ઘણા લોકોને આરબદેશોમાં ધંધોરોજગાર પ્રાપ્ત થયાં છે. એથી પણ કેટલાક લોકો ત્યાંની બાબતો આપણા દેશમાં લાવી આપણી સંસ્કૃતિ સાથે મેળ જમાવા પ્રયત્ન કરે છે.

એમેરિકા સાથે આપણે બહુ ગાઢ સબંધો તો નથી જ. છતાં અમેરિકા એ મહાસત્તા છે. વળી એ દુનિયાનો ધનાઢ્ય દેશ કહેવાય છે. એનાથી આકર્ષાઈ આપણા ઘણા ભણેલાગણેલા લોકો ત્યાં પૈસા કમાવા જાય છે. કેટલાક અભ્યાસ માટે અને વેપારધંધા અર્થે પણ જાય છે. તેમાંના ઘણાએ તો ત્યાં નાગરિક હકો પ્રાપ્ત કર્યા છે. એ બધા મોટે ભાગે ત્યાં અમેરિકી પ્રજાની રીતભાત અને રિવાજો જોઈ, આપણી સંસ્કૃતિ સાથે મિલાવવા પ્રયત્ન કરે છે. એમની ભાષા, ત્યાંનો પહેરવેશ અને ત્યાંનો ખોરાક એ જાણે તેમનું જીવન બની ગયું છે. છતાં ત્યાં ભારતીયો સાથે મળે છે, ત્યારે પોતાની સંસ્કૃતિ દર્શાવવા પ્રયત્ન કરે છે. એમ જીુદાજીુદા લોકોના સંપર્કથી આપણી આજની સંસ્કૃતિ બદલાતી જાય છે.

આપણી હોટલો અને રેસ્ટોરાંમાં હવે મોર્ડન ડાન્સ થવા લાગ્યા છે. કૌટુંબિક અને સામાજિક પ્રસંગોમાં હવે પશ્ચિમી ડાન્સ અને પાર્ટીઓને સમર્થન મળતું જાય છે. નવરાત્રીના ગરબાઓમાં પણ હવે તાળીઓના અસલ ગરબાને સ્થાને ડિસ્કો ગરબા યોજાવા લાગ્યા છે. પોષાકમાં તો આપણો યુવાવર્ગ ફેશનનો આગ્રહી રહ્યો છે. હવે કોણ ધોતી અને ઝભ્ભો પહેરે? મોર્ડન પેન્ટ, શર્ટ, ટીશર્ટ અને ફ્રોક,સ્કર્ટ-બ્લાઉઝ વગેરે જુવાનો પહેરે છે. સાથે સાડી, પંજાબી જેવા ભારતીય પોષાકો પણ વપરાય છે. ભાષાઓમાં અંગ્રેજીનું સ્થાન ઊંચુ છે. કેમ કે દેશ-વિદેશના સંપર્કમાં એ મહત્વનું માધ્યમ છે. શાળા, મહાશાળા અને કોલેજોમાં અંગ્રેજીનું શિક્ષણ આપવામાં આવે છે. તહેવારોમાં બધા પોતાના તહેવારો ધામધૂમથી ઉજવે છે. દેશનેતાઓ મારફતે મુખ્ય તહેવારો જાહેરમાં ઉજવવાની સારી પ્રણાલી અપનાવવામાં આવી છે. દિવાળીમાં દારૂખાનું ફોડવાની હિંદુ સંસ્કૃતિ હવે ખાનગી પ્રસંગો અને અન્યધર્મ તહેવારોમાં પણ ઉપયોગમાં લેવાય છે. જ્યારે વારતહેવારે કેક અને કાર્ડની ખ્રિસ્તી પ્રણાલી ઘણા લોકોએ અપનાવી છે. એ જ રીતે ઘર શણગારવાની પ્રથા પર અસરપરસ મિલાવટથી વિવિધ સ્થળોએ જોવા મળે છે.

ઘણીખરી મિલાવટ પછી આપણે દેશી ઝભ્ભો નવાનવા રૂપે પુરુષો ઉપયોગમાં લેતા રહ્યા છે. એ જ રીતે સ્ત્રીઓની સાડી આજે પણ અમર છે. હિંદુ સ્ત્રીઓના ચાંલ્લા અને સિંદુરની પ્રથા ઘણાએ સ્વીકારી છે. કેટલાંક પરદેશી યુવાનોએ પણ આપણા પહેરવેશ અને ચૂડી ચાંદલાને આવકાર્યા છે. સ્ત્રીઓમાં બોબ્ડ હેરની ફેશન આવ્યા પછી પણ મોટા ભાગની સ્ત્રીઓ લાંબા વાળ રાખે છે અને આરામથી એનો એટલો ગૂ ંથે છે.

જેવી રીતે રાજકીય પરિસ્થિતિએ દેશના લોકજીવન, સ્થાપત્ય, કલા અને ધર્મ પર અસર કરી, એ જ રીતે આપણી આઝાદીની સાથેસાથે અને પછી થયેલાં વૈજ્ઞાનિક સંશોધનો દેશમાં પરિવર્તનકારી રહ્યાં છે. આઝાદીની પૂર્વે જ યંત્રોની શોધ થઇ ગઇ હતી. વરાળ કોલસો અને પેટ્રોલ વડે ચાલતાં યંત્રો શોધાયાં અને વિકાસ પામતાં ગયાં. ત્યારે આપણો દેશ મુખ્ય ગૃહઉદ્યોગ પર નભતો હતો. એથી એવાં યંત્રો આપણા દેશમાં વ્યાપક પ્રમાણમાં વાપરવાં કે કેમ, એ એક ચર્ચાનો વિષય હતો. ખુદ ગાંધીજી યંત્રવાદના વિરોધી હતા. કેમ કે યંત્રોથી ગામેગામના ગૃહઉદ્યોગો ભાગી પડશે, એવો તેમને ડર હતો.

જો આપણે યંત્રો દેશમાં ન સ્વીકારીએ તો પરદેશોમાં યંત્રો મારફતે ઉત્પાદન વધી જાય, જ્યારે આપણે ઉત્પાદનમાં પાછળ રહી જઈએ. પરિણામે આપણે પરદેશથી માલ આયાત કરવો પડે. એટલે આપણી સરકારે યંત્રવાદને સમર્થન આપ્યું. કેમ કે સમયની સાથે કદમ મિલાવવા જ પડે. ઉત્પાદનમાં આપણે પણ બીજા દેશોની માફક વિકાસ કરવા લાગ્યા. વળી દેશમાં વધતી જતી વસતિને ધ્યાનમાં રાખી જીવનજરૂરિયાતની ચીજોનું ઉત્પાદન વધારવું જરૂરી હતું. શરૂઆતમાં જરૂરી મીલ અને કારખાનાનાં યંત્રો આપણે પરદેશથી આયાત કરતા હતા. વખત જતાં એવાં યંત્રો અને એના ભાગો આપણે દેશમાં જ બનાવવા

લાગ્યા. કાપડઉદ્યોગમાં તો ભારતે કમાલ કરી નાખી! ખૂબ પ્રમાણમાં અવનવું કાપડ ભારતમાં જ તૈયાર થવા લાગ્યું. ગુજરાતના અમદાવાદે કાપડ ઉદ્યોગમાં નામના કાઢી. ત્યાંની સોએક મિલોમાં રોજના હજારો કાપડના તાકા તૈયાર થતા હતા. આપણે ઉંચી જાતનું સારું કાપડ બનાવી પરદેશ નિકાસ કરવા લાગ્યા. કેટલાક સમયથી કાપડનો ભરાવો થતાં અને અપુરતા કોલસાને કારણે ઘણી મિલો હમણાં બંધ પડી છે.

વરાળ યંત્રોમાં વપરાતા અઢળક કોલસાને લીધે દેશમાં તેની તંગી વરતાવા માંડી. એથી ડિઝલ અને વિજળી વડે ચાલતાં યંત્રો અસ્તિત્વમાં આવ્યાં. વધુ ઉર્જા ઉત્પન્ન કરવા યુરેનિયમની જરૂર પડે છે. એ આપણે પરદેશો પાસેથી મેળવીએ છીએ. આપણી વિદેશનીતિને કારણે એ મેળવવામાં આપણને મુશ્કેલી પડે છે. પણ સમય અને સંજોગો પ્રમાણે આપણે અમેરિકા, ફ્રાંસ અને રશિયા પાસેથી એ મેળવી આપણું કામ ચલાવી રહ્યા છીએ.

આપણો દેશ વર્ષોથી અંધશ્રદ્ધામાં જીવતો આવ્યો છે. અંગ્રેજોના શાસનના સમયમાં તેમાં થોડો ઘણો ફેરફાર થયો હતો. કેમ કે ‘સતી પ્રથા’ અને ‘છોકરીને દૂધ પીતી કરવી’ જેવા કુરિવાજોમાં લોર્ડ બેન્ટિંગ અને રાજા રામ મોહન રાયે સુધારાવાદી પ્રવૃતિઓ હાથ ધરી હતી અને તેઓ તેમાં સફળ થયા હતા. વૈદ્યકીય ક્ષેત્રે અત્યારે જે સગવડો ઉપલ્બધ છે, એ વર્ષો પહેલાં ન હતી. પરિણામે મેલેરિયા, કોલેરા, ફલ્યુ, શીતળા અને ટી.બી. જેવી બીમારીથી હજારો માણસો મૃત્યુ પામતાં. કોલેરા અને મેલેરિયા વખતે થતા સામુહિક મરણથી લોકો એને દૈવી કોપ સમજતા અને દેવદેવીઓને ખુશ કરવા બલિદાન ચઢાવતા. એવાં બલિદાનોમાં જાનવરો અને ક્યારેક માણસનો બલિ પણ ચઢાવવામાં આવતો. જેમજેમ વૈદકીય ક્ષેત્રે નવીનવી દવાઓ અને વાઢકાપનાં સાધનો પ્રકાશમાં આવ્યાં, તેમતેમ લોકોનું એવું અજ્ઞાન દૂર થવા લાગ્યું. લોકો દવાખાનાંઓમાં સારવાર માટે આવવા લાગ્યાં. પરિણામે આપણે કોલેરા, ટી.બી. અને મેલેરિયા જેવી બીમારી પર કાબૂ કરી શક્યા છીએ. તેમ જ શીતળાને દેશવટો આપવામાં સફળ થયા છીએ.

વિજળી, માઈક્રોફોન, રેડિયો, ટેલિફોન, ટેલિવિઝન કોમ્પ્યુટર વગેરે અનેક ઈલેક્ટ્રીક ઉપકરણો એ વિજ્ઞાનની ભેટ છે. વિજળીથી આપણે ઘર અને રસ્તા પ્રકાશિત કરી શક્યા છીએ. એ જ વિજળીના નાના રંગબેરંગી ગોળાઓની રોશનીથી આપણાં કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક પ્રસંગોને આપણે શોભાયમાન કરીએ છીએ. ફાનસના ઝાંખા પ્રકાશના દિવસો હવે ચાલ્યા ગયા છે. કેમ કે ગામડાંઓમાં પણ વિદ્યુત પહોંચતી કરવામાં આવી છે. વિજળીની રોશનીથી હવે વાર તહેવારે આપણા ઘરો, ધાર્મિક તહેવારોમાં મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારો અને ચર્ચ તેમ જ રાષ્ટ્રીય તહેવારોમાં ગામ અને શહેરની સરકારી ઈમારતો ઝગમગાવીએ છીએ. વીજળીની રંગબેરંગી રોશની સાથે સી.ડી.પ્લેયર અને કેસેટ પ્લેયર મારફતે ગીત સંગીતની ધુન માઈક્રોફોન દ્વારા ગુંજતી થઈ જાય છે.

માઈક્રોફોન વડે અવાજને દૂર સુધી પહોંચાડવામાં મદદ મળી છે. એથી નેતાઓ અને સાધુસંતોની

વાણી આપણે એક સાથે ઘણા લોકોને સંભળાવી શકીએ છીએ. આપણા આચારવિચાર અને ધર્મપ્રચારને છૂટથી બીજાઓ સુધી પહોંચાડવાનું સરળ બન્યું છે. રેડિયો પણ એ જ રીતે એક સાથે હજારો ગામો અને શહેરોમાં અને અનેક દેશોમાં પોતાના કાર્યક્રમો સંભળાવે છે. તેમાં ય વળી આ દિવસોમાં ટેલિવિઝન આપણા દેશના શહેરેશહેર અને ગામેગામ પહોંચી ગયું છે. પહેલાં તો રેડિયો મારફતે આપણે ગાતી અથવા બોલતી વ્યક્તિનો અવાજ સાંભળતા હતા. હવે એ વ્યક્તિને આપણે ટી.વી.ના પડદે નિહાળી શકીએ છીએ. ટી.વી. પર આપણા દેશના નેતાઓ, સિનેમાના કલાકારો, રમતવીરો અને દેશ પરદેશના જુદા જુદા લોકો આપણે જોઈ શકીએ છીએ. એ બધા જુદા જુદા લોકોનો પહેરવેશ, એમની ભાષા અને એમના વિચારો આપણી સંસ્કૃતિ ઘડવામાં મદદરૂપ થાય છે. કેમ કે તેઓની ઘણી સારી વાતો જોઈ આપણે એ આપણા જાહેર જીવન માટે અપનાવી શકીએ છીએ. રમતક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અને ઔદ્યોગિકક્ષેત્રે શું બની રહ્યું છે, એના સમાચાર ઝટ આપણને ટી.વી. મારફતે મળી જાય છે. અરે હવે તો દુનિયાના કયા દેશોમાં, કયાં, કેવી રીતે લડાઈ ચાલી રહી છે, એનું જીવંત પ્રસારણ પણ ટી.વી. પર સમાચારોમાં આપણે જોઈએ છીએ. લોકોની ભાંગફોડીયાવૃત્તિ અને ત્રાસવાદી માનસ પણ આપણને જોવા મળે છે. એથી કઈ પ્રજા ખુન્નસ અને કોણ શાણું એ વાત સ્પષ્ટ થઈ જાય છે. એ રીતે રોજબરોજના બનાવો, સંશોધનો અને પરિવર્તનો સાથે કદમ મિલાવતાં આપણા આચારવિચાર અને રહનસહનમાં પરિવર્તન આવતું જાય છે.

વિશ્વમાં આપણો દેશ વસતિના પ્રમાણમાં ચીન પછી બીજા નંબરે આવે છે. એ વસતિ વધારો નાથવા આપણી સરકારે કુટુંબ નિયોજનનો ખાસ કાર્યક્રમ હાથ ધર્યો છે. એ માટે સ્ત્રીને ગર્ભધારણ કરતી રોકવા અને પુરુષના શુક્રાણુઓ પર કાબૂ કરવા ખાસ પ્રકારની દવાઓ તૈયાર કરવામાં આવી છે. લાંબા ગાળા સુધી અથવા કાયમ એનો લાભ લેવા, વાઢકાપની ક્રિયાઓ પણ કરવામાં આવે છે. એથી આગળ વધીને સ્ત્રીના ઉદરમાં પેદા થયેલા ગર્ભને નિવારવા ‘ગર્ભપાત’ને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. એનો લાભ કેવળ આપણા દેશનો વસતિ વધારો રોકવા લેવાઈ રહ્યો હોય તો એ આવકાર્ય છે. જો કે એ કાર્યક્રમ વડે જ વસતિને અંકુશમાં લેવા, આપણને એકંદરે સફળતા મળી રહી છે. બીજી તરફ એનો ગેરલાભ લેવાઈ રહ્યો છે. હવે કુંવારા યુવાનો પણ જાતીય આનંદ માણી કુટુંબ નિયોજનનાં સાધનોનો ઉપયોગ કરતાં થયાં છે. પરણેલા મોટેરાંઓ પણ એથી અઘટિત સબંધોમાં ઢાંકપીછોડો કરી શકે છે. વળી કેટલાક ડૉક્ટરોએ એને પોતાની કમાણીનું સાધન બનાવ્યું છે. પૈસા ખાતર ઢગલાબંધ ગર્ભપાતના ઓપરેશનો રોજ કરવામાં આવે છે. એથી આપણી પ્રજા નૈતિક અધ:પતન તરફ ઉંડી ઉતરતી જાય છે. પહેલાં જે વાત બોલવાની આપણી સભ્ય સંસ્કૃતિમાં પ્રથા ન હતી, એ વાત રોજબરોજ આપણે રેડિયો, ટી.વી. છાપાંઓ મારફતે સાંભળીએ છીએ. એટલું જ નહિ, કેટલા બધાં સ્ત્રી-પુરુષો એવી અનૈતિક બાબતોમાં સપડાએલાં છે.

આપણી પ્રજા પ્રથમથી જ શેહ શરમમાં જીવતી આવી છે. સ્ત્રી-પુરુષના સભ્ય સબંધોને આપણે પ્રોત્સાહન આપતા હતા. પણ સિનેમા અને ટી.વી. સાથે અશ્લીલતાએ દેશની યુવા પેઢીમાં ઉન્માદ જમાડ્યો છે. એથી યુવાન સ્ત્રી-પુરુષોથી નાના કિશોરો પણ જાતીય સબંધો બાંધવા આકર્ષાય છે. એટલું જ નહિ સિનેમાના પડદે જોએલા હિરોહિરોઈનના ખ્વાબોમાં તેઓ રાચવા માંડે છે. વળી એથી કેટલીકવાર અસભ્ય બાબતો અથવા એવી બાબતોને લીધે આપઘાતના કિસ્સા આપણે પેપરમાં વાંચીએ છીએ. આવી અશ્લીલતાએ મોટેરાંના મગજ પર પણ અસર કરી છે અને એથી ઘણા જાહેરમાં બિભત્સ વર્તન કરતા જોવા મળે છે.

સિનેમા અને ટી.વી. મારફતે લાભ થયો છે, તો ગેરલાભ પણ છે જ. ચોરી, લૂંટ, ખૂનના કેટલાક બનાવો પાછળ પણ સિનેમાના એવા બનાવોની છાપ રહેલી છે. ઘણીવાર લૂંટારા અને ખૂનીઓએ એવું કબૂલ્યું છે કે કોઈ ખાસ અંગ્રેજી અથવા હિન્દી ફિલ્મ જોઈ, એને ચોરી અથવા ખૂન કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો હતો.

બીજી તરફ એ જ માધ્યમો મારફતે શુદ્ધ જ્ઞાન, ગમ્મત અને વિજ્ઞાનની વાતો સાંભળવા અને શીખવા મળે છે.

અંધશ્રદ્ધાની બાબતમાં આપણો દેશ પહેલેથી જ માનતો આવ્યો છે. તેમાં ગામડાના અભણ અથવા ઓછું ભણેલા તેમ જ શહેરના વધુ ભણેલાનો પણ સમાવેશ થાય છે. અમુક દિવસને શુભ માની કાર્યની શરૂઆત કરવી, ગમે તે ભૂવા, સાધુ અને બાપુના આશીર્વાદ મેળવવા. પોતાની પર આવનાર દુઃખ અથવા મુશ્કેલીને સાડાસાતીના રૂપમાં માની લેવું. મંતરેલું પાણી અને દોરા ધાગાનો ઉપયોગ કરવો વગેરે. એવી અંધ શ્રદ્ધાને લીધે આપણી સમસ્યાઓમાં વધારો થતો જાય છે. વળી ભૂતપિશાચ અને મેલી વિદ્યામાં માનવું અને એવી બાબતોના જાણકાર માણસોનો સહારો લેવો, એ પણ આપણી તારાજી કરી શકે છે.

આ સબંધી અંગ્રેજોના વખતની એક ઘટના મને યાદ આવે છે. સૌ પ્રથમ જ્યારે અંગ્રેજોએ રેલ્વે લાઈન ભારતમાં નાખી અને તેના પર આગગાડીનું એન્જિન દોડતું થયું, ત્યારે રેલ ઉપર દોડતા કાળામેશ એન્જિનને જોઈ ખેતરમાં કામ કરતાં લોકો જીવ લઈને નાસી ગયાં હતાં. તેમને તો ધુમાડો કાઢતા કાળા એન્જિનને જોઈ લાગ્યું કે કોઈ ભૂત ભાગી રહ્યું છે! એવી જ બીજી ઘટના ૨૦ મી સદીમાં બની. ૧૯૬૯ માં અમેરિકાના નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર પગ મૂક્યો હતો. એના સમાચાર મોડા મોડા પણ જ્યારે ચીનમાં પસારિત કરવામાં આવ્યા, ત્યારે ચીનાઓ ચંદ્રની સામે જોઈ હસવા લાગ્યા કે અમેરિકા બધાને ખરું બુધ્ધુ બનાવે છે! કેમ કે અમે તો કદી ચંદ્ર પર માણસને ચાલતા જોયો જ નહિ.

અજ્ઞાન અને અંધશ્રદ્ધા કેવી ભયંકર વસ્તુ છે, એ આ બાબતો પરથી સમજી શકાય છે. આજે દુનિયામાં જ્ઞાન વિજ્ઞાનનો સૂર્ય ઝગમગી રહ્યો છે. ભારતે પણ દરેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. આપણી પ્રજામાંથી

અંધશ્રદ્ધા દૂર થઈ રહી છે. કેટલાક શહેરોમાં તો કેટલીક સંસ્થાઓએ એ દિશામાં સુધારાવાદી પ્રવૃત્તિઓ શરૂ કરી છે. કોઈપણ અંધશ્રદ્ધા ભરેલી બાબત બને તો તેઓ ત્યાં દોડી જાય છે અને લોકોને સત્ય સમજાવવા કોશિષ કરે છે. આપણા દેશના લોકોના ગળામાં પહેલાં ઘણા દોરાધાગા જોવા મળતા. કંઈ થાય કે તરત લોકો કોઈ ભૂવા કે બાપુ પાસે જઈ એવા દોરાધાગા મંત્રાવી લાવે છે, જાણે એ જ જડીબુટ્ટી હોય. એથી પેલો ભૂવો કે બાપુ તો પોતાની કમાણી કરી લે છે પણ પેલા અંધશ્રદ્ધાળુને એનાથી કોઈ લાભ થતો જ નથી. ક્યારેક માનસિક શાતા વળતાં કોઈકને આકસ્મિક ફાયદો થયો હોય શકે એથી અંધશ્રદ્ધામાં વધારો થતો જાય છે, એ એક ખતરનાક બાબત છે. ડિસેમ્બર ૧૯૯૧ માં મોરારીબાપુની રામકથા વડોદરામાં યોજાઈ હતી. ત્યારે એક પત્રકારના પ્રશ્નના જવાબમાં તેમણે એમ જણાવ્યું હતું કે તે પોતે દોરાધાગામાં માનતા નથી અને કદી એવા દોરાધાગા કરતા નથી. એ બહુ મહત્વની વાત તેમણે છાપાવાળાઓને કહી હતી. પુરાતન સમયથી આપણા લોકો સંતભક્ત અને ગુરુભક્ત હોવાની છાપ દર્શાવે છે. એનો ગેરલાભ ક્યારેક ઢગ ભગતો ઊઠાવી લે છે. ઘણાના ઘરમાં જઈ, સંત પુરુષનો દાવો કરી, લોકો પર ખાસ છાપ ઉપસાવી કેટલાક સાધુસંતો જુવાન છોકરીઓને પણ ફોસલાવી લે છે. એવા સંખ્યાબંધ કિસ્સાઓ પેપરમાં આવતા રહે છે. આવી અંધકારમય સૃષ્ટિમાંથી બહાર આવવા વિજ્ઞાન, સુધારાવાદી સંસ્થાઓ અને ઘણા લોકો કાર્ય કરી રહ્યા છે.

વૈજ્ઞાનિક બધી બાબતો સાચી અને સારી જ છે, એમ માની લેવાને પણ કારણ નથી. ભારતના લોકો ધર્મપ્રિય લોકો છે અને આપણે ઈશ્વરની શક્તિમાં વિશ્વાસ ધરાવીએ છીએ. આપણી પૃથ્વી, વિશ્વમંડળ અને તેમાંનું સર્વસ્વ ઈશ્વરે પોતે સર્જાવ્યા હતાં, એ આપણો વિશ્વાસ છે. જ્યારે વિજ્ઞાન સમસ્ત સૃષ્ટિ આપોઆપ સર્જાઈ ગયાની વાત કરે છે. એ માટે તે ઘણી ઉપજાવી કાઢેલી સાબિતીઓ આપે છે. એથી પ્રેરાઈ આપણો ભણેલોગણેલો વર્ગ વિશ્વ ઉત્પતિ માટે વિજ્ઞાનને આધારભૂત ગણે છે અને પૃથ્વી પરના જીવનને ઉત્ક્રાંતિવાદની ઉપજ સમજે છે. આ એક બહુ જ ભ્રામક અને બિનપાયાદાર બાબત છે. કોઈપણ વસ્તુ આપોઆપ સર્જાય તો એ ચમત્કાર કહેવાય અને વિજ્ઞાન ચમત્કારમાં માનતું જ નથી. પછી વિશ્વ-સર્જન માટે આવી કપોળ કલ્પિત ડાર્વિનની વાતો વિજ્ઞાન વિશેષજ્ઞોના મનમાં કેવી રીતે ઉતરી જાય છે, તે સમજાતું નથી. વળી જો ઉત્ક્રાંતિવાદ જેવી કોઈ શક્તિ હયાત હોય તો ઈતિહાસમાં છેલ્લાં ૬૦૦૦ વર્ષમાં પૃથ્વી પર અમીબામાંથી માણસ સુધી પહોંચેલો જીવ એક દોરાભર આગળ વધ્યો નથી, એ એક હકિકત છે. જો અમીબામાંથી માણસ બન્યો તો હવે માણસમાંથી ફરિશ્તો અને પછી ભગવાન પ્રગટ થવા જોઈએ ને. વિજ્ઞાન અંધશ્રદ્ધાને સ્થાને સાચી શ્રદ્ધા જગાવવા માંગે છે, એ આવકાર્ય છે પણ ઉત્ક્રાંતિવાદના નામે બિનપાયાદાર બાબત લોકોના મગજ પર ઠસાવવી એ શરમજનક કહેવાય!

ઉત્ક્રાંતિવાદનો મત સમજાવવા કેટલાક અવશેષો શોધી કઢાયા છે, તેનો આધાર લેવાય છે. વર્ષો

પહેલાં ચીનમાંથી એક અતિપુરાણો હાડકાંનો ટુકડો મળી આવ્યો હતો. વિજ્ઞાનીઓએ એની ચકાસણી પછી એ સદીઓ પહેલાં થઈ ગએલા નીનડારથાલ માણસનો હોવાનું તારણ કાઢ્યું હતું. એ સામે શ્રદ્ધાળુઓનું એક શિષ્ટમંડળ પણ એ હાડકાંની તપાસ અર્થે ગયું. એ ધર્મશ્રદ્ધાળું શિષ્ટમંડળમાં પણ વૈજ્ઞાનિકોનો સમાવેશ થતો હતો. તેઓએ પેલો હાડકાનો ટુકડો હાથીના જડબાનો હોવાની વાત સાબિત કરી બતાવતાં નીનડરથાલની વાત બનાવટી નીકળી હતી. એથી પેલા વૈજ્ઞાનિકોની સ્થિતિ દયાજનક બની ગઈ હતી.

આ રીતે રાજકીય અને વૈજ્ઞાનિક પરિસ્થિતિમાંથી પસાર થતાં ભારતની સંસ્કૃતિ ઘડાતી આવી છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો આપણી સંસ્કૃતિ પર વૈજ્ઞાનિક અને રાજકીય પરિબળોનો પ્રભાવ જાવા મળે છે. પરિણામે આપણી સંસ્કૃતિને ઘણી જગાએ સારો વળાંક મળ્યો છે અથવા સત્ય સમજાયું છે. તો બીજી બાજુ કેટલીક બાબતોથી આપણી સંસ્કૃતિ કલંકિત થઈ છે. કેટલીક બાબતો વૈજ્ઞાનિક અને રાજકીય ક્ષેત્રોથી પર હોવા છતાં એ એની સાથે સંકળાઈ ગઈ છે. જેમ કે પહેલાં આપણી સમાજ વ્યવસ્થા પ્રમાણે દેશમાં સંયુક્ત કુટુંબ પ્રણાલી જોવા મળતી હતી. પિતા અને પુત્રો સાથે રહેતા. દીકરાઓ મોટા થઈ લગ્ન કરતા, એક જ ઘરમાં રહેતા. તેથી કુટુંબમાં પ્રેમ જળવાઈ રહેતો. બીજી તરફ જીવન સુખાકારીને લગતી કેટલીક ઉણપો પણ વર્તાતી. આજે વિકસેલી વૈજ્ઞાનિક પ્રણાલીને આધારે વિજ્ઞાન, તત્વજ્ઞાન અને યંત્રજ્ઞાન માટે સગવડો ઉભી થઈ છે. તેમ જ આજના રોકેટયુગમાં એક બે જણાની કમાણીથી પુરા સંયુક્ત કુટુંબની જરૂરિયાતો સંતોષાતી નથી. એ માટે ભણવા, નોકરી કરવા કે ધંધો કરવા લોકોને ગામ બહાર કે દેશ બહાર જઈ કમાવાની જરૂર પડે છે. એથી ગામની વસતિ શહેરો તરફ પગ કરી ગઈ છે. પરિણામે સંયુક્ત કુટુંબની ભાવના અથવા પ્રથા પડી ભાંગી છે. બહાર ગયેલા લોકો વાર તહેવારે અથવા કૌટુંબિક પ્રસંગોમાં વર્ષમાં એકવાર અથવા બે પાંચ વર્ષે એક વાર ભેગાં મળે છે.

આપણો દેશ બિન સાંપ્રદાયિકતામાં માને છે. આપણા દરેક ગામ અને શહેરોમાં વિવિધ ધર્મના લોકો રહે છે. આવા લોકો વચ્ચે મિત્રાચારી વધતાં કૌટુંબિક ભાવના બંધાય છે. ઘણીવાર બે ભિન્ન ધર્મના યુવાનો વચ્ચે પ્રણય સબંધ ફાલતાં એ લગ્ન સબંધમાં બંધાય છે. એથી ધર્મ પરધર્મના વાડાઓ દૂર થતા લાગે છે. એવી બાબતોને સમાજના રૂઢિચૂસ્તોનો ટેકો નથી પણ સરકાર એને પ્રોત્સાહન આપે છે. સરકારી મેરેજ રજીસ્ટાર એવાં લગ્ન કરી આપે છે, એટલું જ નહિ કાયદો એવાં નવપરણીતોને રક્ષણ આપે છે. એ જ રીતે પરદેશમાં વસતા ભારતીયોમાં આંતર્દેશિય ભાવના જોવા મળે છે. તેઓ કેટલીક પરદેશી રીતરસમથી બંધાય છે. જેમ દેશમાં જોયું તેમ, કેટલાકે પરદેશીઓ સાથે પણ લગ્ન કરેલાં છે. એવી સ્થિતિમાં પણ તેઓ ભારતીય સંસ્કૃતિને જીવાડવા પ્રયત્નશીલ રહે છે, એ પ્રસંશનિય છે.

પહેલાં આપણા પુરુષો ઝભ્ભો અને ધોતિયું પહેરતા અને માથે ટોપી પણ મૂકતા. પુરુષનાં કપડાં પણ મોટે ભાગે સફેદ અથવા કોઈ એક જ ઝાંખા રંગનાં રહેતાં. હવે રંગબેરંગી કાપડના ઉત્પાદનને લીધે

અને ચાલુ સમયની ફેશનને લીધે જુવાનિયાઓ અને મોટેરાંઓ પણ રંગીન અને છાપકામવાળાં કપડાં પહેરવાં પસંદ કરે છે. ટોપી તો ખાસ કોઈ પહેરતું નથી અને ધોતિયાને સ્થાને પેન્ટ પહેરવામાં આવે છે. પહેલાં સ્ત્રી અને પુરૂષના તદ્દન ભિન્ન પોષાકને કારણે તેઓ તરત અલગ ઓળખાઈ આવતાં. હવે તો ધીમેધીમે જુવાન છોકરાછોકરીઓનો પોષાક સરખો બનતો જાય છે. એ સિવાય પહેલાં પોષાક પરથી હિંદુ, મુસલમાન અથવા ખ્રિસ્તી વગેરે કેટલેક અંશે જુદા તરી આવતા. આજકાલ તેઓના પોષાકમાં પણ સામ્ય આવતું જાય છે.

આપણી જુદીજુદી કલાએ પણ આપણી સંસ્કૃતિને જીવાડી રાખવા યોગદાન કર્યું છે. તેમાં નાટક, ગીતો, સિનેમા, કઠપુતલીના ખેલ, રામલીલા, ભવાઈ, ચિત્રકામ, શિલ્પકામ, માટીકામ, કાષ્ટકામ વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં માધ્યમો દેશની પ્રજા તેમનો પહેરવેશ, એમનું જીવન અને સંસ્કૃતિ દર્શાવવા પ્રયત્ન કરે છે. જો કે આજે આ સાધનો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા કેવળ મનોરંજનને જ પ્રાધાન્ય આપે છે. એટલે પહેલાંના જેવી સાંસ્કૃતિક સચોટ છાપ તેમાં જોવા મળતી નથી. વળી આ દિવસોમાં મનોરંજનાં બીજાં સાધનો અસ્તિત્વમાં આવતાં તેઓનું ભાવિ ઉજળું લાગતું નથી. શિલ્પકામ, માટીકામ અને ચિત્રકામમાં મોડર્ન થીયરી અપનાવ્યા છતાં એ પહેલાંના જેવાં સૌંદર્યમય લાગતાં નથી. વળી એવાં સાધનોની આવરદા પણ ઘટી રહી છે.

દેશની જુદીજુદી કલા અને કલાકારીગીરી પર રાજકીય અને વૈજ્ઞાનિક પરિબળોની સ્પષ્ટ અસર જણાય છે. લોકોના ઘરોમાં ટી.વી. આવી જતાં હવે સિનેમા, નાટક, ભવાઈ, રામલીલા અને કઠપુતલીઓમાં લોકોને પહેલાંના જેવો રસ રહ્યો નથી. પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ ધાતુ-માટી-કાષ્ઠથી સસ્તી પડતી હોવાથી લોકો ગૃહ ઉદ્યોગોમાં તૈયાર થયેલી કલાત્મક વસ્તુઓ ખરીદવા તૈયારી બતાવતા નથી.

આટઆટલાં પરિવર્તનો આવ્યા છતાં આપણા દેશમાં માતપિતા અને બાળકો, પતિ એન પત્ની તથા ગુરુ અને શિષ્યના સબંધો જળવાઈ રહ્યા છે. આજે પણ તેઓની વચ્ચે માન, મર્યાદા અને પ્રેમભાવ જોવા મળે છે, એ ગૌરવની વાત છે. એ જ રીતે પશ્ચિમી પોષાકોનું આકર્ષણ છતાં એકંદરે આપણા દેશનો પુરુષ અને સ્ત્રીઓનો પોષાક જળવાઈ રહ્યો છે. સ્ત્રીઓ વાળ લાંબા રાખી કેશકુફન કરે છે. ઘરેણાંમાં પણ ફેરફાર આવ્યા છતાં હજુ બંગડી, છડા, દોરો, એરીંગ વગેરે પહેલાંની રીતે જ પહેરવામાં આવે છે. તેમાંથી પગમાં રણકતાં ઝાંઝર કેડે પહેરવાનો કંદોરો અને ગળામાં પહેરવાની ભારેખમ હાંસડી હવે ખાસ દેખાતાં નથી. પહેલાં સ્ત્રીઓ ભારેખમ ઘરેણાં પહેરતી હતી એને સ્થાને હવે હલકાં અને કલાત્મક ઘરેણાં પહેરવામાં આવે છે. હમણાં હમણાં કાનનાં લટકણાં લાંબાં થતાં જાય છે અને કાનની બુટ્ટી ઉપરના ભાગે વધારે છેદ કરી કાન સુશોભિત કરાય છે. સ્ત્રી-પુરુષનાં પગરખાં પહેલાં સાદાં હતાં પછી તેમાં વિવિધતા આવી અને હવે પહેલાંના જેવી મોજડીઓ, ચંપલ અને બુટ વપરાવા માંડ્યા છે.

લોકોનામાં પોતાના ધર્મની ભાવના અકબંધ જળવાઈ રહી છે પણ કેટલાકનામાં 'સર્વધર્મ સમાન'ની ભાવના જાગી છે. ભિન્નભિન્ન ધર્મના લોકો એકબીજાને પોતાના ધર્મ તહેવારોએ આમંત્રે છે. કૌટુંબિક પ્રસંગોમાં પણ એ જ રીતે આમંત્રણ આપવાની પ્રથા છે. કેટલાક નેતાઓના સ્મારકો પર સર્વધર્મ પ્રાર્થના કરવામાં આવે છે. એથી બીજા ધર્મો પ્રત્યે સૌને આદરની લાગણી જન્મે છે.

આજની વિજ્ઞાનની શોધોને પરિણામે આપણા આવાસો સ્વચ્છ, સુંદર અને વ્યવસ્થાવાળા બને એ માટે ભગીરથ પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી જગાએ ગંદી અને ગીચ વસતિ દૂર થઈ ગઈ છે અને એને સ્થાને નવા વ્યવસ્થિત આવાસો ઊભા કરવામાં આવે છે. વાહનોની અવરજવર માટે માર્ગો પહોળા, જરૂરી નિશાનો અને સૂચનોવાળા બનાવવામાં આવ્યા છે. માર્ગો અને વસતિમાં વિજળીના દિવા પુરતા પ્રમાણમાં મૂકવામાં આવે છે. કેટલીક જગાએ મરક્યુરી અને સોડિયમ લાઈટો પ્રકાશ પાથરે છે. મોટાં નગરો અને શહેરોમાં નાટ્યગૃહ, સિનેમાઘરો અને બાગબગીચાની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક જગાએ શાળાઓ, હાઈસ્કૂલો અને કોલેજોની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવે છે.

જો કે આજકાલનાં મકાનો પાકાં ખરાં પણ એ આપણી કલાનો વારસો પૂરો પાડતાં નથી. જ્યારે પહેલાંના બાંધકામો પર ચિત્ર, શિલ્પ, કોતરકામ કે કાષ્ટકામ જરૂર જોવા મળતું. એ પરથી ત્યારના લોકજીવન અને કલાનો ખ્યાલ આવતો. આજકાલનાં બાંધકામો તો સગવડવાળાં બન્યાં એટલે બસ.

જીવનનાં કેટલાંક મૂલ્યો જાળવવા આપણે સફળ થયા છીએ. આપણું કૌટુંબિક જીવન મૂળ સ્વરૂપે તો નહિ પણ નવા ભારતીય સ્વરૂપે બહાર આવ્યું છે. આપણી ઉજવણીમાં ઝાકઝમક આવ્યા છતાં તહેવારોનું મૂલ્ય જળવાઈ રહ્યું છે.

શરૂઆતમાં આપણે જોયેલી સિંધુતટીય સંસ્કૃતિમાં વખત જતાં વૈદિક વ્યવસ્થા પરિવર્તન લાવી. તેમાંથી સમય વિતતાં વર્ણવ્યવસ્થા ઉતરી આવી હતી, એ આપણે જોઈ ગયા. એ જ વર્ણવ્યવસ્થા જોકે કાર્યવહેંચણી માટે કરવામાં આવી હતી પણ પાછળથી એના લીધે ઉંચનીચના ભેદભાવ ઘર કરી ગયા.

એ સામે રાષ્ટ્રપિતા ગાંધીજી અને આંબેડકર જેવા દેશનેતાઓએ અસ્પૃશ્યતા નિવારણ અંગે ભગીરથ પ્રયત્નો કર્યા. વળી ત્યારની આપણી સરકારે એ વાતને મોટું સમર્થન આપ્યું. એના પરિણામે ગામ અને શહેરોમાં શાળાઓ અને બીજી બધી સરકારી સંસ્થાઓમાં ભણવાનો અને નોકરી કરવાનો દરેકને સમાન હક પ્રાપ્ત થયો. તેમાં પણ અસ્પૃશ્યોને ખાસ આરક્ષિત સ્થાનો મળ્યાં. શહેરનાં હોટલ અને થિયેટરોમાં બધાં સાથે બેસી મઝા માણતાં. પરિણામે આજે ઉંચનીચના ભેદ નામના રહી ગયા છે. હવે તો ખાનગી અને સરકારી સંસ્થાઓમાં બધી જાતના અને કોમના લોકો સહકારથી કાર્ય કરે છે અને અરસપરસ એકબીજાની સાથે મિત્રચારીના સંબધો થી બંધાય છે. કૌટુંબિક પ્રસંગો ખર્ચાળ બન્યા છે. સર્વધર્મ ભાવના એકદંરે ઠીક પ્રમાણમાં જોવા મળે છે. સાથે રાજકીય ઉત્તેજનાને લીધે તેમાં હિસાંનો આશરો પણ લેવાય છે. વૈજ્ઞાનિક

પરિવર્તન આપણને જ્ઞાનસભર કરવામાં મદદરૂપ રહ્યું છે. છતાં આપણા બધાંના જીવનને નવા સ્વરૂપમાં ઢાળવા એને વરસો નીકળી જશે.

વૈજ્ઞાનિક અને રાજકીય પરિબળોની અસર દ્વારા ભારતીય સંસ્કૃતિને કેટલાક લાભ થયા છે તો એ સામે ગેરલાભ પણ થયો જ છે. રાજકીય ફેરફારથી ગેરલાભ વિશેષ જણાય છે. જ્યારે વૈજ્ઞાનિક ફેરફારથી લાભ વિશેષ થયો હોય તેમ લાગે છે. કેટલીક વૈજ્ઞાનિક બાબતો ભ્રામક પણ નીકળી છે. આ બધાની વચ્ચે જીવતાં ભારતીય સંસ્કૃતિ એક નવા રૂપમાં ઢળી રહી છે, એ જીવી રહી છે. માટે તો રોજના હજારો પરદેશી સહેલાણીઓ ભારતીય સંસ્કૃતિ માણવા આપણા દેશની યાત્રા કરે છે. તેઓ ભારતીઓને એમની મૂળ સંસ્કૃતિમાં જોવા ઈચ્છે છે.

ભારતીય સંસ્કૃતિના હાર્દસમા હિંદુ યાત્રાધામો, મોગલ બાંધકામો જુદેજુદે સ્થળે યોજાતા આપણા ધર્મમેળાઓ, કલાકારીગીરીના નમૂનાઓ આપણા રજતઉત્સવો અને તહેવારો જોઈ પરદેશીઓ દંગ રહી જાય છે. ભારતનો ઔદ્યોગિકક્ષેત્રે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. છતાં આપણે આપણી સંસ્કૃતિનો અમર વારસો જાળવી શક્યા છીએ. દેશના લોકોની આચારસંહિતા રાજકીય અને વૈજ્ઞાનિક પરિબળોનું દબાણ હોવા છતાં ભારતીય સંસ્કૃતિ રૂપે જવવાઈ રહી છે, એ ધન્યવાદ ને પાત્ર છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી મારફતે ગુજરાતના નાગરિકો માટે યોજેલી કે. સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન ઈનામી નિબંધ સ્પર્ધામાં (૧૯૯૧--૯૨) પ્રાપ્ત થયેલા ગુજરાતી નિબંધોમાં આ નિબંધને પ્રથમ પારિતોષિક મળ્યું હતું.

ஜ ஜ ஜ

## ૩

## સ્વદેશ-ત્યાગ શા માટે?

અમેરિકાનું એફ. -૧૬ રશિયાનુ મિગ, ફ્રાંસનું મિરાજ બ્રિટનનુ જગુઆર અને ઈસરાયલનું કફીર વગેરે હવાઈ જહાજોનાં નામ દુનિયામાં જાણીતાં છે. આજકાલ અમેરિકા, રશિયા અને ફ્રાંસ એકએકથી ચડિયાતાં વિમાનો બનાવવાના દાવા કરે છે. દરેક વિમાન એની ઝડપમાં, ડિઝાઈનમાં, ભારવહનમાં, લાંબા ગાળાના ઉડ્ડયનમાં અને લશ્કરી કામગીરીની બાબતોમાં આગવી વિશિષ્ટતા ધરાવતું હોય છે. કેટલાક વિમાનો વિશે ભારે ગુપ્તતા જાળવવામાં આવે છે. એની યંત્રસામગ્રી અને સંરચના વિશે કોઈને જાણ ન થાય, એ માટે સંપૂર્ણ તકેદારી રખાય છે.

મિગ-૨૫, એક એવું ગુપ્ત રૂસી વિમાન છે. વિશ્વનું એ ખૂબ ઝડપી વિમાન ગણાય છે. કલાકના ૩૩૯૫ કિ.મિ.ની એની ઝડપ છે. એટલે કે અવાજની ગતિથી લગભગ બમણી ઝડપ! મિગ-૨૫ લડાઈ ક્ષેત્રેમહત્ત્વનું હોઈ, રશિયાનું સંરક્ષણ ખાતું એને સંભાળે છે. નોટોના લશ્કરી દળો એને 'ફોક્સબેટ' ના નામે ઓળખે છે.

એવા મિગ-૨૫ની ઉઠાંતરી કરી, રશિયાઈ પાયલોટ લેફ્ટનન્ટ વિક્ટર ઈવાનોવીચ બેલેન્કો ૬ સપ્ટેમ્બર ૧૯૭૬ના રોજ જાપાનના હોકોડાટે નાગરિક હવાઈ મથકે ઊતર્યો. પિસ્તોલથી હવામાં બે અવાજ કરી, તેણે જાહેરાત કરી કે પોતે અમેરિકામાં શરણ લેવા માગે છે. વિમાનમાં પૂરતું પેટ્રોલ નહિ હોવાથી તેને જાપાનમાં ઊતરવાની ફરજ પડી હતી. પાયલોટના કહેવાથી વિમાનને તરત કેનવાસથી ઢાંકી દેવાયું હતું. આ બનાવે લોકોમાં ભારે જિજ્ઞાસા પ્રેરી છે અને દુનિયાભરમાં ચકચાર જગાડી છે.

બનાવના ચોવીસ કલાક બાદ જાપાની રડારમાં સોળ વિમાનો આવતાં ઝિલાયાં હતાં. એની તપાસ માટે જાપાને તરત પોતાનાં એફ-૪ જેટ ફેન્ટમ લશ્કરી વિમાનો ઉડાડ્યા હતાં પણ પેલા સોળેય વિમાનો કોઈ પણ જાતની દરમ્યાનગીરી વિના ત્યાંથી ફરાર થઈ ગયાં હતાં. તે ક્યાંનાં હતાં, તે તો સ્પષ્ટ થયું નથી પણ એ રૂસી વિમાનો હતાં, એમ નક્કી માનવામાં આવે છે. લેફ.બેલેન્કોએ અમેરિકામાં આશ્રય માગ્યો હોઈ, ત્યાં ઉચ્ચ ભૂમિકા પર વાટાઘાટો થઈ. સાધારણ રીતે પોતાના દેશમાં સતાવણી વેઠતા પરદેશીઓ શરણાગતિ સ્વીકારે તો તેઓને રાજ્યાશ્રય આપવાની અમેરિકાની નીતિ છે. એટલે પ્રેસિડેન્ટ ફોર્ડે રૂસી પયલોટને સ્વીકારી લેવા સંમતિ દર્શાવી.

રશિયાએ પોતાનો માણસ અને વિમાન પરત કરવા જાપાનને વિનંતી કરી પણ જાપાને તે કબૂલ રાખી નહિ. અમેરિકાની સંમતિ મળતાં જ લેફ.બેલેન્કોને વિમાન દ્વારા અમેરિકા મોકલી આપવામાં આવ્યો. પછી રશિયાએ વિમાન માટે માગણી કરી. તેના જવાબમાં જાપાને જણાવ્યું કે, પોતાના દેશમાં ગેરકાયદેસર ઘૂસી ગયેલા વિમાન પર પોતાનો સંપૂર્ણ અધિકાર છે. જાપાનની સરકારે

મિગ-૨૫ને તપાસ માટે પોતાના સંરક્ષણ ખાતાને સુપરત કર્યું છે. સંરક્ષણ ખાતું વિમાનના ભાગો છૂટા પાડી, તેને હાકોડાટેના નાગરિક હવાઈ અડ્ડા પરથી ખસેડી લેશે અને અમેરિકી ઈજનેરો સાથે મળી તેનો અભ્યાસ કરશે.

આ એક બીના પાછળ કેટલો મોટો ઈતિહાસ હશે, એ તો લેફ.બેલેન્કો અમેરિકામાં પોતાનું હૃદય ખાલી કરે ત્યારે જ ખબર પડે! તેમ જ આ બનાવ રશિયા, અમેરિકા અને જાપાનના સંબંધો પર કેવી અસર કરશે, એની પણ કલ્પના જ કરવી રહી. છતાં એક ઉચ્ચ સ્થાને પહોંચેલ વ્યક્તિ, પોતાના દેશમાંથી ભાગી જઈ પરદેશમાં આશ્રય માગે એ બાબત વિચાર માગી લે છે.

જાપાને આ બાબત પર પ્રકાશ પાડતાં જણાવ્યું છે કે, રશિયાથી જાપાન નાસી આવી પરદેશમાં આશરો માગતી લેફ.બેલેન્કો પંદરમી વ્યક્તિ છે. ઈ.સ. ૧૯૫૪થી શરૂ કરી અગાઉ ચૌદ માણસો ત્યાં ગયા, તેમાંથી અગિયારે અમેરિકામાં આશરો લીધો હતો; જ્યારે બાકીના ત્રણમાંથી એક જર્મની, એક ઈટાલી, અને એક ઈસરાયલ ગયો હતો. આ તો રશિયાથી જાપાન ગયેલા પંદર જણાની વાત થઈ પણ બીજા કેટલા સીધા પરશદેશ પહોંચી ગયા હશે અથવા કેટલા નાસી છૂટતાં ઝડપાઈ ગયા હશે, એની કોને ખબર! સવાલ એ થાય છે કે, રશિયા જેવા આગળ પડતા દેશમાંથી લોકો કેમ નાસી જતા હશે? ત્યાં પડદા પાછળ એવું તે શું બનતું હશે?

રશિયાની ગણના દુનિયાના સમૃદ્ધ દેશોમાં થાય છે. સંરક્ષણ અને ટેકનોલોજીના ક્ષેત્રે એ અમેરિકાની બરોબરી કરે છે. અમેરિકા પાસે દરિયાથી જમીન પર અને દરિયામાં પ્રહાર કરનારો ભયંકર નૌકાકાફલો અને વિનાશિકાઓ છે; તો રશિયા પાસે એક એકથી ચડિયાતી મહાકાય સબમરીનો અને સબળ નૌકાદળ છે. અમેરિકાનાં સુપરસોનિક એફ. -૧૬ અને ગંજાવર જેટ લશ્કરી વિમાનો ભારે હેરફેર કરી, ગમે ત્યાં, ગમે ત્યારે, બૉમ્બવાર્ષા માટે પહોંચી જવા તૈયાર હોય છે; તો રૂસી મિગની દુનિયામાં બોલબાલા છે. અમેરિકા પાસે 'મેગ્નીફાઈંગ' શક્તિ વાળાં દુશ્મની પ્રહારને પકડી પાડતાં રડાર છે; તો રશિયા પાસે દુશ્મન પ્રહારને જડમૂળથી ખતમ કરી નાખતાં 'સામ' મિસાઈલ છે. અમેરિકાની જાસૂસી સંસ્થા સી.આઈ.એ. તેનાં પરાક્રમો માટે દુનિયાભરમાં પ્રચલિત છે; તો રશિયાના છૂપા ઉપગ્રહો દુનિયાભરની ખબર લેતા રાતદિન ગગનમાં વિહરતા રહે છે. આમ સંરક્ષણ-ક્ષેત્રે અમેરિકા અને રશિયા એકબીજાથી ચડિયાતા હોવાનો દાવો કરે છે.

વિજ્ઞાન-ટેનોલોજીની દૃષ્ટિએ જોઈએ તો, અમેરિકાનું એપોલો માનવીને ચંદ્ર પર ઉતારવા સફળ પુરવાર થયું છે. રશિયાએ પણ પોતાનાં સ્વયંસંચાલિત યંત્રો વડે ચંદ્રનો અભ્યાસ જારી રાખ્યો છે અને આવકાશમાં માનવ-ઉડ્ડયનના સૌથી વધુ કલાકો ગાળી વિક્રમ સર્જ્યો છે. બીજી બાજુ અમેરિકાનાં વાઈકિંગ-૧ અને ૨ મંગળના ગ્રહ પર અદ્‌ભુત કામગીરી બજાવી રહ્યાં છે. મંગળ પર જીવન શક્ય

છે કે કેમ? અવકાશી કોઈ ગ્રહમાં માનવીને વસાવી શકાય કે કેમ? એ બાબતે બન્ને દેશો પૈસાનું પાણી અને છેલ્લામાં છેલ્લાં વિજ્ઞાન-ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે.

અમેરિકીઓના શબ્દોમાં કહીએ તો રૂસી લોકો તેમને ચાહે છે, જ્યારે અમેરિકા તેમને શંકાની નજરે જુએ છે. અમેરિકીઓમાં એવું તે શું હશે જે તેમના પ્રતિસ્પર્ધીઓમાં પ્રેમ ઉપજાવી શકે અને રૂસીઓમાં એવું તે શું હોય, જે અમેરિકીઓમાં શંકાસ્પદ બની રહે?

રશિયા સામ્યવાદી રાષ્ટ્ર છે. ત્યાં પ્રજા નહિ પણ દેશ પર વધુ ભાર મુકાય છે; જ્યારે પ્રજાતંત્રવાદી દેશોમાં પ્રજાને પ્રથમ સ્થાન અપાય છે. જો કે સામ્યવાદી દેશોમાં પણ નોકરી-રોજગાર, જીવનજરૂરિયાત અને રાજકીય ક્ષેત્રે પ્રજામાં સમાનતા જળવાય એ સરકાર જુએ છે. દરેકને સમાન હક અને તક મળે એની કાળજી રખાય છે. છતાં ત્યાં દેશના હિતમાં સરકારને ફાવે તેમ કાયદાઓ કરવામાં આવે છે અને એની સામે પ્રજાએ અવાજ ઊઠાવવાની સદંતર મનાઈ ફરમાવાય છે. સરકાર પ્રજા પર લશ્કર કાયદાની રૂએ કાબૂ ધરાવે છે. તેમના કાયદા મુજબ, દરેક ગુનાની સજા થવી જ જોઈએ. ગુનાની વ્યાખ્યા સરકાર ધારે તેમ કરી શકે.

રશિયાનું બંધારણ ધર્મસ્વાતંત્ર્યની છૂટ આપે છે, પણ દેશને મહત્ત્વ આપવાને બહાને ધર્મને દબાવી દેવા, ત્યાં બધા જ પ્રયત્નો થાય છે. રાજકીય ક્ષેત્રે એ જોવાય છે કે,, દેશનો નેતા નાસ્તિક હોવો જોઈએ. તેમનું માનવું છે કે, ઈશ્વર તો મનની ખોટી ભ્રમણા છે, બીક છે. એવી ધાક રાખીને માણસ કંઈ ન કરી શકે. જ્યારે રશિયાનો અવકાશવીર યૂરી ગાગારિન સૌ પ્રથમ અવકાશમાં વિહરી આવ્યો ત્યારે તેણે ધર્મપરાયણ લોકોની મજાક કરતાં કહ્યું: ‘ઈશ્વર તો ઉપર ક્યાંયે દેખાયો નહિ.’ એના જવાબમાં ચંદ્ર પર પ્રથમ ડગ માંડનાર અમેરિકી અવકાશવીર નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રનું સૌંદર્યપાન કરતાં ઈશ્વરનો મહિમા ગાયો: ‘ઈશ્વરે વિશ્વનું અદ્ભુત સર્જન કર્યું છે. મનુષ્ય તો શું વિસાતમાં કે તેની સ્તુતિ કરે?’

રશિયામાં સાહિત્યક્ષેત્રે ખૂબ સાવધાની રાખવામાં આવે છે. સમાચાર-પત્રો, માસિકો અને અન્ય સાહિત્ય સરકાર કહે એમ દોરવાય છે. દેશ અને એના આદેશોના સંદર્ભમાં અઢળક સાહિત્ય છાપવામાં આવે છે. વળી દેશ જેની તરફદારી કરતો નથી, એવા ધાર્મિક વાતાવરણ અને પરદેશી સંસ્કૃતિ સામે વિરોધી પ્રચાર કરવામાં આવે છે. કોઈ પણ પરદેશી ત્યાં જાય તો રૂસી ભાષામાં પોતાના દેશનું કે ધર્મનું કોઈ પણ સાહિત્ય સાથે ન લઈ જાય, એની કાળજી લેવાય છે; જ્યારે શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી સ્ટેશનરી અને જોઈતાં પુસ્તકો સંબંધે નિષ્કાળજીભર્યું વલણ જોવા મળે છે.

રશિયામાં લગભગ ત્રીસ લાખ યહૂદીઓ છે, જે રશિયાની કુલ વસતિના ૨% જેટલા થાય. તેઓ યિદીશ ભાષા બોલે છે પણ તેમની માતૃભાષામાં તેમનું કોઈ સાહિત્ય છાપવા દેવાતું નથી. વળી

યિદીશ ભાષાના શાળાશિક્ષણ પર સરકારી અંકુશ રખાય છે. એક વાર છ યહૂદી જુવાનોએ ભેગા મળી ઈસરાયલ નાસી જવાનો પેંતરો રચ્યો. ઝડપભેર ઘરભેગા થવા તેમણે એક રૂસી વિમાનની ઉઠાંતરી કરી પણ ઊડતાં પહેલાં જ તેઓ ઝડપાઈ ગયા. બસ ખેલ ખતમ... છએ જણને ગોળીએ ઉડાવી દેવામાં આવ્યા. ત્યાંના યહૂદીઓ હવે તોબા પોકારી ગયા છે અને સ્વદેશ જવા ઝંખે છે પણ રશિયાઈ સરકાર તેઓને જવા દે તો ને!

એના સંદર્ભમાં ફેબ્રુઆરી ૧૯૭૧માં બેલ્જિયમમાં બ્રસેલ્સ ખાતે એક ચળવળિયા પરિષદ ભરવામાં આવી હતી. 'લેટ માટ પીપલ ગો' એ સૂત્રભારી બ્રસેલ્સ પરિષદે રશિયાઈ યહૂદીઓને સ્વદેશ મોકલવા સંબંધે દુનિયાભરમાં પડઘો પાડ્યો હતો. ત્યાર બાદ ઘણા યહૂદીઓને ઈસરાયલ જવા રશિયાએ પરવાનગી આપી હતી પણ ફરી આરબ ઈસરાયલ યુદ્ધ જાગતાં એ પ્રવાહ બંધ થઈ ગયો. પોતાના દેશમાંથી બધા યહૂદીઓને ઈસરાયલ મોકલી દેવા રશિયા તૈયાર નથી. કેમ કે તેઓમાં ૧૫% ડૉક્ટરો, ૯% લેખકો અને પત્રકારો, ૧૦% ન્યાયાધીશો અને વકીલો, ૮% અભિનેતાઓ, સંગીતકારો અને કલાકારો છે. વળી કેટલાક તો ત્યાંના અગ્રગણ્ય વિજ્ઞાનીઓ, બૌદ્ધિકો અને સામ્યવાદી સેનામાં મહત્ત્વનું સ્થાન ધરાવતા વડા છે. પછી તો એવા મલાઈસમ લોકોને રશિયા કેમ જવા દે?

એ સિવાય ત્યાંના દેશી લોકોને માથે પણ હંમેશાં ખતરો રહે છે. ત્યાંની સરકાર વિજ્ઞાનટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે જેવું મન પરોવે છે, એવું પોતાના લોકો માટે નહિ. દુનિયાના સમૃદ્ધ ગણાતા અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન, જાપાન વગેરે દેશોમાં જીવનજરૂરિયાતની બધી ચીજો જોઈતા પ્રમાણમાં, ઓછી કીંમતે મળે છે; જ્યારે રશિયામાં એ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. એ સામે મનોરંજન પાછળ ખૂબ ખર્ચ કરવામાં આવે છે. અનાજની બાબતમાં તો રશિયા મોટે ભાગે અમેરિકા પર આધાર રાખે છે. ઈ.સ. ૧૯૭૫માં રશિયાએ જે ઘઉં આપણને વેચ્યા હતા, એ અમેરિકી ઘઉં હતા એમ આપણા વર્તમાનપત્રોમાં ખૂબ ચર્ચાયું હતું.

રશિયામાં છે તેવા સખત કાયદા કાનૂનો કોઈવાર ઉપયોગી પણ નીવડે છે. ચાલુ સાલે મોન્ટ્રિયલ-કેનેડા ખાતે યોજાયેલ ઓલિમ્પિક રમતોમાં સામ્યવાદી દેશો મોટાભાગના ચંદ્રકો જીતી ગયા. તેના સંદર્ભમાં એવાં મંતવ્યો વ્યક્ત થયાં છે કે, તેઓના કડક કાયદાકાનૂનો તથા શિસ્ત પાલનને લીધે સામ્યવાદી જુવાનોએ એ વિજય હાંસલ કર્યો છે; જ્યારે અમેરિકા અને ઈંગ્લેન્ડના જુવાનો કેફી વસ્તુઓ અને જાતીય મનોરંજનનો ભોગ થઈ પડ્યા છે. કેટલેક અંશે એ સાચું છે.

કહેવાય છે કે ચીનમાં રશિયા-અમેરિકાના અવકાશી પ્રસંગો વિશે પ્રજાને અંધારામાં રાખવામાં આવી હતી. તેઓએ આજથી બે વર્ષ પર જ પહેલી વાર જાણ્યું કે, અમેરિકાએ તેના માણસોને ચંદ્ર પર મોકલ્યા હતા, અને ત્યારે એ વાતને ચીનીઓએ હસી કાઢી. એટલે તો આજે ચીનની

૮૦,૦૦૦,૦૦૦૦ની વસતિ ગરીબ, અભણ અને અંધશ્રદ્ધાળુ છે.

તો એ સામ્યવાદ શા કામનોઃ જે પ્રજાને અંધારામાં ગોંધી રાખે? એ સામ્યવાદ કેટલો ઉપયોગી, જે પોતાના લોકોનો રક્તપાત કરતાં ખચકાય નહિ? હવે એવા સામ્યવાદી દેશોની પ્રજા ત્રાસી ઊઠી છે. એટલે તો અમેરિકીઓ કહે છે કે, રૂસીઓના હૃદયમાં અમારા માટે પ્રેમ છે, પણ અમે એમને શંકાની નજરે જોઇએ છીએ. સામ્યતાનો ઠેકો લઇ બેઠેલા સામ્યવાદીઓ એ ભૂલે છે કે અમેરિકામાં બસો વર્ષની લોકશાહીમાં એક સામાન્ય ફેક્ટરી કામદાર પોતાની મોટર લઇ કામે જાય છે, જેમ એક ધનાઢ્ય પુરુષ કારમાં વિહરતો હોય! એ જ તો સ્વતંત્રતાનો જાદુ છે જેણે લેફટનન્ટ ફર્સ્ટ પાયલોટ વિક્ટર બેલેન્કોમાં રશિયાનાં બંધનોથી મુક્ત થવા સાહસ પ્રેર્યું.

આની અસરો શું થશે? રશિયાએ જાપાનને પાઠવેલા એક સંદેશામાં જણાવ્યું છે કે, લેફ. બેલેન્કો તેમની પત્ની અને પુત્રીને રશિયામાં છોડી ગયા છે. કેટલો ગર્ભિત સંદેશો! શું શું વીતશે એ મા દીકરી પર! સામ્યવાદના લોખંડી પડદા પાછળની એ વાત કોણ જાણશે?

૧૯૭૭માં આપણા વડાંપ્રધાન સ્વ.ઈંદિરાગાંધીએ ભારતમાં કટોકટી લાદી હતી. એટલે આખો દેશ આજના કરતાં કંઇક જુદી જ સ્થિતિ અનુભવી રહ્યો હતો. ત્યારે આપણે રશિયા સાથે ઘનિષ્ટ સંબંધો હતા. એથી ઘણા દેશવાસીઓને રશિયા જેવો મહાન, વિકસિત, શક્તિશાળી અને નીતિમાન દેશ બીજો કોઇ દેખાતો ન હતો. મોટામોટા લેખકો અને વિચારકો પણ રશિયાની વાહવાહ કરતા. ત્યારે બધા એ હકીકતથી તો વાકેફ હતા જ કે ત્યાં માનવ હકોની ધરાર અવગણના થઇ રહી છે. એ સમયે રશિયાની સ્થિતિ અને ભારતની કટોકટીને અનુલક્ષીને લખેલો આ લેખ ‘નવનીત સમર્પણ’ માટેનો મારો પ્રથમ જ લેખ હતો. એને એ વર્ષના શ્રેષ્ઠ માહિતી લેખ તરીકે પારિતોષિક આપવામાં આવ્યું હતું.

‘નવનીત સમર્પણ’ - ફેબ્રુઆરી ૧૯૭૭

ꕤ ꕤ ꕤ

## ૪

# વિશ્વશાંતિ

શાંતિ એટલે પ્રથમ મનની શાંતિ, વ્યક્તિની પોતાની શાંતિ. જેમાં વ્યક્તિ પોતે પરમસુખથી જીવે અને માનવમાનવ પ્રેમસેતુથી ગંઠાઈ જાય. એવાં સહકાર ભાવનાથી સામાજિક શાંતિ ઉદ્ભવે. સમાજમા પ્રેમભાવ અને સહકાર જાગતાં, દેશ ઉન્નત અને બળવાન બને એથી દેશમાં ઐકય અને શાંતિ જળવાઈ રહે. માણસ-માણસ વચ્ચે, જાતિ-જાતિ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે એખલાસને ભાવના જાગે અને આખું વિશ્વ એક બની જાય. ત્યારે જ વિશ્વબંધુત્વની ભાવના ફળે અને એમાંથી મધપૂડાના મધની જેમ ટપ્ટપ્ટપ્ વિશ્વશાંતિ ટપકે.

વિશ્વ સંસ્થા યુનોએ ૧૯૮૬ની સાલને વિશ્વશાંતિ વર્ષ તરીકે ઉજવવા જાહેર કર્યું છે. ત્યારે દુનિયામાં ચારે કોર અશાંતિનો ઉકળાટ વ્યાપેલો જણાય છે. રોજ સમાચાર માધ્યમો એવા અશાંત બનાવોને જોરશોરથી ચગાવે છે.

અકસ્માતે પેલાં ભૂંગળામાંથી વાતાવરણમાં ફેંકાએલા હવાપ્રદુષણો. રશિયાના ચેનોર્બિલ અણુમથકનાં અણુ વિકિરણો મહાસંહારક છે. એથી ૧૦,૦૦૦ માણસો અને અગણિત પશુપંખીઓ રોગિષ્ટ બન્યાં છે, જુઓ પેલો દક્ષિણ આફ્રિકાનો માનવ સમાજ એમની વચ્ચે દારૂણ હિંસા ફાટી નીકળી છે. ત્યાં લોકો છે કાળા, પણ રાજ છે ગોરાઓનું. એથી ગોરાઓ કાળાઓને અંદરો અંદર લડાવી મારે છે. હવે રહીરહીને ગોરાઓ કાળાઓને રાજવ્યવસ્થા સોંપવા તૈયાર થયા છે. જુઓ પશ્ચિમના આ રંગીલા નગરોમાં લોકો એશ આરામ કરે છે. તો ત્રીજા વિશ્વના લોકો પાણી અને ખોરાક માટે વલખાં મારે છે. પેલી ગમ રાજાશાહી, સરમુખત્યારી અને સામ્યવાદના ઊંડા કૂવામાં ઊતરેલા લોકો સ્વતંત્રતાને ઝંખે છે. છતાં તેઓને માનવ હકોથી વંચિત રાખવામાં આવે છે.

અમેરિકા, રશિયા, ચીન, ફ્રાંસ અને બ્રિટન જેવી મહાસત્તાઓ વિશ્વને ફાવે એમ નિચોવી લે છે. વિશ્વની આર્થિક અને ભરણપોષણની જવાબદારી કરતાં તેઓને સંરક્ષણની વધારે ચિંતા છે. તેઓએ અણુ, લેસર, રસાયણ અને જીવશસ્ત્રાસ્ત્રોનો એવો ખડકલો કર્યો છે, કે વિશ્વશાંતિને એમાં સહેલાઈથી ટૂંપી દઈ શકાય. એમને એમની જવાબદારીનું ય ભાન નથી, એમ નહિ. એથી તો રશિયાના વડા મિખાએલ ગુર્બાચોવ અને અમેરિકાના રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગન અણુશસ્ત્રોના પ્રતિબંધ કરાર માટે ઘણીવાર મળ્યા અને સારું પરિણામ લાવ્યા હતા. ઈરાક યુદ્ધ પછી મહાસત્તા છતાં માનવહકોને રશિયામાં પ્રતિપાદન કરવા  પ્રયત્નો બદલ ગુર્બોચોવનો ભોગ લેવાયો. પરિણામે આખું રશિયા ટૂકડે ટૂકડા થઈ અનેક રાજ્યોમાં વહેંચાઈ ગયું. બહુ અશાંતિના વાતાવરણમાં એ બધાં રાજ્યો જીવી રહ્યાં છે. ઈરાકના યુદ્ધ પછી મહાસત્તાઓ શું કરી શકે; એ તો ખબર છે ને? દુનિયાના રહીશો પર ઝેરી

પ્રક્ષપાસ્ત્રો ઝીંકી માણસોના મુડદાંનો ઢગલો કરી દઈ શકે. કેવો ભયંકર હશે એ દિવસ, જ્યારે ધરતીનું તાપમાન ઘટી જશે. એથી વનસ્પતિ નાશ પામશે. તેમ જ ઝેરી પદાર્થોથી માણસો અને પશુપંખીઓ ગુંગળાઇ, રોગિષ્ટ બની, તરફડી તરફડીને મરશે. આવી સ્થિતિને જન્મ આપનારા અશાંતિને ઘોળીને પી ગયા છે. કેમ કે એમને મોઢે શાંતિની વાતો નીકળતી નથી.

અશાંતિ એ જ કેટલાકના જીવનનું ધ્યેય હોય છે. એમાં આતંકવાદીઓનો સમાવેશ થાય છે. પ્રશ્ન તેઓના પોતાપણા અથવા દેશ અંગે છે. એથી એમણે ઝુંબેશ ઊપાડી છે. નિર્દોષોનાં ખૂન વહાવવાની! આવા લોકોમાં આપણા દેશવાસીઓથી માંડીને મોટા ભાગના પરદેશીઓનો પણ સમાવેશ થાય છે, ગયાં વરસો દરમિયાન વિમાન અકસ્માતોનો આંક બહુ ઊંચો રહ્યો. એમાંના કેટલાંક વિમાનો તો આતંકવાદીઓએ ફૂંકી માર્યાં હતાં.

પ્રજા અને વિશ્વ મળીને વિશ્વશાંતિની વાતો કરે તો ડહાપણ કેળવ્યું ગણાય પણ રોજ ઊઠીને આપણે લડાઇઓની વાતો સાંભળીએ છીએ. ઈરાન-ઈરાક, ઈઝરાયલ-લેબેનોન, અફઘાનિસ્તાન-પાકિસ્તાન, અમેરિકા લિબિયા, શ્રીલંકાનો આંતર વિગ્રહ વગેરે. એ સિવાય કેટલાક દેશોમાં કંગાળ આર્થિક સ્થિતિને કારણે, ન્યાયી હકો માગવા પૂરતું અને બીજાં ઘણાં કારણોને લીધે આંદોલનો જાગે છે. ત્યારે સરકારને એ સામે શામ, દામ, ભેદ અને દંડની નીતિ અપનાવવી પડે છે. એથી પ્રજા અને સરકાર વચ્ચે સંઘર્ષ જાગે છે.

એ સિવાય અંદરોઅંદર મારફાડ, હિંસા, લૂંટ વ્યભિચાર જેવા બનાવો વધતા જાય છે. રોજ પેપરમાં એવા અસંખ્ય બનાવો આવે છે. આપણા દેશમાં રોજ ખૂન, ચોરી, લૂંટ જેવી બાબતો બહુ સામાન્ય થઈ પડી છે.

કેટલા બધા દેશોમાં દુકાળની સ્થિતિ પ્રવર્તે છે. લોકોને જીવતા જીવ ખોરાક પાણી ન મળે, એ કેટલી મોટી અશાંતિ! આફ્રિકામાં ઈથિયોપિયા, સુદાન, ઝંબાવે, સોમાલિયા; એશિયામાં ભારત, બાંગ્લાદેશ, ચીન જેવા દેશોમાં તેમજ દક્ષિણ અમેરિકાના ઘણાં રાજ્યોમાં દુકાળનો ભય વ્યાપ્યો છે. આવતા વરસોમાં જો દુકાળ રાહત વ્યવસ્થા ગોઠવવા આપણે નિષ્ફળ જઈશું, તો ઘણા લોકો મોતના મુખમાં ધકેલાઈ જઇ શકે.

એથી પણ ભયાનક દુર્દશા સર્જી છે, આપણી નૈતિકતાએ. વિશ્વમાંથી નૈતિક મૂલ્યો ધોવાઈ રહ્યાં છે. નાની ઉંમરે જાતિયતાનું શિક્ષણ આપવાની પ્રણાલીએ કિશોરોને જાતિયઘેલા કર્યા છે. અપરણિત માતાપિતાના બનવાના કિસ્સા વધતા જાય છે, એથી પણ શરમજનક સ્થિતિ વિકસિત દેશોએ સર્જી છે. સજાતિય વ્યવહારોમાં તેઓને કશું અજુગતુ લાગતું નથી. એથી જ એઈડ્સ (એકવાયર્ડ ઈમ્યુનો ડેફિસીન્સી સિન્ડ્રોમ) નામની મહામારીની શરૂઆત ત્યાંથી થઈ છે. શરીરમાં

પ્રવાહી કેફી દ્રવ્યો, લોહી અને વિર્ય વાટે ફેલાતી આ બીમારી ભારત સુધી આવી પહોંચી છે!

વિશ્વશાંતિ અંગે કામ કરતા યુનોને છેંતાળીસ વરસ પૂરાં થયાં છે. કેટલાક પ્રશ્નો ઉકેલવામાં યુનો મદદરૂપ થયું છે, તો બીજા કેટલાય નવા પ્રશ્નો ઊભા થયા છે. ઈઝરાયલ, ઉત્તર કોરિયા અને દક્ષિણ આફ્રિકા જેવા નાના દેશો યુનોના ઠરાવોની ધરાર અવગણના કરે છે. દુનિયામાં માનવ હકો અંગે દેખરેખ રાખતી એમનેસ્ટી ઈન્ટરનેશનલ સંસ્થાએ એકત્રીસ વરસ પૂરાં કર્યા છે. એણે નાના દેશોથી માંડી મોટા દેશોમાં નાગરિક હકોની થતી અવહેલના અંગે વારંવાર અંગુલી નિર્દેશ કર્યો છે. પણ કોણ સાંભળે છે?

શાંતિ પ્રયાસો હંમેશાં નિષ્ફળ જતા નથી. છેલ્લા બે-ત્રણ વર્ષથી અમેરિકા વિશ્વના બે કટ્ટર દુશ્મનોને શાંતિવાર્તા માટે એક ટેબલ પર લાવવા ઈચ્છતું હતું એ ઈઝરાયલ અને પી.એલ.ઓ.એ હવે હાથ મિલાવ્યા છે. સપ્ટેમ્બર ૧૯૯૩માં તેઓની વચ્ચે શાંતિ સંધિ થઈ ગઈ છે. એ પ્રમાણે ઈઝરાયલની હકુમતવાળા ગાઝા અને યરેખોની આસપાસના પ્રદેશમાં પેલેસ્ટીનીઓ તેમનું સ્વાયત્ત રાજ્ય સ્થાપી શકશે. યુનોએ પણ આ શાંતિ પ્રયાસોમાં પ્રશંસનિય કામગીરી બજાવી છે.

આધ્યાત્મિકવાદ વિશ્વને શાંતિ તરફ દોરી શકે, એવી આશા રાખી શકાય પણ આજે દુનિયાના કેટલાક ધર્મશ્રદ્ધાળુઓ હિંસામાં સંયડોવાયેલા છે. એમને કોણ રોકે? મહેશ યોગી વર્ષોથી વિશ્વશાંતિ અંગે કોઈ યોગવિદ્યા અજમાવવાની વાતો કરે છે. ભૂતકાળમાં એ અંગે મોટું ભંડોળ ઊભું કરવા, સમાચાર પત્રોમાં વાચ્યું હતું.

શાંતિ એવી બહુમુલ્ય અને કિંમતી છે કે, કોઈ પણ ભોગે એની કિંમત ચૂકવી ને એ પ્રાપ્ત કરી શકાય નહિ. એને માટે નાણાભંડોળની કોઈ જરૂર નથી. હકીકતમાં શાંતિ મફતમાં મફત છે. જેને ખરીદવા એક પૈસો પણ આપવાની જરૂર નથી.

મોટા ભાગના ધર્મો હિંસાના વિરોધીઓ છે. એવો સંદેશ શું માણસના હૃદય સોંસરો ન ઊતારી શકાય? જો એ શક્ય બને તો પૂરા માનવ સમાજમાં સાચી ધર્મભાવના જગાડી શકાય.

વિજ્ઞાન માને છે કે બધાં જીવો એક કોષી જીવમાંથી ઉદ્‌ભવ્યાં છે. એટલે પ્રથમ એક પુરુષ અને એક સ્ત્રી હતાં. એમાંથી આખી માનવ સૃષ્ટિ ઉત્પન્ન થઈ, ધર્મપ્રિય લોકો એવા જીવો ઈશ્વરે સર્જ્યા હોવાનું માને છે. તેમાં પણ પ્રથમ એક નર-નારીમાંથી માનવ જીવન પાંગર્યું હોવાનું મનાય છે. એટલે હકીકતમાં તો એક જ મા અને બાપનાં બધા સંતાનો થયાં. એ રીતે વિશ્વમાં વસતાં બધાં ભાઈ-બેન એકબીજાનાં અંગત સગપણમાં જ આવે. છતાં આજે આપણી વચ્ચે ધિક્કાર, વેરભાવ, અપ્રેમ, વાસના, ત્રાસ, હિંસા જેવાં દૂષણો વ્યાપેલાં છે. એવા દૂષણો નિર્મૂળ કરવા ધર્માધિકારીઓએ આગળ

આવવું જોઈએ અને બધાં ધર્મજનોને પ્રેમગાંઠે બંધાઈ જવા આહ્વાન આપવું જોઈએ. લોકો એકબીજા પ્રત્યેના વેરભાવ ભૂલી શાંતિના માર્ગ તરફ વળે, એવું શિક્ષણ આપવું જોઈએ તો પરમેશ્વરની આશિષ પણ આપોઆપ મળી રહે.

અત્યારે કેટલા બધા લોકો રક્તદાન, કિડનીદાન અને કન્યાદાન કરવામાં ગૌરવ સમજે છે. તો શું પારકાનું લોહી વહેતું આપણે ન અટકાવી શકીએ? એ માટે દરેક નાગરિકે પ્રથમ વિશ્વશાંતિ સેવક બનવું પડે. પોતે અખંડ શાંતિનું પાલન કરવું અને બીજાઓને પણ એવી પ્રેરણા આપતા રહેવુ. એમ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિશ્વશાંતિ સેતુ સાંધી ધર્મ-ધર્મ વચ્ચે એનું ભવ્ય જોડાણ કરી શકાય.

ધર્માધ્યક્ષોને દેશનેતાઓ પણ માનથી જુએ છે. એ માટે ધર્માધ્યક્ષોએ શાંતિ-સ્વરૂપ ઘડી, દેશનેતાઓનું અનુમોદન મેળવવું જોઈએ. એવી શાંતિ નીતિ પ્રજા અને દેશ-પરદેશમાં લાગુ કરી શકાય. બધાના સહકાર વડે ગમે તેવા બે દુશ્મનોને પણ મનાવી શકાય. એમ વિશ્વશાંતિ પ્રક્રિયાને વેગવાન કરી અણુશસ્ત્રોને નાકામ કરવાની યોજના અમલમાં મૂકી શકાય. એવા શસ્ત્રોને દરિયાના પેટાળમાં દફનાવી લશ્કરી ખર્ચમાં ઘટાડો કરી શકાય. એથી બચેલાં નાણાનો માનવહિતના કાર્યમાં ઉપયોગ કરી શકાય.

પ્રથમ આપણે વિશ્વશાંતિ પડકાર ઝિલી લેવો પડે. પછી મોટી વિશ્વશાંતિ ઝુંબેશ ઉપાડી શકાય. એ બધું સફળ થાય તો, આવતી કાલના પરમસુખી વિશ્વનું આપણે ઘડતર કરી શકીએ. જેમાં કેવળ શાંતી મહેકતી હોય!

રાજકોટના અંકુર ટ્રસ્ટ મારફતે ૧૯૮૬માં વિશ્વશાંતિ વર્ષ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં મારા ઉપરોક્ત નિબંધને પારિતોષિક એનાયત થયું હતું. એ નિબંધ જરૂરી ફેરફાર સાથે રજુ કર્યો છે.

⌘ ⌘ ⌘

## ૫

## અવકાશમાં કદમ

આકાશમાં દિવસે સૂર્ય પ્રકાશે છે અને રાત્રે ચંદ્ર તથા તારાઓ ઝગમગે છે. ક્યારેક વાદળોમાં રંગબેરંગી આકારો બદલાય છે અને ચોમાસાના દિવસોમાં સપ્તરંગી મેઘધનુષ દેખાય છે, આ બધું બહુ સોહામણું લાગે છે. એથી ચંદ્રકથાઓ અને તારાઓના પ્રદેશની પરીકથાઓ લોકોની કલ્પનામાં આવી. આકાશ એટલે અવકાશ. ખાલી જગા. ત્યાં બીજું શું હોય શકે? ત્યાં જવાનું કોને મન થાય? કેવળ કલ્પનાના ઘોડા જ દોડે ને! સમય જતાં શક્તિશાળી દૂરદર્શક યંત્રો વડે આકાશ દર્શન થયું. સૂરજ, ચંદ્ર અને ગ્રહોની સ્થિતિ સમજવા પ્રયત્નો હાથ ધરાયા. તો પણ લાખો માઈલ દૂર આવેલા ગ્રહો અને જ્યોતિઓનો સંપૂર્ણ ખ્યાલ તો ક્યાંથી આવે.

અવકાશ તળેના વાતાવરણમાં વિમાન, હેલીકોપ્ટર, બલૂન અને પક્ષીઓ ઊડે છે પણ શું એથી ઊંચે અવકાશમાં ઊડી શકાય? વિજ્ઞાનને તો વાચા ફૂટવી જોઈએ. પછી આપોઆપ એ સબંધી અખતરા શરૂ થઈ જાય. બીજા વિશ્વવિગ્રહ વખતે જર્મનોએ યુદ્ધ રોકેટોનો ઉપયોગ કર્યો હતો. એ સબંધી ૫૦'ના દાયકામાં અવકાશીક્ષેત્રે મોટું સંશોધન હાથ ધરાયું. અને એવી વાત બહાર આવી કે અમેરિકા અને રશિયા અવકાશમાં દૂર સુધી ઊડી શકે એવાં રોકેટો બનાવવા સફળ થયાં છે. શરૂઆતમાં જેટ વિમાનોને ઊડતાં જોઈ શહેરમાં અને ગામડાંમાં લોકો ટોળે વળી જતાં; કહેતાં, જુઓ પેલુ રોકેટ ચાલ્યું! કેમ કે જેટની પાછળ ધુમાડાની લાંબી પૂંછડી બંધાય છે.

૧૯૫૭માં રશિયાએ સ્પુતનિક-૧ નામનો પ્રથમ ઉપગ્રહ છોડ્યો અને તરત ૧૯૫૮માં અમેરિકાએ એક્સપ્લોરર-૧ ઊડાડ્યો. આ અખતરા અવકાશનો અભ્યાસ કરવા માટે હતા. કોઈ પણ પદાર્થ વાતાવરણમાંથી અવકાશમાં પ્રવેશતાં ભારે ઘર્ષણ થવાને લીધે ગરમ થઈ, સળગી ઊઠે છે. એના લીધે અમેરિકી રૂસી રોકેટો 'નૉઝ કોન'ની શંકુ આકારની રચનાથી બનાવાયાં. એથી વાતાવરણ અને શૂન્યાવકાશના ઘર્ષણની અસર એના પર થતી નથી. શું અવકાશમાં માનવનિર્મિત વાહન સરળતાથી ફરી શકે? કેમ કે ત્યાં આવકાશમાં કંઈ જ નથી. એની વાહન પર કેવી અસર થાય? પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર નીકળતાં વાહનને બીજું કોઈ બળ લાગે ખરું? એ તપાસવા વારંવાર સ્વયંસંચાલિત ઉપગ્રહો અવકાશમાં છોડવામાં આવ્યા. એ બધા અવકાશમાં જેમ ને તેમ ફરતા રહ્યા. અવકાશમાં એમનું અસ્તિત્વ, એમાં રહેલા બળતણ પર નિર્ભર હતું. એવાં અવકાશી રોકેટો બનાવવામાં આવ્યાં. જે પૃથ્વી પરથી અવકાશમાં ઊડી ગયાં અને નિર્ધારિત સમયે પૃથ્વી પર પાછાં આવ્યાં. આ અખતરાએ માણસ માટે અવકાશયાત્રાનો માર્ગ મોકળો કર્યો. શરૂઆતમાં રશિયાએ એક કૂતરીને પોતાના યાનમાં મુસાફરી કરાવી, જ્યારે અમેરિકાએ ઉંદર અને વાંદરાઓને અવકાશમાં મોકલ્યાં. આ જાનવરો પર આવકાશમાં થયેલી અસરનો અભ્યાસ

કરવામાં આવ્યો. તેઓ બધાં સલામત માલૂમ પડ્યાં એથી માણસને અવકાશમાં ઊડાડવાની યોજના હાથ ધરાઇ. માણસને આવકાશમાં લઇ જવા ખાસ પ્રકારનું યાન તૈયાર કરવામાં આવ્યું. તેમાં એને બેસવા, ઊઠવા, સૂવા, પ્રયોગો કરવા, નિત્યક્રમે જવા વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. ઇ.સ. ૧૯૬૧માં સૌ પ્રથમ રશિયાનો યુરી ગાગારીન વાસ્તોક-૧ નામના અંતિક્ષયાનમાં અવકાશમાં ઊડ્યો. એણે અંતરિક્ષની એક પરિક્રમા કરી દુનિયાને તાજુબ કરી દીધી. એ પછી અમેરિકાનો શેપર્ડ ફ્રિડમ-૭ વડે અવકાશમાં ઊડયો. અવકાશની મુસાફરી જાણે પરદેશની મુસાફરી બની ગઇ! આ સમાનવ ઉડ્ડયનો વડે અવકાશને નરી આંખે જોઇ શકાયું. મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ અને સૂર્ય તથા ચંદ્રના સ્થાન, ભ્રમણકક્ષા, તેમનાં કદ વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવવા લાગ્યો. પછી તો વારંવાર આવાં ઉડ્ડયનો અવકાશમાં થતાં રહ્યાં. એ સાથે સાથે નવતર પ્રયોગો હાથ ધરાયા.

## અવનવા અખતરા અને અનુભવ

અવકાશયાનમાં બેસી દૂર આકાશમાં ઊડવું, એ સાધારણ વાત નથી. વિમાનની મુસાફરી કરતાં આ તદ્દન જુદી વાત છે. કેમ કે અવકાશમાં કોઇ પણ પદાર્થને ગુરુત્વાકર્ષણ જેવું બળ લાગતું ન હોય, કોઇ પણ વસ્તુ ઉપર વજન વિહીન સ્થિતિમાં આવી જાય છે. એટલે એવી સ્થિતિમાં યાનમાં કેવી રીતે રહેવું એ અંગેની ખાસ તાલીમ આપવામાં આવે છે. તેમાં તેમણે કેમ ખાવું, સૂવું, ઊઠવું, બેસવું, નિત્યક્રમે જવું વગેરે બધું જ શીખવું પડે છે. મોટાભાગે બટકું ભરીને ખાવાનો ખોરાક તેમને અપાય છે. કેમ કે ખોરાક મોંમાં મૂકવા જતાં કદાચ હવામાં તરતો થઇ જાય તો? નિત્યક્રમે જવા માટે પણ એવી જ મુશ્કેલી રહેલી છે. એક અમેરિકી અવકાશયાત્રીને તો એનો અનુભવ થઇ ચુક્યો છે. કેમ કે હાજતે જતાં એનો મળ મળપાત્રમાં બરાબર ન ઝિલાતાં, હવામાં તરતો થઇ ગયો હતો!

એક વખત રૂસી અવકાશયાત્રીઓ તેમના યાન પાસે કોઇ ચળકતા પદાર્થોને તરતા જોઇ ગભરાઇ ગયા હતા. તેમણે નીચે ભૂમિકેન્દ્રને જાણ કરી. ભૂમિકેન્દ્રના પડદા પર એ પદાર્થ દેખાતો ન હતો. તેમણે અવકાશયાત્રીઓને એનું બરાબર નિરીક્ષણ કરવા જણાવ્યું. થોડીવારમાં બે ચળકતા ડબાઓ યાનની નજદીક આવી પહોંચ્યા. અવકાશયાત્રીઓને આશ્ચર્ય થયું, કેમ કે એ તો તેમણે અવકાશમાં ફંગોળી દીધેલાં મળ પાત્રો હતાં!

સૂવા માટે તેમણે કોથળીમાં ભરાઇને સૂવું પડે છે. તેમણે ખાસ પ્રકારનો આકાશી પોશાક પહેરવો પડે છે. જેમાં તેમના શરીરને વાતાવરણવિહીન અવસ્થાની અસર ન થાય અને જીવનજરૂરી પ્રાણવાયુ મળતો રહે. ૮૦ દિવસ અવકાશમાં ગાળનાર કિલમુક નામનો રૂસી અવકાશયાત્રી લખે છેઃ ‘જ્યારે હું વજનવિહીન સ્થિતિમાં આવ્યો, ત્યારે મારા શરીરના બધા અવયવો છૂટા પડી તરતા હોય એમ લાગ્યું. મારા

ગળામાં ડૂમો ભરાયો. મેં વજનવિહીન દશાનો સામનો કરવાની તાલીમ લીધી હતી. તેમ છતાં જયારે ખરેખર સતત એ દશામાં, એટલે કે ગુરુત્વાકર્ષણમુક્ત દશામાં રેહવું પડ્યું, ત્યારે મેં સ્વસ્થતા ગુમાવી દીધી. હું મારું શરીર જોઈ શકતો હતો પણ એના વિષે અભાન હતો. મારું શરીર છે જ નહિ, એમ મને લાગતું. વજન વિનાની આંગળીઓ વડે મેં મારા પટ્ટા છોડ્યા તરત હું તરવા લાગ્યો અને મારા સાથી સાથે અથડાતાં રહી ગયો! ૧૯૭૩ના ડિસેમ્બરમાં સોયુઝ -૧૩ મારું અતરિક્ષયાન હતું.'

અવકાશમાં યાન બહાર નીકળવું, દોરી વડે લટકાઈ રહેવું એવા પ્રયોગો થયા. રેશમની દોરી વડે યાન બહાર હવામાં વધુ સમય ગાળવાનો પ્રથમ પ્રયોગ અમેરિકાએ સિદ્ધ કર્યો હતો.

અવકાશમાં ટનબંધી વજનવાળા ઉપગ્રહો, અવકાશયાનો અને પ્રયોગશાળાઓ હવામાં ફંગોળવાં એ પણ મહત્ત્વની વાત છે. એ માટે ભૂમિ રોકેટો મદદરૂપ થાય છે. ચંદ્ર પર મોકલેલા એપોલો યાનને અંતરિક્ષમાં ફેંકવા સેટર્ન-૫ નામના રોકેટનો ઉપયોગ થયો હતો. એ ૩૬૧ ફૂટ ઊંચું હતું, અને ૪૫-૯૦ ટન જેટલું વજન હવામાં ફેંકવાની એની ક્ષમતા હતી. રશિયા એનાં અવકાશયાનોને અંતરિક્ષમાં ઊડાડવા એસ-એસ-૯ રૉકેટનો ઉપયોગ કરે છે. એ માટે અવકાશમાં ફેંકાનાર પદાર્થને રોકેટની ટોચે બેસાડવામાં આવે છે. પછી એને રોકેટનો શક્તિશાળી ધક્કો મારવામાં આવે છે. એ સાથે જ અગ્નિજ્વાળાઓ છોડતું યાન અવકાશમાં ધસી જાય છે.

## ચંદ્ર પર ચઢાઇ

૬૦'ના દાયકા દરમિયાન રશિયા-અમેરિકાનાં સ્પર્ધાત્મક ઉડ્ડયનો થતાં રહ્યાં. અવકાશમાં વધુ પરિક્રમાઓ કરવી, વધારે કલાકો ઊડવું, વધારે ઊંચું ઉડાણ ભરવું. એમ કરતાં કરતાં તેઓ ચંદ્રની નજીક પહોંચી ગયા. ચંદ્ર જેમ દેખાય છે તેમ, ઠંડો અને શાંત છે ચંદ્રને પોતાનું અજવાળું નથી પણ સૂર્યપ્રકાશનાં કિરણો પરાવર્તિત કરી, એ પ્રકાશિત લાગે છે. અવકાશી અખતરા પહેલાં વિજ્ઞાને આ શોધી કાઢ્યું હતું. એથી ચંદ્રકિરણો કે ગરમીની અવકાશયાત્રીઓને ધાસ્તી લાગી નહિ. અમેરિકાના નીલ આર્મસ્ટ્રોંગ ૧૯૬૯માં પ્રથમ ચંદ્ર પર પગ મુક્યો. ત્યારે એની સાથે બીજો યાત્રી એડવીન ઓલ્ડ્રીન હતો. ચંદ્ર ઊડાણમાં અમેરિકાના એપોલો-૧૧ યાનનો ઉપયોગ થયો હતો.

ઍપોલો-૧૧ ચંદ્ર સુધી ઊડી ગયું. ચંદ્રની ભ્રમણકક્ષામાં ઊડતાં, એમાંથી લ્યુનાર મોડ્યુલ નામનું ચંદ્રયાન છૂટું પડ્યું. સ્ટુલની જેમ ચાર પગોની બેઠકવાળું યાન ઝોલા ખાતું ચંદ્ર ઉપર પોતાના પગ ગોઠવી ઊભું રહ્યું. તેમાંથી બહાર આવવાના દરવાજા પાસે સીડી ગોઠવી નીલ આર્મસ્ટ્રોંગ બહાર નીકળ્યો. ધીરેધીરે સીડી ઉતરી એણે ધીમે પગે ચંદ્રધરા પર પગ મૂક્યો. દુનિયાના ઈતિહાસમાં અવકાશક્ષેત્રે એ મોટી સિદ્ધિ

બની ગઇ. ચંદ્ર પર અવકાશયાત્રીઓ પા-પા પગલે બાળકોની જેમ ફરવા લાગ્યા. કેમ કે ત્યાં વાતાવરણ અને ગુરુત્વાકર્ષણ ન હોવાથી, નાનું ડગ ભરતાં, લાંબુ ડગ ભરાઇ જતું અને લાંબું ડગ માંડતાં, કૂદકો વાગી જતો. યાત્રીઓને ચંદ્ર એક વેરાન પ્રદેશ લાગ્યો. તેમણે ચંદ્ર પર અમેરિકાનો ધ્વજ લહેરાવ્યો અને રોમના પોપે તેમને આપેલા બાઇબલના કેટલાંક વચનોની પ્રત ત્યાંની ધરતીમાં દબાવી. ત્યાંની જમીન વિષે ચકાસણી કરવા એક પોલી ધાતુની નળી જમીનમાં ઠોકી બેસાડી, એને પાછી ખેંચી કાઢી, અને બંને બાજુથી સીલ કરી તેમણે તે લઇ લીધી. તેમ જ ત્યાંની માટીના બીજા અનેક નમૂના પણ તેમણે એકઠા કર્યા.

ચંદ્ર પર પોતાના પ્રયોગો પતાવી, બંને યાત્રીઓ યાનમાં ગોઠવાયા અને લ્યુનાર મોડ્યુલનાં યંત્રો ફરી ગતિમાન કર્યા. ચંદ્રયાન ઊંચકાયું અને ઉડતું ઉડતું એપોલો પાસે જઇ પહોંચ્યું. ત્યારે એપોલો ચંદ્રની આસપાસ પરિક્રમા કરતું હતું. લ્યુનાર મોડ્યુલ અને ઍપોલોનું ફરી મિલન થયું. બંને અવકાશયાત્રીઓ ચંદ્રયાનમાંથી નીકળી ઍપોલોમાં જઇ ગોઠવાઇ ગયા. એ સાથે જ ચંદ્રયાનને ઍપોલોથી છૂટું પાડી દેવામાં આવ્યું. એ છૂટું થઇ એકલું ફરી વેરાન ચંદ્રની ધરતી પર જઇ પડ્યું.

જે ચંદ્ર-નમૂનાઓ અવકાશયાત્રીઓ સાથે લાવ્યા હતા, એ અમેરિકાની હ્યુસ્ટન લૅબોરેટરીમાં તપાસવામાં આવ્યા. એ પરથી ફલિત થયું છે કે ચંદ્રની માટીમાં કોઇ ભેજ નથી, પાણી નથી કે ધાતુ પણ નથી. એથી ત્યાં જીવનની પણ કોઇ શક્યતા નથી.

એ સાથે રશિયાએ પણ ચંદ્ર પર સ્વયંસંચાલિત યાન ઉતાર્યું હતું. તેમાંથી એક ચાલણગાડી છૂટી પડી ચંદ્રપ્રદેશમાં ચાલવા લાગી. રશિયાના ભૂમિકેન્દ્રોએ એનું સંચાલન કર્યું હતું. ફરી અમેરિકાએ ચંદ્રની એક સફર કરી. તેમાં અવકાશયાત્રીઓ ચંદ્ર ઉપર ઊતરી, નાની મોટરમાં બેસી આમતેમ ફર્યા. અગાઉ તેમનું ચંદ્રયાન જ્યાં પડ્યું હતું, ત્યાં જઇ તેમણે ચંદ્રયાનના કેટલાક ભાગો છૂટા કરી લઇ લીધા. પૃથ્વી પર એ ભાગોની ચકાસણી કરવામાં આવી. તપાસમાં એ ભાગો પર ધૂળ, કોઇ રજકણ, ડાઘ, કાટ અથવા ફૂગ કે ભેજની કોઇ અસર માલૂમ પડી નહિ. એ પરથી સ્પષ્ટ થાય છે કે ત્યાં પાણી, ભેજ કે વાતાવરણ છે જ નહિ. ત્યારથી થોડા સમય માટે અમેરિકાએ ચંદ્ર ઉડ્ડયન થંભાવી દીધું. ભવિષ્યમાં ચંદ્રનો ઉપયોગ કરી અવકાશમાં ઉડ્ડયનના વિસ્તૃત પ્રયોગો કરવાની અમેરિકાની યોજના છે.

## અવકાશી ગ્રહો અને ઉપગ્રહો

ચંદ્ર પર ચઢાઇ પછી અમેરિકા અને રશિયાને અવકાશમાં રહેલા બીજા ગ્રહોનું ઘેલું લાગ્યું. એથી ચંદ્ર ઉડ્ડયનો થંભાવી દઇ બીજા ગ્રહો પર ઊડવાના પ્રયોગો કરવામાં આવ્યા. આ બધા ગ્રહો ચંદ્રથી ઘણા દૂર હોઇ, ત્યાં આજ સુધી અમાનવ ઉડ્ડયનો થતાં રહ્યાં છે. ત્યાં પહોંચતાં પણ ઘણો લાંબો સમય નીકળી જાય. અમેરિકાનું સ્વયંસંચાલિત વાઇકિંગ મંગળના અભ્યાસે ગયું. પાયોનિયર શુક્ર ઉપર ગયું અને ગુરુની યાત્રા

પણ કરી. જ્યારે મેરિનર અને હોલિયોસે બુધ અને સૂર્યનો અભ્યાસ કર્યો. આ બધા ગ્રહોનાં સંખ્યાબંધ ચિત્રો અમેરિકાએ મેળવ્યાં. તેનો વિગતવાર અભ્યાસ કરતાં, ત્યાં જીવન હોવાની કોઇ શક્યતા જણાતી નથી. કદાચ મંગળની જમીનમાં ભેજ હોય શકે અને ભેજ હોય તો પાણીની શક્યતા ખરી અને જ્યાં પાણી હોય ત્યાં જીવનની શક્યતા પણ નકારી ન શકાય.

છતાં આ ઘડીએ માણસને કોઇ પણ ગ્રહમાં વસાવવાની આશા નહિવત્ છે. અગાઉ લોકો મંગળલોકની કલ્પના કરતા હતા. એ કપોળકલ્પિત ઠરી છે. અવકાશમાં ક્યારેક કોઇ રકાબી જેવો પદાર્થ તરતો દેખાય છે. એ શું કોઇ બહુ વિકસિત ગ્રહનું યાન હશે? એ સંબંધી પણ બહુ ચર્ચા થઇ છે. વિજ્ઞાન એને યુ.એફ.ઓ. (અન આઇડેન્ટીફાઇડ ઑબ્જેક્ટ એટલે કે વણઓળખાયેલો પદાર્થ) તરીકે ઓળખાવે છે.

૧૯૮૬માં હૅલીનો ધૂમકેતુ ૭૫ વરસના લાંબાગાળા પછી આકાશમાં ફરી દેખાયો હતો. દરેક વિજ્ઞાનીને એના જીવનમાં એક વાર આ ધૂમકેતુ જોવાનું ભાગ્ય પ્રાપ્ત થાય છે. એનો સવિશેષ અભ્યાસ કરવા વિજ્ઞાનીઓ તૈયાર રહે છે. એથી વિશ્વના મોટા ભાગના દેશો હૅલીના અભ્યાસમાં ભાગ લે છે. ૧૯૮૬માં રશિયાનાં બે, અમેરિકાનાં બે અને જાપાનનાં પણ બે એમ છ અવકાશયાનોએ હૅલીનો અભ્યાસ કર્યો હતો. અમેરિકાનું અમાનવયાન વોરિયર હૅલીનો અભ્યાસ કરી યુરેનસ પાસેથી પસાર થઇ સૂર્યની માહિતી પણ મેળવી હતી. એટલે ૧૯૬૯ પછી ૧૯૮૬નું વરસ અવકાશી અભ્યાસ માટે મહત્ત્વનું સાબિત થયું હતું.

ગ્રહોના અભ્યાસની સાથે સાથે અમેરિકા,રશિયા, ફ્રાંસ, બ્રિટન, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા અને બીજા કેટલાક દેશોએ અવકાશમાં પોતાના ઉપગ્રહો તરતા મૂક્યા છે. એમાંના કેટલાક વહેલી પરોઢે અથવા મોડી સાંજે નરી આંખે ફરતા જોઇ શકાય છે. ક્યારેક દૂર આકાશમાં ફરતા તારા દેખાય છે; એ એવા ઉપગ્રહો છે. આ ઉપગ્રહો સંદેશાવ્યવહાર અને દૂરદર્શનમાં ખૂબ મદદરૂપ છે. કેટલાક ઉપગ્રહોમાં દૂરબીન ગોઠવાયેલાં છે. એ પૃથ્વી પર કોઇ પણ જગાની જાણ કરી શકે છે. એથી જાસૂસીના કામ માટે પણ ઉપગ્રહો મહત્ત્વનો ભાગ ભજવે છે. રશિયાનો કોસ્મોસ અને અમેરિકાનો અર્લીબર્ડ એવી પ્રવૃત્તિમાં સામેલ છે. આ ઉપગ્રહો મારફતે પ્રતિસ્પર્ધી દેશનાં અણુ સંસ્થાનો, લશ્કરી મથકો અને બીજાં વ્યૂહાત્મક સ્થાનો પર નજર રખાય છે. અવકાશમાં આપણાં ઉપગ્રહો ગોઠવવામાં રશિયા, અમેરિકા અને ફ્રાન્સ આપણને મદદ કરે છે. ભારતે છોડેલા ઉપગ્રહોમાં આર્યભટ્ટ, ભાસ્કર, ઍપલ, ઈન્સેટ-૧ અને ઈન્સેટ-૨નો સમાવેશ થાય છે. આપણા દેશમાં હમણાં દૂરદર્શન પ્રસારણનો ફેલાવો બેફામ વધી રહ્યો છે. એ ઉપર્યુક્ત ઉપગ્રહોને આભારી છે. અત્યારે અવકાશમાં ઉપગ્રહો માટે સલામત ગણાતો વિસ્તાર ઉપગ્રહોથી છલકાવા લાગ્યો છે. એમ તો અંતરિક્ષ કલ્પનામાં ન આવે, એવું વિશાળ છે, છતાં તેમાંનો બધો વિસ્તાર ઉપગ્રહો માટે સલામત નથી.

# અવકાશમાં પ્રયોગશાળાઓ

અવકાશમાં આવવા-જવા ખૂબ અણુશક્તિ વપરાય છે અને બીજી બધી સામગ્રી પાછળ અઢળક ખર્ચ થાય છે. એવો ખર્ચ ઘટાડવા માટે અવકાશમાં લાંબો સમય રહી, સંશોધન કરવા માટેનાં કેન્દ્રો ઊભા કરવા યોજનાઓ ઘડાઇ. એને પરિણામે ૧૯૭૩માં અમેરિકાએ 'સ્કાયલેબ' નામની તોતિંગ પ્રયોગશાળા અવકાશમાં તરતી મૂકી. એ પ્રયોગશાળા ત્રણ શયનખંડ જેવડી મોટી હતી. એની લંબાઇ ૧૧૮ ફૂટની હતી. પૃથ્વીની આસપાસ અને દર ૯૩ મિનિટમાં એક ચક્કર લગાવતી હતી. તેમાં અવકાશી સંશોધન અંગેની અત્યાધુનિક યંત્રસામગ્રી ગોઠવવામાં આવી હતી. એ વખતે ત્યારનું છેલ્લી કક્ષાનું એ સંશોધન-કેન્દ્ર હતું. ૧૯૭૩માં તેમાં ત્રણ અવકાશયાત્રીઓએ પ્રથમ ૨૮ દિવસ પછી ૫૯ દિવસ અને છેલ્લે ૮૪ દિવસ સુધી પ્રયોગો કર્યા હતા. કુલ ૧૭૧ દિવસની એની માહિતી અંગે આજે પણ સંશોધન ચાલી રહ્યું છે. તેમાં ફક્ત સૂર્યને લગતાં જ ૧,૭૫,૦૦૦ ચિત્રો લેવાયાં હતાં.

વખત જતાં એમાં મુશ્કેલી સર્જાઇ. એની દુરસ્તી માટે પૃથ્વી પરથી ત્યાં ઇજનેરો મોકલવામાં આવ્યા. તેમણે અવકાશમાં સ્કાયલેબની મરામત કરી પણ તે લાંબો સમય ન ટકી. ૧૯૭૯માં અમેરિકાએ એને પૃથ્વી પર તોડી પાડવાની યોજના જાહેર કરી. વિશ્વના દેશોને સાવધાન રહેવા સૂચના આપવામાં આવી. કેમ કે એનાં યંત્રો બરાબર કામ કરતાં ન હોવાથી એ ગમે ત્યાં પડે, એવી સ્થિતિ હતી અને બન્યું પણ એવું જ. ભડકે બળતી સ્કાયલેબ ઑસ્ટ્રેલિયાના પર્થ શહેરની પાસે હિંદી મહાસાગરમાં ખાબકી હતી.

એ સાથે રશિયાએ પણ સાલ્યુત નામની પ્રયોગશાળા અવકાશમાં મોકલી હતી. ૧૯૮૫ના ઑક્ટોબરમાં સાલ્યુતની ૭મી કક્ષાની પ્રયોગશાળા સલામત પૃથ્વી પર ઉતારી લેવાઇ. રશિયાના અવકાશયાત્રીઓ છેલ્લાં બે વર્ષથી તેમાં પ્રયોગો કરતા હતા. એમને પુરવઠો પહોંચાડવા પ્રોગ્રેસ નામનું સ્વયંસંચાલિત યાન વપરાતું હતું. જ્યારે યાત્રીટોળીઓની હેરાફેરી માટે સોયુઝ યાન આવ-જા કરતું હતું. એ જ સ્કાયલેબમાં આપણો અવકાશયાત્રી રાકેશ શર્મા બે રૂસી યાત્રીઓ સાથે એપ્રિલ ૧૯૮૪માં થોડા દિવસ રહી આવ્યો હતો. રાકેશને લઇ જનારું યાન સોયુઝ-૧૧ હતું જ્યારે એ સોયુઝ-૧૦માં તે પાછો ફર્યો હતો. રશિયાની સાલ્યુત પ્રયોગશાળા અવકાશમાં ૨૪૦ કિ.મી. ઊંચે ઊડતી હતી. એની લંબાઇ ૧૫ મીટર અને વજન ૨૦ ટન જેટલું હતું. આ પ્રયોગશાળામાં ત્રણ રૂસી અવકાશયાત્રીઓએ સળંગ દોઢવર્ષ સુધી રહી વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો!

હવે બંને દેશો એથી પણ અદ્યતન અને ભવ્ય પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં પડ્યા છે. રશિયા ''રેડ સ્ટાર'' નામની પ્રયોગશાળાનું નિર્માણ કરી રહ્યું છે. તેનો આકાર ગોળ પૈડા જેવો હશે. તેમાં યાત્રીઓ સહેલાઇથી વર્ષથી પણ વધારે સમય ગાળી શકશે. કૃત્રિમ ગુરૂત્વાકર્ષણ પેદા કરવાની એમાં શક્તિ હશે.

એવું મહાકાય સ્કાયલેબ અમેરિકા પણ તૈયાર કરી રહ્યું છે. તેમાં લાંબા સમય સુધી રહેવાની સગવડ હશે. તેમાં અમેરિકાનાં ફેરીબોટ (શટલો) આવ-જા કરશે. આ પ્રયોગશાળા ૧૯૯૦થી અવકાશમાં તૈયાર થઈ રહી છે. તેને ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન એવું નામ આપ્યું છે. અમેરિકાનાં બધાં જ શટલો તેની સાથે જોડાઈ તેને બાંધવાની સામગ્રી પૂરી પાડે છે.

## ક્રાંતિકારી અવકાશી શટલો

૧૯૮૧ સુધી કેવળ રશિયાનાં અવકાશયાનો જમીન પરથી ઊડી, પાછાં જમીન પર આવતાં. અમેરિકાનાં ઍપોલો યાન ઊડતાં તો જમીન ઉપરથી, પણ ઉતરાણ માટે એમને દરિયામાં ખાબકવું પડતું. કેમ કે પાછાં ઉતરતાં એમની ગતિ પૂરતી ઘટાડી શકાતી ન હતી. એથી યાન જમીન પર ટકરાઈ જવાની દહેશત રહેતી હતી.

અમેરિકા ૧૯૬૦થી કોઇ નવા જ યાનની શોધમાં હતું, જે ખર્ચમાં કરકસરીયું, નીવડે. એમના પ્રયત્નો ફળ્યા અને ૧૯૮૧માં તેમણે પ્રથમ શટલ કોલંબિયાનું સર્જન કર્યું. તે ઊડતી વખતે બુસ્ટર રોકેટોની મદદથી અંતરિક્ષમાં ઊડ્યું, અને ગ્લાઇડરની માફક જમીન પર ઊતર્યું. અત્યાર સુધીમાં રૂસી-અમેરિકી યાનો એક વાર વાપર્યા પછી નકામાં થઈ જતાં એના બદલે અમેરિકાએ કોલંબિયાનો વારંવાર ઉપયોગ કરી નવો ઈતિહાસ સજર્યો. એવા શટલનો વધારેમાં વધારે ૧૦૦ વાર ઉપયોગ થાય એવી એમાં ક્ષમતા રહેલી છે.

આવા એક શટલના ઉત્પાદન પાછળ દસેક અજબથી વધારે ડૉલરનો ખર્ચ થાય છે. એનું વજન ૧૨,૦૦,૦૦૦ કિલોગ્રામથી વધારે થાય. તેમાં પૃથ્વી પર સંદેશોની આપ-લે કરવા ૬,૦૦,૦૦૦ થી વધારે કોમ્પ્યુટર જોડાણ હોય છે. તેમાં ૧૫,૦૦૦ ગેલન પ્રવાહી પ્રાણવાયુ અને ૩,૭૦,૦૦૦ ગેલન પ્રવાહી હાઇડ્રોજનવાયુ ભરેલા નળાકારો હોય છે. શરૂઆતના કોલંબિયામાં બે યાત્રીઓ હતા. આજનાં ડિસ્કવરી અને એટલાંટીસ જેવા શટલમાં ૭ થી વધારે યાત્રીઓ માટેની સગવડો હોય છે. શટલના નિર્માણ સંબંધી અમેરિકાએ કહ્યું કે! 'અમે અવકાશનું ઉદ્યોગીકરણ કરવા માગીએ છીએ. અવકાશમાં સાધનસામગ્રી લઇ જઇ, ત્યાં અમે ઉત્પાદન કરીશું.'

૧૯૮૫ના એપ્રિલમાં અમેરિકાના ચેલેન્જર શટલમાં પાંચ યાત્રીઓ ઊડ્યા હતા. તેમણે ત્યારે ચાર વર્ષ પહેલાં છોડેલા અમેરિકી ઉપગ્રહ મેક્સ-૧૬ની મરામત કરી હતી. સૌરશક્તિ પ્રાપ્ત કરનારાં એનાં ઉપકરણો ખરાબ થઇ ગયાં હતાં. યાત્રીઓએ પ્રથમ એનો પીછો કરી એની સાથે થઇ ગયા, બે

અવકાશયાત્રીઓ યાન બહાર નીકળ્યા અને ઉપગ્રહ સુધી અવકાશમાં ચાલ્યા. તેમણે ઉપગ્રહને પકડી લીધો અને ચેલેન્જર પાસે ખેંચી લાવ્યા. ચેલેન્જર ઉપર ગોઠવેલો ૪૦ ફૂટ લાંબા યાંત્રિક હાથને કાર્યરત કરવામાં આવ્યો. એ હાથે મેક્સ-૧૬ને મજબૂત પકડી લીધો અને યાનના ભંડારિયામાં મૂકી દીધો. ત્યાં ચેલેન્જર યાત્રીઓએ યાનમાં બેઠાં બેઠાં એને દુરસ્તી કરી ફરી પાછો અવકાશમાં ફંગોળી દીધો!

અમેરિકાએ આવાં શટલોની ચાર આવૃત્તિ બનાવી છેઃ કોલંબિયા, ચેલેન્જર, ડિસ્કવરી અને એટલાંટીસ. આવાં શટલો મારફતે અવકાશમાં બધાં મળી ૪૦ જેટલાં ઉડ્ડયનો થયાં છે. તેમાં દરેક ઉડ્ડયન વેળા શટલ ઓછામાં ઓછો એક ઉપગ્રહ તો સાથે લઈ જાય છે. અમેરિકાએ આજ સુધી બ્રિટન, ઇન્ડોનેશિયા, જર્મની, ફ્રાંસ, જાપાન અને ભારત માટે અવકાશમાં ઉપગ્રહો તરતા મૂક્યા છે. વળી શટલો મારફતે અગાઉ જોઇ ગયા તેમ ઉપગ્રહોની દુરસ્તીનું કામ પણ થાય છે. જાન્યુઆરીની શરૂઆતે તેમનું શટલ ડિસ્કવરી અવકાશમાં જઇ આવ્યું. અને ફરી તરત શટલ ચેલેન્જરને ૨૮મી જાન્યુઆરીએ અવકાશમાં ઉડાડવામાં આવ્યું. તેમાં બે સ્ત્રીઓ સાથે કુલ સાત યાત્રીઓ હતા. ઊડતાની સાથે ફકત સાથે ફકત ૧૬ કિ.મી.ની ઊંચાઇએ જતાં, એક જ મિનિટમાં ચેલેન્જર આગનો ગોળો બની ફાટી ગયું અને તેમાં બેઠેલાં બધાં યાત્રીઓ માર્યા ગયાં. ત્યાર બાદ કોલંબિયા પણ દુર્ઘટનાગ્રસ્ત થયું અને તેમાં ભારતની કલ્પના ચાવલા મારી ગઈ.

છતાં પ્રમુખ રોનાલ્ડ રેગનના જણાવ્યા મુજબ ચેલેન્જરનો અંત એ શટલ-કાર્યક્રમનો અંત નથી. હાલ પૂરતો શટલ કાર્યક્રમ મોફૂક રખાયો છે. ભવિષ્યમાં વધુ ઉડ્ડયનો હાથ ધરશે.

## તારક-યુદ્ધ યોજના

પ્રથમ અંતરિક્ષનો ઉપયોગ ત્યાંની જાણકારી મેળવવા, ગ્રહોનો અભ્યાસ કરવા, દૂરદર્શન અને સંદેશવ્યવહારમાં મદદ કરવા થયો. હવામાનની જાણ રાખવા અને સૌરશક્તિના વિશેષ ઉપયોગ માટે પણ અંતરિક્ષ ઉડ્ડયનો મહત્વનાં બની રહ્યાં. અંતે અંતરિક્ષને યુદ્ધ મેદાનમાં પલટાવી નાંખવા પ્રયત્નો થઇ રહ્યા છે.

૧૯૮૨માં રશિયાએ કોસ્મોસ -૧૩૭૯ ઉપગ્રહ માર્ગ વડે અગાઉ છોડેલા બીજા કોસ્મોસનો પીછો કર્યો. ગણતરીના કલાકમાં એક મધ્યમ દૂરનું એસ.એસ. ૨૦ પ્રક્ષેપાસ્ત્ર અને સબમરીન પર ત્રાટકનાર, પ્રક્ષેપાસ્ત્ર અને એમનાં બે બેલેસ્ટિક અવરોધકો છોડીને અંતરિક્ષમાં યુદ્ધનો સફળ પ્રયોગ કર્યો હતો.

એના જવાબમાં અમેરિકાએ સપ્ટેમ્બર ૧૯૮૫માં ઉપગ્રહ-મારક પ્રયોગ કર્યો. જેમાં એફ-૧૫ જેટ વિમાનમાંથી ઉપગ્રહ મારક શસ્ત્ર પ્રશાંત મહાસાગર પર ૧૩,૫૦૦ મીટર ઊંચે ઉડાડવામાં આવ્યું. એણે અવકાશમાં ઊડી જઇ ૨૦૦ રતલ વજનવાળા નાકામ બની ગયેલા એક ઉપગ્રહને ખતમ કરી નાખ્યો.

એથી પણ મોટા પાયા પર અમેરિકાએ સ્ટારવોર એટલે તારક-યુદ્ધ યોજના બનાવી છે.

તેમાં હુમલાખોરનાં ઊડતાં પ્રક્ષેપાસ્ત્રો અંગે જાણકારી મળતાં એને બુસ્ટ અવસ્થામાં જ જમીન પર ખતમ કરી દેવાશે.

જે પ્રક્ષેપાસ્ત્રો બુસ્ટ અવસ્થામાં બચી જશે, એમને બીજા તબક્કામાં પ્રવેશતાં, એના માથામાં ફટકો મારી એનો સફાયો કરી દેવાશે. કેમ કે એના માથામાં બીજાં શસ્ત્રો લઈ એ ઊડતું હોય છે.

તેમાંથી ઊડીને જે શસ્ત્રો અંતરિક્ષમાં કૂચ કરશે, એમને ઓળખી કાઢી તોડી પડાશે. ત્યાંથી પણ બચી જતાં અસ્ત્રોને એમની યાત્રા પૂરી કરતાં કરતાં નષ્ટ કરી દેવાશે. પણ આ બધું કુલ ૨૦ મિનિટની અંદર અંદર કરવાનું રહેશે.

જો એક સાથે ૨૦૦૦ પ્રક્ષેપાસ્ત્રો છૂટે તો તેમાંનું દરેક એક સાથે ૧૦ પરમાણુ અસ્ત્રો છોડે. એટલે ૨૦,૦૦૦ પરમાણુ અસ્ત્રોનો પાંચથી સાત મિનિટમાં ખાતમો કરવો પડે. તેમાં પણ પરમાણુ અસ્ત્રો પાસે લાખોની સંખ્યામાં ડેકોય અસ્ત્રો હોય છે. એમને પણ ખતમ કરવાં પડે. આ બધું ૨૦ મિનિટમાં પતાવી દેવું પડે. એટલે હુમલાખોરના લાખો શસ્ત્રાસ્ત્રો સામે સંપૂર્ણ શક્તિશાળી રક્ષણ પૂરું પાડવું એ એક મોટું સાહસ છે.

અવકાશમાં પરમાણુ શસ્ત્રો પર નિયંત્રણ છે. એટલે ૧૦૦ કિ.મી. ની ઊંચાઈએ ઝડપથી પહોંચી જઈ,હુમલાખોરના પ્રક્ષેપાસ્ત્રોનો સંપૂર્ણપણે નાશ કરવો પડે.

આવા યુદ્ધપ્રયોગોમાં લેસર અને પાર્ટિકલ કિરણોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવામાં આવશે. કેમ કે લેસર ઘાતક કિરણો પેદા કરે છે. એ એક સેકંડમાં ૩,૦૦,૦૦૦ કિ.મી. થી અધિક ગતિએ દોડે છે. પાર્ટિકલ કિરણ એકસિલેટરના યંત્રમાંથી નીકળી પ્રકાશની ગતિએ દોડનાર પરમાણુ કણો છે. રશિયાએ આ બંનેનો સારો વિકાસ કર્યો છે. થોડા સમયમાં એ પોતાનું યુદ્ધ કેન્દ્ર અવકાશમાં સ્થાપી દે તો નવાઈ નહિ!

જોકે અમેરિકી સ્ટારવોરનો હેતુ કંઈક જુદો જ છે. કેમ કે તેમાં પોતાના દેશ પર કે સાથી દેશ પર હુમલાખોરનો પરમાણુ શસ્ત્રોનો હુમલો થાય તો, એવાં શસ્ત્રો નાકામ કરી નાખવાની યોજના છે. એથી સ્ટારવોરના હુમલામાંથી સલામત બચી શકે, એવું સુરક્ષિત પ્રક્ષેપાસ્ત્ર બનાવવું હુમલાખોર માટે મુશ્કેલ બની જશે. એથી કદાચ હુમલાખોરો માટે પરમાણુ અસ્ત્રો બનાવવાની યોજનાને ખોરંભી શકાય અને એમ થાય તો આણ્વિક શસ્ત્રોની ઘેલછા ઘટી જાય.

## સહકાર અને ભાવિ

પહેલવહેલાં અવકાશમાં જાનવરો મોકલવામાં આવ્યાં, પછી પુરૂષો ગયા અને હવે સ્ત્રીઓ પણ આકાશમાં ઊડે છે. રશિયાની સ્વેતલાના સાવિત્સકાયા પ્રથમ મહિલા અવકાશયાત્રી હતી. એ પછી અમેરિકાએ પણ સ્ત્રીને અવકાશમાં મોકલી હતી. ભવિષ્યમાં સગર્ભા સ્ત્રીને અવકાશમાં મોકલી એના પર થતી અસર

અંતરિક્ષ-પ્રસુતિ કરાવવાની પણ રૂસી યોજના છે. એના અનુસંધાનમાં થોડા સમય પહેલાં એક સોવિયેતયાનમાં વાનરો કેટલીક વનસ્પતિ, માછલીઓ અને સગર્ભા ઉંદરડીઓ અવકાશમાં મોકલવામાં આવી હતી. આ બધા પર શૂન્યાવકાશની અસરો વિષે અભ્યાસ થઇ રહ્યો છે કે આવા પ્રયોગોમાં અમેરિકાની પણ ભાગીદારી છે.

આવો એક સહિયારો પ્રયાસ ૧૯૭૫ માં થયો હતો. એ અરસામાં અમેરિકાએ અવકાશમાં બે યાનોને જોડવાની ક્રિયા હસ્તગત કરી હતી. એ આધારે રશિયા અમેરિકાનાં યાનો પોતપોતાના દેશમાંથી ઊડ્યાં, અંતરિક્ષમાં એકબીજાની નજદીક આવ્યાં અને રેલ્વે એન્જિન જેમ ડબ્બા સાથે જોડાઇ જાય તેમ, બંને યાનો એકબીજાની સાથે મજબૂત પકડમાં પકડાઇ ગયાં. આ પ્રયોગ બંને દેશોનાં એ વખતના નિખાલસ સંબંધોની પ્રતિતિ કરાવે છે. એ સિવાય અવકાશમાં બે ધાતુઓને જોડવાનો પ્રયોગ, અંતરિક્ષયાન અને ઉપગ્રહોની મરામત, ધરતી અને દરિયાના પેટાળમાં સમાયેલાં ખનીજ દ્રવ્યો શોધવાની આંતરિક તપાસ વગેરે બાબતો વિષે અંતરિક્ષ ઊડ્ડયનોમાં સારુ સંશોધન થયું છે. આજે પણ 'સ્પેશ સ્ટેશન' પર રશિયા-અમેરિકા સાથે જ કામ કરે છે.

આ બધા પ્રયોગો માણસ જાતની સુખાકારી માટે થતા હોય તો કેવું સારું! રશિયા-અમેરિકાએ એવી આશા રાખી હતી કે અવકાશી ગ્રહોમાં જઇ તેઓ ધાતુના ઢગ, તેલભંડારો અને યુરેનિયમ શોધી કાઢશે. ગ્રહોમાં ભેજ કે સાધારણ હવાવાળું વાતાવરણ હશે, તો ત્યાં માનવીના આવાસો ઊભા કરાશે. અવકાશમાં દૂરદૂર ઊડવા ગ્રહોમાં અંતરિક્ષમથકો ઊભાં થઇ શકશે પણ આજ સુધીની તપાસમાં ગ્રહોમાં કંઇ પણ મળવાની શક્યતા જણાઇ નથી. જો કે ભવિષ્યમાં ચંદ્ર પર અવકાશીમથક સ્થાપવાની અમેરિકી યોજના છે. અમેરિકાનાં શટલોએ અંતરિક્ષયાત્રા વિમાનની મુસાફરી જેવી સરળ બનાવી દીધી છે. એ ઉપરાંત અવકાશમાં પ્રયોગશાળાઓ ઊભી કરી લાંબા સમય સુધી ત્યાં પડ્યા રહેવાનો એક વિચાર છે. કેમ કે પૃથ્વી પર જો અણુયુદ્ધ થાય તો, સલામતી માટે અવકાશમાં છટકી જઇ શકાય. જો કે આ વિચાર બર આવવાની ખાસ શક્યતા નથી. કેમ કે અવકાશી મથકોનો નાશ કરી શકે, એવાં આણ્વિક શસ્ત્રો અસ્તિત્વમાં આવી રહ્યાં છે.

જેમ સમુદ્રને પોતાની હદ છે, તેમ જમીન અને પૃથ્વીની હદ છે. જેમ કોઇ અવકાશી ગ્રહ કે ચંદ્રને હદ છે, તેમ સૂર્યને પણ પોતાની સીમા છે. તો શું અંતરિક્ષને કોઇ સીમા હોય? કરોડો તારાઓ તારાગણો, ગ્રહો, નક્ષત્રો વગેરેથી આકાશ ભરેલું છે, તોય એ ખાલી છે.

તેમાં સૂર્યથી અધિક મોટા તારાઓ છે. તેઓ સૂર્યથી અબજો માઇલ દૂર હોવાથી નરી આંખે જોઇ

શકાતા નથી. અંતરિક્ષ અગાધ, અસીમિત અને ખૂબ વિશાળ છે. એની હદ કોણ માપી શકે? પૃથ્વી માનવને એવાં બૃહદ અંતરિક્ષના રહસ્યોનું કેવી રીતે જ્ઞાન થયું?

'આકાશો જે તમારા હાથનાં કૃત્યો છે. અને ચંદ્ર તથા તારાઓ જેઓને તમે ઠરાવ્યા, તેઓ વિષે હું વિચાર કરું છું. ત્યારે હું કહું છું કે માણસ તે કોણ કે તમે તેની મુલાકાત લો છો? કેમ કે તમે તેને ઈશ્વર કરતાં થોડો જ ઊતરતો સર્જ્યો છે.'

ચંદ્રના પ્રથમ અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગે ઉપર્યુક્ત બાઈબલ વચનો ચંદ્રના પેટાળમાં દફનાવ્યાં હતાં. અને હજુ જોઈએ એકવીસમી સદીનો વિજ્ઞાનયુગ માણસને અંતરિક્ષમાં ક્યાં ક્યાં લઈ જાય છે!

## હૃદયદ્રાવક અવકાશી અકસ્માત

પચીસ વર્ષના ગાળામાં અગાઉ ન બન્યો હોય એવો પ્રથમ અંતરિક્ષ અકસ્માત, ૨૮ જાન્યુઆરી ૧૯૮૬ના રોજ બન્યો! અમેરિકાના કેપ કેનેડીથી હવાઈ શટલ 'ચેલેન્જર' ઊપડ્યું ત્યારે ત્યાં હાજર રહેલા સહુ અને ઘેરઘેર ટી.વી. જોતા હતા. તેમાં પણ ખાસ બાળકોએ તાળીઓ અને ખુશીના અવાજથી એને વધાવી લીધું હતું. ફકત એક જ મિનિટમાં એ સૌનાં મોં પર ગમગીની છવાઈ ગઈ અને ઘણાની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. ! અમેરિકાના હ્યુસ્ટન હવાઈ મથકે સોપો પડી ગયો હતો અને જાણે સર્વસ્વ ખતમ થઈ ગયું હોય, એમ ત્યાંના વડાઓના ચહેરા નિસ્તેજ બની ગયા હતા.

ક્રિસ્ટા મેકોલિફ, ફ્રાન્ડીઝ સ્કોફ - કમાન્ડર, જ્યુડી રેસનિક - મિશન સ્પેશિયાલિસ્ટ, માઈકલ સ્મિથ - પાયલટ, ઓલિસન ઓનિઝકા, ગ્રેગોરી જર્વીસ અને રોનાલ્ડ મેકનાયક એમ સાત યાત્રીઓને અંતરિક્ષમાં લઈ જતાં ફકત ૧૬ કિ.મિ.ની ઊંચાઈએ ચેલેન્જર આગનો ગોળો બની ધડાકા સાથે ફાટી ગયું હતું, એનો ભંગાર આટલાંટિક સાગરના ૨૦૦ કિ.મી. વિસ્તારમાં વિખેરાઈ ગયો હતો. ૭૫ સેકંડની અંદર હ્યુસ્ટન મથકે શટલનો સંપર્ક તૂટી જતાં પ્રથમ પ્રમુખ રોનાલ્ડ રેગનને એની જાણ કરાઈ હતી. એ સાથે હવાઈદળમાં ૧૨ વિમાનો અને ૧૩ નૌકા જહાજોમાં ૧૦૦ માણસો અને યંત્રમાનવ-રોબો ટને બચાવ કાર્ય માટે રવાના કરવામાં આવ્યાં હતા. કલાકો સુધીની મથામણ પછી તેઓ કોઈને જીવતા અથવા મરેલા શોધી શક્યા ન હતા. એટલું જ નહિ પણ ચેલેન્જરના ટૂકડાઓ શોધવામાં પણ તેમને ભારે મુશ્કેલી પડી હતી. બીજા દિવસે મહામહેનતે ચેલેન્જરનો ઉપરનો ભાગ મળ્યો હતો, જેમાં માહિતી યંત્રો હોય છે. એ યંત્રો વડે અને હ્યુસ્ટન અંકુશ મથકે નોંધાયેલી માહિતી અનુસાર આ દુર્ઘટનમાં ભેદ ખોલવા પ્રયત્ન થશે.

અંતરિક્ષયુગની આ અતિ કરૂણ અને મોટી દુર્ઘટના છે. એથી અમેરિકામાં સાત દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો હતો. તેમ જ ૩૧મી જાન્યુઆરીએ હ્યુસ્ટનમાં યોજાયેલી પ્રાર્થના સભામાં પ્રમુખ રેગને હાજરી આપી હતી.

આ શટલમાં પાંચ પુરૂષો અને બે સ્ત્રીઓ હતાં. તેમાંની શ્રીમતી ક્રિસ્ટા મેકોલિફ શિક્ષિકા હતી. એ પોતાના વિદ્યાર્થીઓને  પંદર મિનિટના બે પાઠ શટલમાંથી ભણાવવાની હતી. એથી દેશભરના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમને ઉત્સુકતાથી નિહાળી રહ્યા હતા. શટલના યાત્રીઓ દ્વારા હૅલીના ધૂમકેતુનો પણ અભ્યાસ થવાનો હતો. અમેરિકાનાં ત્રણ શટલો દ્વારા થતાં ઉડ્ડયનોમાં આ પચીસમું ઉડ્ડયન હતું. ઉડ્ડયન પહેલાં ચેલેન્જરનાં યંત્રોની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવી હતી અને પછી જ  'સબ સલામત' નો આદેશ આપ્યો હતો. જો કે તેમાં બચાવગાડી કે પૅરેશ્યુટની કોઈ વ્યવસ્થા ન હતી.

ચેલેન્જર ૧૦૦ ટન વજન ધરાવતું હતું અને એની પાછળ ૧૦૨ કરોડ ડૉલરનો ખર્ચ થયો હતો.

અગાઉ આવા નાના-મોટા અકસ્માતો સર્જાયા છે. ૬૦ના દાયકામાં એક રૂસી યાત્રી કોમારોવ એની યાત્રા દરમિયાન માર્યો ગયો હતો. ફરી ૧૯૭૧માં ત્રણ રૂસી યાત્રીઓ એમની અંતરિક્ષ યાત્રા પૂરી કરતાં માર્યા ગયા હતા. ૧૯૬૭માં ઍપોલો રોકેટના ત્રણ યાત્રીઓ પ્રયોગ માટે જ્યારે ઍપોલોમાં ગોઠવાયા કે તરત આગ ફાટી નીકળતાં ત્રણે બળીને ભડથું થઈ ગયા હતા.

આ વરસે અમેરિકી શટલનાં ૧૫ ઉડ્ડયનો થવાનાં છે. તેમાંના એકમાં ઊડવા માટે ભારતની એક સ્ત્રીની પસંદગી થઈ ચૂકી છે. અગાઉ ૧૯૮૪માં આપણો રાકેશ શર્મા રૂસી યાનમાં અંતરિક્ષમાં ઊડી આવ્યો હતો પણ આ અકસ્માતથી હાલ પૂરતું, જ્યાં સુધી પૂરી તપાસ ન થાય ત્યાં સુધી, અમેરિકાએ પોતાનાં શટલ ઉડ્ડયનો થંભાવી દીધાં છે. જો કે પ્રમુખ રેગને ભારે હૈયે જણાવ્યું છે કે આ તો શરૂઆત છે. ભવિષ્યમાં શટલ ઉડ્ડયનો જારી રહેશે. વિશ્વના મોટા ભાગના દેશોએ અમેરિકાના આ હૃદયદ્રાવક અકસ્માત અંગે પ્રમુખ રેગનને શોકસંદેશાઓ પાઠવ્યા છે.

'અંતરિક્ષમાં માનવીય વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ' એ વિષયે ૧૯૮૪માં 'વેધશાળા' સુગણિતમ્ સંચાલિત શ્રી હરિહર નિબંધ સ્પર્ધા માટે ઉપરોક્ત નિબંધને પારિતોષિક મળ્યું હતું. એને થોડા ફેરફાર સાથે અહિ રજૂ કર્યો છે.

'રંગતરંગ'  ફેબ્રુઆરી ૧૯૮૬

❋ ❋ ❋

૬

# જૂનાં-નવાં મૂલ્યો

'આજની દુનિયા અને પ્રજા જોતાં, એ દિવસો આજે યાદ આવે છે. એ જમાનો આજ્ઞાપાલન, માન અને શિસ્તનો હતો. છોકરાં માતપિતા અને વડીલોનું માન જાળવતાં. અનાજ્ઞાંકિતપણું કોઈ ચલાવી લેતું નહિ અને ગેરશિસ્ત કોઈને ખપતું નહિ. આજે તો પરિસ્થિતિ વિપરીત લાગે છે. જાણે એ દિવસો હવે ચાલ્યા ગયા એવો વસવસો વડીલોના હૃદયપટ પર રહી ગયો છે. અમે આજ્ઞાપાલન અને શિસ્તમાં માનીએ છીએ પણ કોઈને તાબે થવામાં, કોઈની ગુલામી ગરવામાં અને કોઈની ખોટી ખુશામત કરવામાં અમે જરા ય માનતા નથી. આપણે હવે આઝાદ છીએ એટલે અમે આઝાદી ભોગવવામાં માનીએ છીએ. ત્યારે દેશમાં પરતંત્રતા હતી એટલે ન છૂટકે પ્રજાને બધું માથે ચઢાવવું પડતું. એને શિસ્તમાં કેમ ખપાવી શકાય. અમે હવે ભણ્યાગણ્યા અને મોટા થયા. અમને અમારા ભણતર પ્રમાણે નોકરી, છોકરી અને બીજી જરૂરિયાતો મળવી જ જોઈએ. એવું જ્યારે અશક્ય બને છે ત્યારે અમે લડતનો માર્ગ લઈએ છીએ. નહિ તો અમારે સ્વાતંત્ર્ય સંગ્રામ જેવી લડત હવે ક્યાં લડવાની રહે છે!'

એમ મોટેરાંઓ અને યુવાપેઢી વચ્ચે વારંવાર વાક્યુદ્ધ થતું રહે છે.

પોતાના ઘરઆંગણે હરતુંફરતું બાળક જ્યારે પોડોશીના ઘેર મહોલ્લામાં કે સોસાયટીમાં ફરે છે ત્યારે તેને નવુંનવું જોવા મળે છેઃ પોતાનો પહેરવેશ અને સામેનાનો, પોતાની ભાષા અને અન્યની, પોતાની નીતિ અને બીજાની નીતિ. એમ એ સમાજના સંપર્કમાં આવી એના કૌટુંબિક જીવનથી કંઈક જુદી બાબતો પોતાના જીવનમાં કેળવવા માંડે છે.

પહેલાં બાળકોને વાર્તાઓ સાંભળવી બહુ ગમતી. ધાર્મિક, રમુજી, ભૂતપ્રેત, શૌર્ય અને દેશભક્તિની વાતો બાળકો રોજ દાદાદાદી, માતપિતા, ભાઈબેન અથવા અન્યની મારફતે સાંભળતાં. એવી વાતો સાંભળીને એવાં જ બનવાનો શોખ જાગે ને! એ એમના બાપદાદાનો વારસો હતો. આજના દિવસો કંઈક જુદા છે. આજનાં બાળકોને એવી વાર્તાઓ સિનેમા કે ટેલીવિઝન પર જોવી ગમે છે. એથી બાળકો અને કિશોરોમાં ટી.વી અને સિનેમા જોવાનો શોખ વધ્યો છે. પરિણામે સિનેમાનું ગીતસંગીત, સિનેકલાકારોની વાતો અને ધિંગામસ્તી બાળકોના જીવન સાથે ય વણાવા લાગ્યાં છે. એથી બાળકોને કૌટુંબિક જીવન અને શાળામાં મઝા આવતી નથી પણ તેઓને બહારના મુક્ત જીવનમાં રાચવું ગમે છે.

ઘરમાં બાળકો કૌટુંબિક આચારસંહિતાનું પાલન કરે છે. એ સાથે બહાર નીકળતાં તેઓ

મુક્ત જીવનનો પણ અનુભવ કરે છે. શાળામાં શિવાજી, બાબર અને રાણી લક્ષ્મીબાઈની શૂરવીરતા વિશે શીખી બહાર ચલચિત્રોમાં દર્શાવેલી શાહરૂખખાન, અમિતાભ બચ્ચન અને અનીલકપૂરની કપોળકલ્પિત બહાદુરીની તારીફ કરે છે. શાળામાં દેશભક્તિ અને પ્રેમનાં કાવ્યો શીખી, રસ્તામાં ચાલતાં ચાલતાં સિનેમાના અશ્લીલ ગીતોના શબ્દો ગણગણે છે. શાળા-કોલેજોમાં ગાંધીજીની અહિંસક સ્વાતંત્ર્ય લડત વિશે ભણીને ગલીમાં તોફાની ટોળા સાથે ભળી પથ્થરબાજી કરવા લાગી જાય છે. ઘર અને શાળામાં શ્રીકૃષ્ણ, મહંમદ પયગંબર, ગૌતમ બુદ્ધ અને ઈસુ ખ્રિસ્તના પ્રેમ, અહિંસા અને શાંતિ સંદેશને બિરદાવી, શહેરના સાંપ્રદાયિક હુલ્લડોમાં ભાગરૂપ બની જાય છે. એ બધા માટે કોણ જવાબદાર છે?

આપણે જ્યારે પરતંત્ર હતા ત્યારે બહુ ઓછાં બાળકો શાળામાં ભણવા જતાં. ઘણાંને તો બળજબરીપૂર્વક નિશાળમાં લઈ જવાતા. તો પણ ત્યારે જેઓ શાળામાં જતા એ બધા વિદ્યાર્થીઓ સમયસર જતા, ખંતથી અભ્યાસ કરતા અને ગુરુજીનું સન્માન રાખતા. આજે કંઈક જુદી જ પરિસ્થિતિ સર્જાઇ છે. દેશની આઝાદી પછી મફત પ્રાથમિક શિક્ષણની નીતિ અપનાવવામાં આવી છે. છોકરીઓ માટે તો સરકાર ખૂબ ઉદાર બની છે અને કોલેજ સુધીનો અભ્યાસ વિના મૂલ્યે થઈ શકે છે. શિક્ષણ પ્રત્યે સરકારની આટલી ઉદાર નીતિ પછી પણ જુવાનોમાં શિક્ષણ અંગે નિરસતા જોવા મળે છે. વિદ્યાર્થીઓ શિક્ષણનો પૂરેપૂરો લાભ લેતા નથી. કેટલાંક ગરીબ કુટુંબો બાળકોને નાનપણથી ભણવાને બદલે કામ કરવા બેસાડી દે છે. એથી આજે પણ દેશમાં ૫૦% જેટલા લોકો નિરક્ષર છે.

જો કે એ માટે બીજાં ઘણાં કારણો જવાબદાર છે. શાળામાં જવા રોજ સારાં કપડાં પહેરવાં જરૂરી છે. કપડાં સ્વચ્છ રાખવાં જરૂરી છે. રોજનો ખોરાક પણ સમયસર મળવો જોઈએ. શાળાના સમય દરમિયાન નિયમિત હાજર રહેવું પડે. તેમ જ શિક્ષણ અંગે જરૂરી પુસ્તકો, નોટબુકો અને સાધનો પોતાના ખર્ચે વસાવવાં પડે. આ બધું કેટલાક વાલીઓ માટે અશક્ય હોવાથી તેઓ પોતાનાં બાળકોને શાળમાં દાખલ કરતાં નથી.

દેશની બધી શાળાઓમાં કોઈપણ વિદ્યાર્થી નાતજાતના બાધ વિના દાખલ થઇ શકે છે. એથી બ્રાહ્મણથી હરિજન સુધીના વિદ્યાર્થીઓને સાથે બેસી ભણવાની તક મળી છે. પરિણામે આજના વિદ્યાર્થીઓ જાતિભેદને ભૂલી સમાનતાને ધોરણે રહેતાં શીખ્યા છે. અહિ એ કબૂલવું પડશે કે પહેલાં અસ્પૃશ્યોને શિક્ષણ અને સમુહજીવનનો લાભ નહિ આપીને, તેઓને હંમેશાં સમાજમાં પછાત અને અભણ રાખવાની જે અનીતિ હતી, તે આજે જળમૂળથી ઊખળી ગઈ છે. આજે શાળા, મહાશાળા અને વિશ્વવિદ્યાલયોમાં સર્વ ધર્મ અને જાતિના વિદ્યાર્થીઓ સાથેસાથે અભ્યાસ કરે છે. ઘણા તો પ્રેમભાવે

બંધાઇ મિત્રો બની જાય છે અને સાથે જીવન જીવે છે.

જૂની પેઢીને વિચારીએ તો ઘણા ઓછા લોકો ત્યારે ભણેલા હતા. ત્યારે મેટ્રીક પાસ એટલે ધાડ મારી. કોલેજની ઉપધિ મેળવી એટલે અધધધ થઇ ગયું અને અંગ્રેજી બોલતાં આવડે એટલે મોટા ગોરા સાહેબ થઇ ગયા! છતાં ત્યારે ઓછું ભણેલાને કંઇ પણ કામ મળી રહેતું. ફેક્ટરીમાં કે મીલમાં નોકરી મળી જાય અથવા પટાવાળાની જગા મળે જ. વળી ત્યારે ગમે તે કામ કરવામાં લોકોને શરમ ન હતી. આજે તો ન છૂટકે જ કોઇ પટાવાળાની નોકરી કરવા તૈયાર થાય. બીજી તરફ આજકાલ ભણતરની કિંમત ઘટી જતાં, સારીસારી જગાઓ માટે ડીગ્રીધારીઓ લાઇન લગાવે છે અને પટાવાળાની જગા પણ મહામુશ્કેલીએ મળે છે.

'અમારો જમાનો ભણતરનો ન હતો. ૮૦% થી વધારે લોકો અભણ હતા. છતાં ભણતરની કિંમત જરા ય ઓછી ન હતી. ભણો બેટા ભણો. ભણશો તો કંઇક પામશો. અમને તો ભણવાની તક ન મળી અને ભણવા માટે આજના જેવી સારી સગવડ પણ ન હતી. જીવનમાં આગળ વધવા ભણતરની બહુ જરૂર છે. અભ્યાસને સમયે તનમન દિને ભણી લેવું હિતાવહ છે.' એમ આપણા વડીલો કહે છે. કેટલા વિદ્યાર્થીઓ એમની શિખામણ ગંભીરતાથી લે છે. જુવાનોએ આજે ભણતરને મઝાનું અને સમય વિતાવવાનું સાધન બનાવ્યું છે. શાળા કોલેજના વિદ્યાર્થીઓ આજે ભણવા કરતાં હળતાલ અને ઊજવણીમાં પાડવામાં વ્યસ્ત રહે છે. શિક્ષકોને આપેલું ઘરકામ ગણ્યાંગાંઠ્યાં વિદ્યાર્થીઓ જ નિયમિત રીતે કરતા હોય છે. એટલે દિવસે દિવસે શિક્ષણનું સ્તર નીચે ઊતરી રહ્યું છે. અંગ્રેજી માધ્યમવાળી કોલેજના ડિગ્રીધારી વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલવાના ફાંફા પડે છે. ઘણા એટીકેટીનો સહારો લઇ પાસ થઇ જાય છે. પરિણામે મોટી ઉંમર સુધી નોકરીનું ઠેકાણુ પડતું નથી. ઘણાને કામ મળે છે પણ કરવાની દાનત નથી. આ કામ આપણને ન ફાવે એમ કહી ઘણા મહેનતથી દૂર ભાગતા ફરે છે.

ત્યારે પરીક્ષાની ગંભીરતા બધા સમજતા. શિક્ષકો વિદ્યાર્થીઓને પરીક્ષા માટે બરાબર તૈયાર કરતા. વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કે નહિ, એ સંબંધી શિક્ષકો અને વાલીઓ ધ્યાન રાખતા. પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓને બધો અભ્યાસક્રમ પૂરો કરાવવામાં આવતો. પરીક્ષામાં કેવા પ્રશ્નો આવે તેની સાચી સમજ આપવામાં આવતી અને વર્ષ દરમિયાન ચાલેલા અભ્યાસક્રમમાંથી જ પ્રશ્નો પૂછાતા. વિદ્યાર્થીઓએ જે લખ્યું હોય એના આધાર પર કોઇની પણ શેહશરમ વિના વિદ્યાર્થીઓને પાસ અથવા નાપાસ જાહેર કરવામાં આવતા. પરિણામ સંબંધી ક્યારેય વિદ્યાર્થીઓ તરફથી કોઇ ફરિયાદ થતી નહિ. એથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે નિખાલસ સંબંધ જળવાઇ રહેતો.

આજે એ દિવસો રહ્યા નથી. વિદ્યાર્થીઓ બહુ ઓછી મહેનતે પાસ થવા વિચારે છે. મા બાપ

એ સામે આંખઆડા કાન કરે છે. કેટલીક વાર માતપિતા પોતે પણ પરિક્ષામાં ઓળખીતાઓ મારફતે ચોરી કરાવવા અથવા માર્કસ ઉમેરીને લાંચ દ્વારા પોતાના દીકરાદીકરીઓને પાસ કરાવવા ભાગ ભજવે છે. ઘણીવાર કોલેજના વિદ્યાર્થીઓ 'આ પેપર અઘરું છે' એમ કહી પરીક્ષાખંડમાંથી ચાલ્યા જાય છે. પરીક્ષામાં ચોરી કરનારા નિરીક્ષકો સાથે ઝઘડો કરે છે. એથી શિક્ષકો અને વીદ્યાર્થીઓ વચ્ચેનો મેળ તૂટી રહ્યો છે. શાળા કોલેજોમાં કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકોનો માનમર્તબો જાળવતા નથી. થોડા ઘણા કિસ્સાઓમાં શિક્ષકોનો નમૂનો સારો નહિ હોવાની પણ વાતો થાય છે.

આજકાલ શાળા કોલેજના શિક્ષકો ઘરખાનગી શિક્ષણ આપી સારા પૈસા મેળવે છે. એ સાથે પોતાને ત્યાં ટ્યુશને આવતા વિદ્યાર્થીઓને પાસ કરાવવા તેઓ કાળાંધોળાં કરે છે. એસ.એસ.સી અને હાયર સેકંડરીના પ્રશ્નપત્રો વારે ઘડીએ ફૂટી જાય છે. એને લીધે એવી પરીક્ષાઓ ફરી લેવાના બનાવો નોંધાયા છે. દરવરસે પ્રશ્નપત્રોની નકલો જાહેરમાં વેચાતી જોવા મળે છે. આ બધા કૌભાંડો માટે કોણ જવાબદાર છે?

શાળા-કોલેજમાં પ્રવેશ અને પરીક્ષાઓમાં સારા ટકાએ પાસ થવા મોટી લાંચ લેવામાં આવે છે.

ત્યારે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીને સ્થાને વડોદરા કોલેજ હતી. એક પરદેશી સદ્ગૃહસ્થ એના પ્રિન્સીપાલ હતા. એ સમય અને નિયમના ભારે આગ્રહી હતા. કોલેજમાં મોડા આવનાર વિદ્યાર્થીને એ ચલાવી લેતા નહિ.

યુવરાજ પ્રતાપસિંહરાવ ગાયકવાડ એ વખતે કોલેજના એક વિદ્યાર્થી હતા. તે હંમેશાં રાજરથમાં બેસીને કોલેજમાં આવતા હતા. એક દિવસ એવું બન્યું કે તેમનો રથ થોડો મોડો પડ્યો. પ્રિન્સીપાલ સાહેબ હાથમાં સોટી લઇ પ્રાંગણમાં ઊભા હતા. રથ કોલેજની સામે આવીને થંભ્યો અને યુવરાજ પ્રતાપસિંહરાવ નીચે ઉતરી આવ્યા. કોલેજમાં પ્રવેશતાં જ પ્રિન્સીપાલ સાહેબે તેમને અટકાવ્યા અને પરત ઘેર જવા સૂચન કર્યું. આસપાસના વિદ્યાર્થીઓ આ દશ્ય નિહાળી રહ્યા હતા. અપમાનિત સ્થિતિમાં યુવરાજ લક્ષ્મી વિલાસ મહેલ તરફ રવાના થયા. થોડી વારમાં પ્રતાપસિંહરાવના પિતાશ્રી ગાયકવાડ મહારાજ કોલેજ પર આવી પહોંચ્યા. તેમને જોતાં પ્રિન્સિપાલ સાહેબ હચમચી ગયા. પ્રિન્સિપાલ સાહેબ મહારાજને સન્માનપૂર્વક પોતાની ઓફીસમાં લઈ ગયા.

''આપે પ્રિન્સીપાલની રૂએ મારા દીકરા સાથે યોગ્ય વ્યવહાર કર્યો છે. આપના જેવા પ્રિન્સિપાલ માટે મને ગર્વ છે'' એમ મહારાજે પ્રિન્સિપાલને બિરદાવ્યા.

ધન્ય છે, એ પ્રિન્સિપાલને, વિદ્યાર્થીઓના જીવન ઘડતર ખાતર તેમણે પ્રથમ નિયમનો અમલ

કરતાં શીખવ્યું. વળી કોલેજમાં કોઇ રાજા હોય કે કોઇ રંક સૌને સરખી રીતે નિયમ લાગુ કરવામાં આવતો. એમ તેમણે પોતાનું કર્તવ્ય સાચા અર્થમાં બજાવ્યું હતું.

ધન્ય છે, ગાયકવાડ મહારાજને. તેમણે કાયદાનું સાચું મુલ્યાંકન કરી પિતા તરીકે ફરજ બજાવી હતી.

ત્યારે દેશમાં અંગ્રેજ સરકાર હતી. છતાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઇ રહેતાં. ગુનેગારોને સજા કરવામાં કોઇ પક્ષપાત રાખવામાં આવતો નહિ. સત્તાસ્થાનેથી જાતિ-જાતિ, સ્ત્રી-પુરુષ ને ભણેલા-અભણના કોઇ ભેદ રખાતા નહિ. એનો અર્થ એ નથી કે પરદેશી તંત્ર સારું હતું અથવા આપણી પરતંત્રતા સારી હતી. એક વાત કબૂલવી રહી કે ત્યારનું નૈતિક ધોરણ જરૂર ઊંચું હતું.

આજે આપણે સ્વતંત્ર છીએ. દેશના કાયદા બધાને લાગુ પડે છે પણ શું એનો સાચો અમલ કરવામાં આવે છે? બસમાં ચઢતાં, રેલ્વે ટિકિટ લેતાં, રેશન ખરીદતાં, લાઇનમાં ઊભા રહેવાનો આગ્રહ રાખવામાં આવે છે. એ માટે કોઇ વ્યક્તિ દેખરેખ પણ રાખે છે. છતાં ધક્કામૂક્કી કરી આગળ ઘુસી, વહેલા પહોંચી જવામાં આપણે ક્યાં પાછા રહ્યા છીએ. રોજરોજ લાઇનમાં ઊભા રહેતા લોકો વારંવાર ઝઘડતા રહે છે. ક્યારેક એવી સામાન્ય બાબતમાંથી મામલો ખૂન સુધી પહોંચી જાય છે.

બીજી બાજુ વ્યવસ્થા કરનારાઓ, બુકિંગ ઑફીસ અથવા દુકાનેથી પાછલે બારણે કામ કરી આપનાર કર્મચારી વર્ગ વધી રહ્યો છે. લાઇનમાં આવનારને જે મળવું અશક્ય હોય તે પાછલે બારણે આવનાર માટે શક્ય બની જાય છે. એ માટે ફક્ત કર્મચારીને લાંચ આપી ખુશ કરવો પડે. એકવાર એ કડી જે જાણી લે, તે ફરી કદી લાઇનમાં ઊભા રહેવાની મૂર્ખતા કરતો નથી. કેમ કે લાઇનમાં ઊભા રહેવાની ઝંઝટ નહિ અને વસ્તુ પ્રાપ્ત કરવાની ખાતરી. અહિ કોનો વાંક કાઢવો, પ્રજા કે અધિકારીનો? બંને ગુનેગાર અને બંને સજાને પાત્ર પણ કાયદામાં તો એક ને જ સજા થાય ને.

આપણા વડીલો કહેતા આવ્યા છે કે એમના સમયમાં 'કામને સમયે કામ.' દરેક વ્યક્તિ પોતાનું કામ ખૂબ કાળજીપૂર્વક કરતી. અધિકારી વર્ગને એ સામે કંઇ કહેવા જેવું રહે જ નહિ. લોકો કામ સંપૂર્ણ મન દઇને મહેનતથી કરતા. તેમાં સ્વાર્થ કરતાં વિશેષ વફાદારી જણાઇ આવતી. એટલે જ એવા કર્મચારી અથવા અધિકારી માટે માલિક અથવા સંસ્થાને ગર્વ થતું.

આજે સરકારી પ્રધાનો, ઓફિસરો, પ્રોફેસરો, એન્જીનિયરોથી માંડી પટાવાળા અને મજૂર વર્ગ સુધી બધા જુદુંજુદું કામ કરે છે. તેઓ પોતાની આજીવિકા માટે કમાય છે. તેઓ કેટલા કલાક કામ કરે છે અથવા શું કામ કરે છે, એ મહત્ત્વનું નથી પણ તેઓ પોતાનું કામ કેવી રીતે કરે છે, એ મહત્ત્વની બાબત છે. સામાન્ય રીતે બધા નોકરીઆતો ઓછી મહેનતે વધુ કમાવાની ઈચ્છા રાખતા હોય છે. મજૂરને કાયદા મુજબ આઠ કલાક કામ કરવું પડે છે. જ્યારે મોટા ભાગના ઓફિસરો, પ્રોફેસરો,

અને એન્જીનિયરોને કામનો સમય ઓછો હોય છે. વળી જે કામ તેઓ કરે છે, તે પણ બહુ મહેનતનું નહિ. જરૂર પડે તેઓ વધારે કલાક કામ કરે છે પણ એ બધામાં પોતાનો સ્વાર્થ અને પોતાનું નામ જળવાઈ રહે ત્યાં સુધી જ. મજૂર વર્ગ અને નાના કર્મચારીઓને કામચોર ગણવામાં આવે છે. તેઓને ફરજ સિવાયના કલાકો માટે કામ કરવાનો ઓવરટાઈમ એટલે વિશેષ મહેનતાણું મળે છે. એવા વધારાના પૈસા મેળવવા તેઓ વધારાનું કામ કાઢતા હોય છે. તેઓ ઘણે ભાગે મન દઈને કામ કરતા નથી.

ઘણી જગાએ સરકારી અથવા અર્ધસરકારી કચેરીઓમાં પટાવાળાથી માંડીને મોટા ઓફિસરો કામના સમયે ગપ્પાં મારતા, ચા પીતા અને ભૂસુભજીયાં ફાકતા જોવા મળે છે. એને લીધે પ્રજાનાં કામો ટલ્લે ચઢે છે અને તુમારોમાં અટવાઈ જાય છે. જેઓને સમયસર કામ કઢાવવું હોય, તેઓને રોજ કચેરીનાં પગથિયાં ઘસવાં પડે છે. એમાં નિષ્ફળતા મળતાં, છેલ્લે લાગતાવળગતા કારકુનને લાંચ આપીને કામ કઢાવવું પડે છે. આજે મોટા ભાગની કચેરીઓમાં લાંચરૂશ્વતની બદી વ્યાપી ગઈ છે. પટાવાળાથી માંડીને મોટા સાહેબો એમાં સંડોવાએલા છે. પોતાના પ્રજાજનોને કામ માટે વલખાં મરાવવાં અને એમના પૈસા ચૂસી મોજમઝા મારવી એ કોટલા અંશે ન્યાયી?

લાંચરૂશ્વત માટે ફક્ત નોકરીઆતોની શા માટે વાત કરવી. સમાચારપત્રોમાં કેટલાક મુખ્યમંત્રીઓને ઉઘરાવેલા ફંડફાળા અથવા બેફામ ખર્ચેલાં નાણાની વાતો ક્યાં અજાણી છે. વર્ષ દરમિયાન કેટલા બધા પ્રધાનો પર સંસદમાં ભ્રષ્ટાચારના આરોપો મૂકવામાં આવે છે. એટલે ઉચ્ચ સત્તાધારીઓથી માંડી ચોથા વર્ગના કર્મચારીઓ સુધી બધે આવો ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. આપણા કાયદાશાસ્ત્રી નાની પાલખીવાળા એ સંબંધી લખે છેઃ ‘‘રાજકર્તાઓ નીતિમાન, સદાચારી અને બુદ્ધિમાન હોય છે ત્યારે પ્રજાનું જીવન ધોરણ અને નીતિ-ધોરણ ઊંચુ રહ્યું છે. દેશ અને રાજ્યનો વિનાશ આપત્તિઓથી થતો નથી, પરંતુ ભ્રષ્ટાચારથી થાય છે. આજે દેશ સામે મોટો પ્રશ્ન ગરીબાઈનો નહિ પણ ભ્રષ્ટાચારનો છે.’’

દેશ આઝાદ થયા પછી પ્રથમ વડા પ્રધાનનું સ્થાન સ્વ. શ્રી. જવાહરલાલ નહેરુએ સંભાળ્યું હતું. શરૂમાં લોકોને સ્વતંત્રતા માટે ભારે માન હતું. કેમ કે એની ભારે કિંમત ચૂકવવી પડી હતી. આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ ઘણુ લંબાયો હતો. ત્યારના પ્રધાનમંડળમાં ભ્રષ્ટાચાર અંગે કોઈ ચર્ચા થઈ હોય એવું જાણવા મળતું નથી. ફક્ત ચીન સાથેની લડાઈમાં આપણે કેમ હાર્યા, એના કારણો તપાસતાં સંરક્ષણ ખાતાને મળતો ખર્ચ કોઈ બીજા સરકારી કામમાં વાપરી નંખાયો હતો. એ માટે એ વખતના સંરક્ષણમંત્રી શ્રી. કૃષ્ણમેનનના સામ્યવાદી વલણને કારણે તેમને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. એ દિવસે ખુદ પંડિત જવારહલાલ નહેરુ રડી પડ્યા હતા!

વડીલો પાસેથી આપણે હંમેશાં સદાચાર અને નિયમિતતા સંબંધી શીખતા આવ્યા છીએ. એ ખાલી એમની વાતો ન હતી. ત્યારે કર્મચારીઓ ઑફિસમાં કેટલા વાગે હાજર થયા, એનો સમય નાખવો પડતો ન હતો. છતાં બધા સમયસર હાજર થઈ જતા હતા. કામના સમયે બને તેટલું કામ કરવા દરેક વ્યક્તિ તૈયાર રહેતી. દરેક કર્મચારી વફાદારીથી પોતાની સેવા બજાવતો. કામના સમયે ખાનપાન, ગપ્પાબાજી કે ધિંગામસ્તી કરવી એ સૌને ગુનાકૃત્ય જેવું લાગતું. દરેક પોતાના પરસેવાની કમાઈ વાપરવા આગ્રહ રાખતા. આ શિક્ષણ તેઓને ઉપલાવર્ગ તરફથી મળી રહેતું. એટલે ઉપરથી નીચે સુધી લગભગ બધા જ કર્તવ્યનું પાલન કરતા અને ત્યારે કામ કરે એની જ પ્રસંશા થતી.

આજે એથી વિપરિત પરિસ્થિતિ જોવા મળે છે. સાહેબના ખુશામતિયા સમયસર કામ પર ન પહોંચે, કામ બરાબર ન કરે, કામના સમયે બીજાને હેરાન કરે, છતાં પ્રસંશા એમની જ થાય. કોઈ પણ બાબતમાં એમની રોકટોક ન થાય. વળી જ્યારે ઉપરની કોઈ જગા ખાલી પડે ત્યારે એમને જ તક મળી જાય. જ્યારે નિયમિત કામ પર આવનાર, વફાદારીપૂર્વક સેવા બજાવનાર અને ઉપરીઅધિકારીનું માન જાળવનાર વ્યક્તિને ઢીલીપોચી ડરાઉ અને બીન આવડતવાળી ગણી એની મજાક ઉડાવવામાં આવે છે. આપણા દેશમાં આ કેવી સ્થિતી!

દેશને આજે જરૂર છેઃ પ્રમાણિક અને વફાદાર નાગરિકોની, ગાંધીજી જેવા નમ્ર અને અહિંસક છતાં ક્રાંતિકારી, સુભાષ બોઝ જેવા લડવૈયા અને વીર જવાન, વિનોબા ભાવે જેવા ઓછા બોલા અને બહુ કાર્યરત નેતા  એમનાં મૂલ્યોને કેળવીને શું આપણે નમૂનેદાર ન બની શકીએ? દેશ અને સમાજની કાયાપલટ માટે સૌએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. પોતાની શક્તિ અને આવડતનો ઉપયોગ કરી આપણે જુદાંજુદાં ક્ષેત્રોમાં રહી સમાજ અને સરકારને મદદરૂપ થવું જોઈએ. એવી શિખામણ વારંવાર આપણા દેશના આગેવાનો આપ્યા કરે છે.

એનો અમલ કોણ કરે? આજની યુવાપેઢી એવા બધા આદર્શોને માનવા તૈયાર છે પણ એને અપનાવવા જેવી તેમનામાં સુઝ નથી. તેઓને તો નામ અને ધન કમાવું છે અને તે પણ નામ મહેનત વિના અને ધન મૂડી વિના. તેઓના મતે આપણા મોટા ભાગના દેશનેતાઓ ઘરડા થઈ ગયા છે. એમણે રાજકારણમાંથી નિવૃત્તિ લેવી જોઈએ. દેશમાં નવલોહીયાઓને સ્થાન મળવું જોઈએ. નોકરીમાં જેમ ઊંમર બાધ રાખવામાં આવે છે, તેમ રાજકારણમાં કેમ નહિ? ગાંધીજીની અહિંસાવાળી નીતિ આજે ન ચાલે. વખત આવે ઈંટનો જવાબ પથ્થરથી દેવો પડે. કોઈની પણ સામે નમાલા શા માટે બનવું? આપકમાઈ નહિતો બાપકમાઈ પર પણ લહેર કરી લેવી.

કિશોરો અને જુવાનોમાં સિગરેટ, સિનેમા અને વ્યસનનો શોખ વધતો જાય છે. મોંઘાં ભપકાદાર કપડાં, હોટેલ પાર્ટી, ક્લબ, સંગીત, નાટક અને નૃત્ય જેવા જલસાઓ વધતા જાય છે. આ

તો ફેશનનો જમાનો છે. દશકે દશકે ફેશન બદલાય છે, એમ જુવાનોના રંગરાગ પણ બદલાતા રહે છે.

સ્ત્રીઓ ભણીગણીએ સોળે શણગાર સજવામાં વધારે સમય આપે છે. પુરુષના જેવા હકો માગીને પુરુષ સમોવડી થવા સ્ત્રીએ મોટા ભાગનાં ક્ષેત્રોમાં પગપેસારો કર્યો છે. પહેલાં સ્ત્રીઓ પોતાની જાત છૂપાવવામાં ગૌરવ માનતી. જ્યારે આજની યુવતીઓ દેહદર્શન થાય, એવાં ફેશનપરેજીનાં વસ્ત્રો પરીધાને છે. સમાજસેવા અને મહિલા મંડળની પ્રવૃત્તિઓ આજે પણ ચલાવવવામાં આવે છે પણ એમાં બહુ ઓછી સ્ત્રીઓ રસ લે છે. નોકરી, ફેશન અને મોજશોખને લીધે સ્ત્રીઓ હવે ઘરમાં કેદ રહેવામાં માનતી નથી. સ્ત્રીઓને સુંદર બનાવવા માટે આજે બ્યુટીપાર્લરોનો રાફડો ફાટ્યો છે. મોટા ભાગની સ્ત્રીઓ તેનો લાભ લે છે.

અગાઉની સ્ત્રીઓ ઘરસંસારમાં જ પોતાનું સુખ માનતી. ઘરમાં પુરુષ એટલે પિતા નોકરી કરે પણ મા હંમેશાં બાળકોની સાથે જ રહે. એ બાળકોની બધી કાળજી રાખે. બાળકની દૈહિક અને આત્મિક જરૂરિઆતો એ જ પૂરી પાડે. પોતાના બાળકને પોતાનું જ દૂધ આપે, એની સ્વચ્છતા રાખે અને ખૂબ લાડપાન કરાવે. બાળકને પોતાના હોથોમાં મોટું થતું જોવામાં માને આનંદ આવતો. પરિણામે માતપિતા અને બાળકો વચ્ચે ગાઢપ્રેમ બંધાઈ રહેતો. તેઓ ખરેખર સાચું કૌટુંબિક જીવન માણતાં.

હવે કૌટુંબિક વ્યવસ્થા બદલાઈ છે. બાળકોની તંદુરસ્તી અને શિક્ષણ માટે જે વ્યવસ્થા થઈ છે, એનાથી બાળકો સ્વચ્છ, તંદુરસ્ત અને શિક્ષણ પામેલાં જોવા મળે છે. કેટલાંક ભણેલાં અને પૈસાપાત્ર કુટુંબોમાં બાળકો કામવાળીના હાથે ઉછરી રહ્યાં છે. નાની ઉંમરે બાળકોને નર્સરીમાં ભરતી કરી દેવાય છે. શાળામાં શરૂઆતના વર્ષોમાં તો એ ત્રણ સાડાત્રણ કિલોનું દફતર ઉંચકી ભણવા જાય છે. એથી બાળક શારીરિક અને માનસિક રીતે પણ થાક અનુભવે છે. બાળકો ભણાવવાના મૂડમાં વાલીઓ બાળકોને એ સહન કરવા દે છે. પરિણામે બાળકો સ્વતંત્ર વિચારસરણી કેળવી મુક્ત રીતે રહેતાં શીખે છે. મોટું થતાં એ વધારે છૂટછાટ લેતું થાય છે. એટલે હવે કુટુંબોમાં વિક્ષેપ પડવ લાગ્યો છે. મોટા ભાગે લગ્ન કરી જુવાનો માતપિતાથી અલગ રહેવા લાગે છે.

આપણો દેશ બિનસાંપ્રદાયિક છે. એથી દેશમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, બૌદ્ધ, જૈન, શીખ વગેરે ઘણા સંપ્રદાયના લોકો રહે છે. એ બધાની શ્રદ્ધા અને માન્યતા જુદાં જુદાં છે. બધાં એકમેકની સાથે રહી, સારો વ્યવહાર કરતાં આવ્યાં છે. એ આપણી વડીલપેઢીના સંસ્કારો દર્શાવે છે. દરેક શહેરો અને ગામોમાં આજે મંદિરો, મસ્જિદો, ચર્ચ અને ગુરુદ્વારો જોવા મળે છે. આ બધા ધર્મો સમાજનું નૈતિક જીવન જાળવી રાખવા મદદરૂપ છે. છતાં દેશના કેટલા બધા લોકો પોતાનો ધર્મ અને ભગવાનને ભૂલી, દારૂ, જુગાર, ચોરી, ગુંડાગીરી અને વ્યભિચારમાં ફસાએલા છે. સવારમાં ઊઠી

તેઓ ભગવાનનું નામ લે છે પણ દિવસ દરમિયાન અવ્યવહારૂ જીવન જીવે છે. તેઓ સમાજ અને દેશને લાંછનરૂપ છે.

આપણે આઝાદી માટે સોનેરી સ્વપ્નો જોયાં હતાં. આઝાદી મળી પણ આપણા સ્વપ્નો સાકાર નહિ થવાનો રંજ ઘણાને રહે છે. કેમ કે આપણે સાચા અર્થમાં આઝાદી પચાવી નથી. દેશમાં રોજ એક અથવા બીજી જગાએ જાતિય હુલ્લડો અને ધર્મના નામે હિંસા થાય છે. એક ભારતી બીજા ભારતીનું ખૂન કરે છે. રાજકીય પક્ષો વેપારીઓ પાસેથી લાખો રૂપિયા પડાવી તેઓને બજારમાં ભાવવધારો કરવા ઉકસાવે છે. લોકોને રાજકીય અને પ્રાદેશિક પ્રશ્નો માટે ખોટી રીતે ઉશ્કેરવામાં આવે છે. એથી ઘણી વાર હળતાલ, દેખાવો અને હિંસા ફાટી નીકળે છે. દેશની મિલ્કતને નુકશાન પહોંચાડવામાં આવે છે. એ સમયે સરકાર પોલીસ અને લશ્કરનો ઉપયોગ વારંવાર પ્રજાજનો પર કરતી રહે છે. એ માટે કોણ જવાબદાર છે? દેશના કેટલાક સ્વાર્થી નેતાઓ અને ધાર્મિક આગેવાનો જ લોકોને વારંવાર ઉશ્કેરતા ફરે છે.

આઝાદીનાં પિસ્તાળીસ વર્ષોમાં આપણે શૈક્ષણિક ક્ષેત્રે, રમગમતક્ષેત્રે, વિજ્ઞાન ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, કૃષિક્ષેત્રે અને આરોગ્ય ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. વસતી વધારો અટકાવવા, નિરક્ષરતા મિટાવવા, બેકારી દૂર કરવા અને ગરીબી હટાવવા દેશ પ્રવૃત્તિમય છે. એ બધામાં ધારી સફળતા હાંસલ કરવા દેશના દરેક નાગરિકે સરકારને સાથ આપવો જોઇએ. એ માટે વ્યક્તિનામાં પ્રથમ દેશદાઝ જાગવી જોઇએ. આપણા દેશવાસીઓમાં હવે દેશદાઝની ઉણપ વર્તાવા લાગી છે. એથી કેટલા બધા દેશદ્રોહીઓ દેશમાં અવ્યવહારૂ પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. એમાંથી બહાર નીકળવા આપણે વડીલપેઢી સામે નજર ઉઠાવવી જોઇએ. સ્વાતંત્ર્ય સંગ્રામ માટે મોટા ભાગના આપણા દેશનેતાઓ જેલમાં ગયા હતા. અને તેમણે અપમાનો સહન કર્યાં હતાં. તેમાંના ઘણા નો શહીદ થઇ ગયા. શું આપણે તેઓને ન અનુસરી શકીએ? ગમે તેમ હોય દેશના લોકોમા પોતાની પ્રગતિ માટે અને દેશની પ્રગતિ માટે લાગણી તો છે જ. ફક્ત એ માટે દરેકે કાર્યરત થવાની જરૂર છે. ‘જાગ્યા ત્યાંથી સવાર’ એ આશામાં આપણે જાગૃત બનીએ. વડીલોના સંસ્કારો યાદ કરીએ, જીવનમાં જે કંઇ અશિષ્ટ હોય તે દૂર કરીએ, સાચા અર્થમાં ભગવાનને અનુસરીએ, દેશદાઝ કેળવીએ અને જૂનાં-નવાં મૂલયોમાંથી યોગ્ય તે પ્રાપ્ત કરી, આવો આપણે ભારતના નવનિર્માણમાં લાગી જઇએ.

આજકાલ સામાજિક મૂલ્યોનું ધોવાણ થઇ રહ્યું છે. શિસ્ત અને વિવેક હવે વ્યક્તિનામાં ઓછાં થતાં જાય છે. ત્યારે જૂની અને નવી પેઢીનાં મૂલ્યોનું સરવૈયું કરી નવનિર્માણનો માર્ગ અહીં દર્શાવાયો છે.

꧁ ꧁ ꧁

## ૭

# આત્મહત્યાનું ભૂત

એક વીસમી સદીમા લોકોના મન પરથી અંધશ્રદ્ધાનો પડદો ઊંચકાવા લાગ્યો છે. એથી ભૂત હોવાની માન્યતાને શાણા લોકો હાસ્યાસ્પદ ગણે છે. ભૂતને ભલે આપણે તૂત ગણતા હોઈએ પણ ભૂત વિશે લોકોમાં એવી ભ્રમણા ઊભી કરવામાં આવી છે કે ડરપોક સાથે હિંમતવાળાઓની છાતીનાં પાટીયાં બેસી જાય! એવું જ એક ખતરનાક ભૂત આપણા સુધારેલા સમાજમાં રોજ દેખા દેતું નજરે પડે છે. એ છે, આત્મહત્યાનું ભૂત! યાદ રહે ભૂત એટલે શેતાની શક્તિ. આત્માના સદ્‌વિચાર અને પ્રાર્થનાના સામર્થ્ય વડે એ આત્મહત્યાના ભૂતને શરીરમાં પ્રવેશબંધી ફરમાવીએ.

કિશોરોથી માંડીને મોટેરાં સુધીનાને એ ભરખી રહ્યું છે. બહુ ઝડપથી આપણા દેશમાં એ વિસ્તરતું જાય છે. વિશ્વને અને ભારત દેશની સરકારને આપણા દેશના વસતિ વધારાને ખૂબ ડર લાગ્યો હતો. એથી યેનકેન પ્રકારે વસતિ વધારો રોકી લેવાના ખૂબ પ્રયત્નો થયા અને કંઈક અંશે એમાં સફળતા મળી ચૂકી છે પણ જાણો છો આત્મહત્યાના ભૂતે લોકો પર એવી માઠી અસર કરી છે કે દિનપ્રતિદિન આપઘાતનો આંક સતત વધતો જાય છે.

છેલ્લાં દસ વર્ષમાં આત્મહત્યાનો આંક ૪૦,૦૦૦ થી વધીને ૬૪,૦૦૦ પર પહોંચી ગયો છે! તેમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં ૧૩% ૧૮ થી ૩૦ વર્ષમાં એથી વિશેષ ટકાવારી ૩૦ વર્ષથી ૫૦ વર્ષમાં ૩૦% થી વિશેષ પ્રમાણ રહેવા પામ્યું છે. તેમાં સ્ત્રીઓનો આંક ૪૧% જ્યારે પુરૂષોનો આંક ૫૯% રહેવા પામ્યો છે.

પાછલાં દસ વર્ષમાં વસતિ વધારાનો આંક ફકત ૨૫% રહ્યો છે, જ્યારે આત્મહત્યાનો આંક ૬૦% જેટલો ઊંચો રહ્યો છે. આ મોજણી પરથી એમ લાગે છે કે ગરીબી અને બેકારીને લીધે લોકો મરી રહ્યાં છે પણ એમ કહેવું ભૂલ-ભરેલું છે. કેમ કે બેકારીને લીધે આત્મહત્યાનો આંક ઘણો ઓછો અથવા નહિવ્‌ત રહેવા પામ્યો છે.

અન્ય કિસ્સાઓમાં આત્મહત્યાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. જેમ કે કોઈનો ઠપકો સહન ન થતાં, પ્રેમમાં નિષ્ફળ જતાં, પસંદ વ્યક્તિ સાથે લગ્નના કોડ પૂરા નહિ થતાં, લગ્ન પહેલાં ગર્ભ ધારણ થતાં, લગ્નજીવન નિષ્ફળ જતાં બે આબરૂ થવાથી, લાગણીના આવેશથી, દેવું વધી જવાથી, નોકરી ચાલી જવાથી, કમાણી નહિ મળવાથી, અભ્યાસમાં કાચા પડવાથી, અભ્યાસ-ઈન્ટરવ્યુમાં ધાર્યું પરિણામ ન આવવાથી, પ્રતિસ્પર્ધી સાથે હારી જતાં, દેખાદેખીથી, સાહિત્ય, ચલચિત્ર અને ટી.વી.માં દર્શાવેલી આત્મહત્યાની ઘટનાઓની અસરથી, દહેજના દબાણથી, પતિના ત્રાસથી, નિઃસંતાનની આપદાથી, જીવલેણ રોગોની વિપદાથી વગેરે અનેક કારણોથી લોકો આપઘાત કરતાં હોય છે. આ બધા બનાવોમાં મોટે ભાગે ભણેલા

ગણેલા લોકો વધુ આપઘાત કરતા હોય એમ લાગે છે. અભણ લોકો એવું પગલું લેતા ડરે છે. અભણ અને ઓછું ભણેલા લોકો તેમના આપઘાતથી સમાજ શું કહેશે અથવા તેમા કુટુંબની શું હાલત થશે, એવું વિચારી આપઘાત કરતાં સંકોચ અનુભવે છે. જ્યારે ભણેલોગણેલો અને સંસ્કારી કહેવતો સમાજ આપઘાતીઓ પેદા કરે છે. તાજેતરના બનાવોમાં મુંબઈ અને દિલ્હીના ડૉક્ટરોએ આત્મઘાત કર્યાના સમાચાર છે. વળી મુંબઈની ત્રણેક અભિનેત્રીઓએ પણ આત્મહત્યાનો સહારો લીધો હતો. એટલું જ નહિ કેટલાક હત્યારાઓ કુટુંબમાં અથવા સમાજમાં એવો વ્યવહાર દેખાડે છે કે એમના સંપર્કમાં આવનાર વ્યક્તિને આત્મહત્યા કરવી પડે.

સિનેમામાં આત્મહત્યાના અવાસ્તવિક કિસ્સાઓ ભરપુર પ્રમાણમાં દર્શાવવામાં આવે છે. વર્ષો પહેલાં ''કયામત સે કયામત તક'' ફિલ્મે તરૂણોને ઘેલા કર્યા હતા. એના ગીતો અને પ્રસંગો પર જુવાનો વારી જતા. એથી ફિલ્મ ખૂબ ચાલી હતી પણ ફિલ્મના અંત ભાગમાં હિરોઇનની હત્યા અને હિરોની આત્મહત્યા વડે જાણે ફિલ્મ તરૂણોને એ પ્રમાણે કરવા ઉશ્કેરતી હોય, એમ સ્પષ્ટ જણાતું હતું.

બીજા ઘણા ચલચિત્રોમાં મકાન પરથી ભૂસકો મારીને નદી, તળાવ કે સમુદ્રમાં કૂદીને, ચાલુ ટ્રેન સામે ઝંપલાવીને આગમાં હોમાઇ જઇને, છરી કે ચપ્પુ પેટમાં ઊતારી દઈને તેમજ પંખાએ લટકીને આત્મહત્યા કરવાના બનાવો દર્શાવવામાં આવે છે. એવાં દૃશ્યો પ્રેક્ષકો પર બહુ માઠી અસર કરે છે. કોઈપણ વ્યક્તિના જીવનમાં ચલચિત્રમાં દર્શાવેલી કોઇ બાબત ઉદ્ભવે તો તે તરત એવી ફિલ્મોમાં દર્શાવેલા આત્મહત્યાના નુસખા અંગે વિચારવા લાગે છે. એવામાં એવું વિચારનાર વ્યક્તિ જો વિષમ સંજોગોમાં મૂકાઇ જાય તો તે આત્મહત્યા કરીને જ ઝંપે. એના મનોમંથનની કોઇને ખબર પડતી નથી. કેમ કે વ્યક્તિ એવી વાત કોઈને કહેતાં સંકોચાય છે. એ વાત તે પોતાના પૂરતી મર્યાદિત રાખે છે.

એમ આપઘાત કરનાર વ્યક્તિ ચૂપચાપ પોતાની યોજના સાકાર કરે છે અને પળવારમાં મોતને ભેટી જાય છે. એને મોતનો ડર કેમ નહિ લાગ્યો હોય? આમ, તો ભલભલાને મોતનો ડર લાગે છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જુલ્ફ્કારઅલી ભૂટોને ફાંસીની સજા કરવામાં આવી હતી. સજાની આગલી સાંજે તેમની દીકરી અને પત્ની તેમને જેલમાં મળવા ગયાં. કુટુંબની એ આખરી મુલાકાત હતી. તેમાં દરેકને એકબીજાને કેટકેટલું કહેવાનું મન થાય. પણ જાણો છો સ્વ. ભૂટો પત્ની અને દિકરી સામે એક પણ શબ્દ બોલી શક્ય નહિ. એક કાગળ હાથમાં લઇ સિગારેટ પીતાંપીતાં એના વડે એ કાગળ પર છેદ કરતા રહ્યા. વહેલી સવારે જ્યારે તેમની ઓરડીમાં સૈનિકો તેમને ફાંસી પર ચઢાવવા માટે લેવા ગયા ત્યારે તે ઓરડીમાંથી બહાર આવવા તૈયાર ન હતા. રસ્તા પર તે રોકાઇ જતા હતા. એ દરમિયાન સૈનિકો ધક્કા મારીમારીને જબરદસ્તીથી એમને ફાંસીના માંચડા સુધી લઇ ગયા હતા. ભૂટો જીવવા ચાહતા હતા પણ બળપૂર્વક તેમને

મોતને ઘાટ ઊતારી દેવાયા હતા. એ જ પ્રમાણે દિલ્હીમાં બાળકોને ચોપરા એવોર્ડ આપતા ચોપરા પરિવારનાં બે કિશોર ભાઈબેનને ગુંડાઓ (બિલ્લા અને રંગા) ઊઠાવી ગયા અને એમની સાથે દૂરવ્યવહાર કરી એમનાં ખૂન કર્યાં. એ બિલ્લા અને રંગાને જ્યારે કોર્ટે ફાંસીના સજા જાહેર કરી ત્યારે તેમણે જીવવા રાષ્ટ્રપતિ પાસે દાદ માગી.

જીવનમાં નાની મોટી ઘણી નિષ્ફળતાઓ આવતી રહે છે. પ્રેમની, નોકરીની, કોઇ વસ્તુ પ્રાપ્ત કરવાની, લગ્ન જીવનની, ચારિત્ર્યખંડની વગેરે. એથી કંઇ બધા આત્મહત્યા કરવા વિચારતા નથી. ઘણાં એવી નિષ્ફળતામાંથી આબાદ માર્ગ કાઢી લે છે. ઘણાં એ નિષ્ફળતાઓ પચાવી જાય છે. જ્યારે કેટલાક નિષ્ફળતામાંથી સફળતા હાંસલ કરે છે. ઘણા એવી નિષ્ફળતા પ્રત્યે બેધ્યાન રહી એક પછી એક અનેક નિષ્ફળતાઓ સામે અડગ ઊભા રહે છે. બહુ ઓછા લોકો એવી નિષ્ફળતાઓ મળતાં મૂંઝાઇ જાય છે. એવા મૂંઝાયેલા લોકો નિષ્ફળતાના ખાડામાં વધુને વધુ ઊંડા ઊતરતા જાય છે. આખરે એ જીવનમાં આપઘાતને આવકારે છે.

એ સંબંધી મને એક સાચી વાત યાદ આવે છે. મુંબઇના એક મશહૂર સ્ત્રી તબીબ એમના નાની વયમાં માતાપિતા ગુમાવતાં નિરાધાર બની ગયાં હતાં. માથે ઘરનો બોજ આવી પડતાં એમણે મજૂરી કરી ભણવા માંડયું, યુવાવસ્થામાં પ્રવેશતાં આ એકલી છોકરીને બહુ મુશ્કેલીઓ પડી. એથી નિરાશ થઇ એમણે આપઘાત કરવાનો માર્ગ લીધો. આપઘાત કરતાં એ પકડાઇ ગયાં અને કોઇના માર્ગદર્શનથી ફરી એમણે ભણવાનો નિર્ધાર કર્યો. ત્યારે સફળતા એમના જીવનમાં માર્ગ કરતી ગઇ અને એ મશહૂર સ્ત્રી રોગનાં ડોકટર બની ગયા! આવા તો અનેક કિસ્સાઓ મોજૂદ છે. હમણા જ હરિયાણા રાજ્યના કુરુક્ષેત્રમાં એક છ વર્ષનો બાળક બોરવેલના ૫૬ ફૂટ ઊંડા છેદમાં સરકી ગયો હતો. એને બચાવવા ત્યાંની પ્રજા મુખ્યમંત્રી, સેનાથી માંડી દેશના વડાપ્રધાને સરકારી તંત્ર કામે લગાડ્યું અને એને બચાવી લીધો.

માનવ જીવન અતિ કિંમતી છે. એની કિંમત સમજીએ તો જીવનમાં ચમત્કાર સર્જાશે. નિષ્ફળતામાંથી સફળતા સર્જે એનું નામ માણસ. ઈશ્વરને આપણા જીવનના અગ્રેસર બનાવીએ અને નિષ્ફળતામાં એમની મદદ માંગીએ.

જીવનમાં ચઢતી અને પડતી, સફળતા અને નિષ્ફળતા, ગરીબી અને અમીરી વગેરે આવ્યા કરે છે. એવું મને જ કેમ થયું? એવું કદી વિચારવું નહિ. દુનિયામાં આપણા કરતાં પણ વધુ લાચાર અને દુઃખી લોકો જીવન જીવી રહ્યાં છે. તેમાંનાં ઘણાં, દુઃખ પછી તો સુખ આવશેને; એ આશાએ દિવસો કાઢે છે. એમ કરતાં તેઓ સફળતાના સોપાન જીવનમાં સર્જી જાય છે.

શરૂઆતમાં જોયું તેમ આત્મહત્યા કોઇ રોગની જેમ આપણા દેશમાં ફેલાતી જાય છે. તેમાં વાસ્તવિક

જીવનનો અભાવ, દેખાદેખી અને કેટલીક વાર મૂંજી બની એકાંતમાં રહ્યાનું કારણરૂપ બને છે. ક્યારેક કોઈની આત્મહત્યા પાછળ બીજા લોકો સંડોવાયેલા હોય છે. જેમ કે પત્ની પાસેથી દહેજ અથવા પૈસા પડાવવા દબાણ કરવામાં આવે, સ્ત્રીપુરૂષના સબંધો શુધ્ધ ન રહેતાં, તેઓ બહારના મિત્રોમાં રસ લેતાં થાય, પતિપત્ની વચ્ચે વિચારભેદ વધી જતાં, ઘરમાં ઝઘડો ઊભો થાય, કાંઇ એક વ્યક્તિ પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રયત્ન કરે, પતિ આળસું અને દારૂડિયો બની જાય, તેમ જ પત્ની ચારિત્ર્યહીન બને, ત્યારે ઘરમાંથી કોઇ આત્મહત્યા કરવા તૈયાર થઇ જાય છે.

એ જ રીતે ભયંકર રોગ શરીરમાં લાગ્યો હોય અને ઘણી સારવાર લેવા છતાં એ મટતો ન હોય, કોઇ અસાધ્ય રોગથી ખૂબ પીડા થાય અને કરૂણ સ્થિતિ સર્જાય, ત્યારે પણ લોકો આપઘાત કરવા વિચારે છે. કેટલાક પૈસાપાત્ર લોકો ખૂબ ઠાઠથી જીવન જીવતા હોય છે. એવા લોકોની આવક કપાઇ જાય તો પણ એ જ રીતે ઠાઠથી જીવવાનું તેઓ ચાલુ રાખે છે. પછી દેવું કરવાનો વારો આવે. ઘરેણાં અને ઘર પણ વેચવાં પડે. જીવનમાં એકલાં પડી જવાથી - પતિનું મોત થાય અને પત્ની રહે અગર પત્ની વિના સંસાર અસાર લાગે, ઘડપણમાં કોઈ સહારો ન હોય ત્યારે. એવી વિકટ સ્થિતિનો સામનો કરવાને બદલે લોકો આપઘાત કરે છે.

કેટલાક લોકો મધ્યમ વર્ગના અથવા ગરીબ હોય પણ સંસ્કારી હોય. તેમને પોતાની અને સમાજની માનમર્યાદા હોય. તેઓના જીવનમાં કોઇ શરમજનક ઘટના બને તો તેઓ આપઘાતને આવકારે છે. વિદ્યાર્થીઓની સામે ભરપૂર જીવન અને લાંબુ ભવિષ્ય પડ્યું છે. છતાં પરિક્ષામાં ધાર્યું પરિણામ ન આવતાં કેટલાક આત્મહત્યાનો માર્ગ લે છે? નિષ્ફળતાથી જીવન અટકતું નથી. મેહનત કરી સફળતા હાંસલ કરી શકાય છે.

આજે વર્ણવી એવી સ્થિતિમાંથી રોજ લાખો લોકો પસાર થાય છે. જીવન એ એક મુસાફરી સમાન છે. જન્મનાર દરેક માટે મરણનો ક્રમ નક્કી થયેલો છે. એટલે મૃત્યુ એના સમયે આવી મળવાનું છે. ત્યાં સુધી જીવન માણવું, પુરૂષાર્થ કરવો, બીજાઓને આપણા જીવન દ્વારા મદદરૂપ થવું, એ વ્યક્તિ માટે શોભા રૂપ છે. મૃત્યુ આવ્યા પહેલાં જ મરી જવું, એ તો કાયરતા કહેવાય.

જીવનમાં આવતી કોઇ પણ પરિસ્થિતિનો નાસીપાસ ન થઇએ. ઘરનું કાંઇ પણ કામ કરવામાં મન પરોવીએ. સમાજસેવાનું કાર્ય કરીએ. ધર્મપુસ્તક અને અન્ય પુસ્તકોનું અધ્યયન કરીએ. ઘર આંગણે બાગબગીચો તૈયાર કરીએ. રમતગમત, લેખન, ચર્ચાવાર્તા જેવી ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઇએ.

જેઓ પ્રેમમાં નિષ્ફળ જાય છે, તેમણે ધીરજથી લગ્ન માટે આવનાર નવી વ્યક્તિના પ્રસ્તાવને રસપૂર્વક જોવો જોઇએ. પ્રેમ હોવા છતાં કોઇ કારણોસર લગ્ન ન થઇ શકે તો ઉશ્કેરાઇ જવાની જરૂર નથી. લગ્નજોડ જોડવામાં ઈશ્વરની ઇચ્છાને માન આપવું જોઇએ. પ્રેમલગ્નો ઘણે ભાગે નિષ્ફળ રહે છે. કેમ કે

લગ્ન પહેલાં જ એવું યુગલ ખૂબ મજા કરી લે છે. એટલે તેઓના માટે વિવાહિત જીવન નીરસ બની રહે છે. એવા જીવનમાં સંઘર્ષ છેડાતાં ક્યારેક એ આત્મહત્યામાં પણ પરિણમે અથવા સ્ત્રીપુરૂષ એકબીજાથી અલગ થઇ જાય છે.

ગરીબીના સતત બોજ નીચે જીવતા લોકોને ગરીબી કોઠે પડી ગઇ છે. હાથલારી ખેંચતાં પતિપત્નીને જુઓ તેઓ આરામથી પોતાની રોટલી કમાઇ ખાય છે. રોજ કડીયાકામની મજૂરીએ જતા મામાઓને જુઓ, મોટામોટા આવાસો તેઓ બાંધે છે. પ્રથમ એ મકાનોમાં તેઓ રહે છે પણ ઈમારત સુંદર સુશોભીત અને સગવડભરી બની જતાં, તેઓ ખુલ્લી જમીન પર નવી ઈમારત ઊભી કરવા ચાલ્યાં જાય છે. તેઓને ઘર નથી અને જીવનજરૂરિયાત પૂરતી વ્યવસ્થા નથી. છતાં એના અભાવે તેઓ આત્મહત્યા કરી લેવાનો વિચાર કરતા નથી. એવા મજૂરીયાઓમાં આપઘાતનું પ્રમાણ લગભગ નહિવત્ હોય છે.

જેઓ ગરીબ અથવા મધ્યમવર્ગના છે પણ મોટાંમોટાં સ્વપ્નોમાં રાચે છે. પૈસો કમાવા માટે જેઓ આકાશપાતાળ એક કરવા માંડે છે. એવા લોકોને આત્મહત્યાનું ભૂત વળગે છે. કેમ કે પૈસા કમાવા તેઓ ગમે તે કરવા તૈયાર થઇ જાય છે.એવામાં કોઇ બાબતમાં ફસાઇ  જવાય અથવા નામોશી મળતાં, તેઓને આત્મહત્યા કરી લેવા ઉત્તેજના થાય.

આ બધામાં ખતરનાક આપઘાતનો ખેલ એટલે દેખાદેખીથી થતી આત્મહત્યા. કોઇ સમસ્યા સામે આવી હોય, એનું હલ શોધી કાઢવાને બદલે કેટલાક એને વાગોળ્યા કરે છે. આવી બદનામી કેમ? આવી નિષ્ફળતા શા માટે? આખરે આવી  બાબતમાંથી બહાર નિકળવાને બદલે વ્યક્તિ તેમાં ફસાઇ જાય છે અને લાગ મળે જીવન સંકેલી લેવા નિર્ણય કરે છે. એ અરસામાં નજીકના ગામમાં કે પેપરમાં આપઘાતની કોઇ ઘટના જોવા કે વાંચવા મળે તો એ જ એનો માર્ગ બની જાય છે. અથવા ચલચિત્ર અને સિરીયલમાં જોએલી ઘટના  તેને આત્મહત્યા માટે ઉશ્કેરે છે.

ઘણાં વર્ષો પહેલાં પંચમહાલ જિલ્લાની એક વિદ્યાર્થિનીએ પરીક્ષામાં ખોટી ચોરી માથે પડતાં એ જ શાળાના કંપાઉન્ડમાં ઝાડે ટીંગાઇને આત્મહત્યા કરી લીધી હતી. એ વાત દૈનિક પત્રોમાં ભાતભાતના મસાલા સાથે પીરસવામાં આવી હતી. એ વર્ષથી આજ સુધી ગુજરાતમાં મોટા ભાગે ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરવાના કિસ્સા બન્યા છે. તે પહેલાં ભાગ્યે જ કોઇ એ રીતે મરતું. વળી બીજા રાજ્યોમાં ગળે ફાંસો ખાવાના આપઘાતનું પ્રમાણ બહુ ઓછું છે.

એ જ રીતે મુંબઇમાં જે વરસે બહુમાળી મંઝિલ પરથી એક સ્ત્રીએ છલાંગ લગાવી આત્મહત્યા કરી હતી. એ જ મહિનામાં બીજા ત્રણ આપઘાત મુંબઇમાં એ જ રીતે બન્યા હતા. ગયા વર્ષની આખરમાં વડોદરા પાસે વાસદના મોટર પુલ પરથી નદીમાં કૂદી જઇ આત્મહત્યા કરવાનો એક બનાવ બન્યો હતો. એના પગલે બીજા પંદર દિવસમાં બે જણાએ એ જ રીતે પુલ પરથી નદીમાં પડી આપઘાત કર્યો હતો.

ઈશ્વરે માણસને પૃથ્વી પર અધિકારી ઠરાવ્યાં છે. એ મગજ આવું પોચું અને નકલખોર બની જાય, એ કેવી કરૂણતા! કૃષ્ણ અને સુદામા બચપણના સાથીઓ હતા. તેમાંથી એક રાજા બન્યો અને એક રંક. છતાં એથી સુદામાએ આત્મહત્યા કરી નહિ. વળી એમની મૈત્રી અતૂટ રહી. ભાઈઓમાંથી ક્યારેક એક ડૉક્ટર બને અને બીજો બેકાર રહે. આ બધું આપણે જીવનનાં મૂલ્યોને કઇ રીતે અપનાવીએ છીએ, એના પર આધાર રાખે છે.

નિષ્ફળતાથી કદી ડરીએ નહિ. ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને સફળ થવા પ્રયાસ કરીએ. કોઈના કડવા અને ઠપકારૂપી શબ્દો વિચારપૂર્વક પચાવતાં શીખીએ. આત્મહત્યાથી બચવાનો સૌથી સરળ ઉપાય, એ તો મનમાં આવતા દરેક વિચારો અને લાગણીઓને, વિશ્વાસપાત્ર વ્યક્તિને વ્યક્ત કરવાનો છે. વડીલો અને મિત્રોની સલાહ લઇએ. ઈશ્વરને વારંવાર અંગત પ્રાર્થના કરી આપણી સમસ્યાના ઉપાય માટે માગણી કરીએ. આ બધાનું સારૂં પરિણામ આવશે અને આત્મહત્યામાંથી બચી જવાશે.

હિંસા એ પાપ છે. પછી એ પોતાની હોય કે બીજાની. ખ્રિસ્તી ધર્મપુસ્તક બાઇબલમાં પ્રભુ ઇસુએ જીવના સમનહિ ખાવા સલાહ આપી છે. કારણ માણસને પોતાના જીવ પર કોઈ અધિકાર નથી. ઈશ્વરે દરેકને હેતુપૂર્વક બનાવ્યા છે. એટલે આદર્શ જીવન માણી આપણા જીવન દ્વારા ઈશ્વરનો હેતુ સિદ્ધ થવા દઈએ, નહિ તો શેતાન રૂપી ભૂત આપણા જીવનમાં એનું ધાર્યું કરાવી આપણું જીવન નષ્ટ કરી દેશે.

આપઘાત કરવામાં કોઈ બહાદૂરી નથી. એથી તો કોઈના માટે જીવન આપી દેવું, એમાં કિંમત અંકાય છે. જીવનમાં નાસીપાસ થઈ મરી જવું, એના જેવી નામોશી બીજી કોઈ નહિ. લોકો ભેગા થઈ આપઘાતી વિશે હજાર જાતની વાતો જોડી કાઢે છે. કેટલીક વાર એવા આપઘાત માટે લોકો એના કુટુંબને, સ્નેહીઓને અને મિત્રોને હલકા પાડવા કોશિશ કરે છે. પહેલાં સરકારી કાયદાને ધોરણે આપઘાત કરનાર વ્યક્તિ પર આપઘાતનો કેસ થતો હતો. આપઘાત કરવામાંથી વ્યક્તિ બચી જાય, તો એને પોતાને અને જો એ મરી જાય તો એના કુટુંબીજનોને બહુ મુશ્કેલી વેઠવી પડે છે. કેટલીક વાર સંસ્કારી કુટુંબમાં એવી બીના બનતાં કુટુંબીજનોને સમાજમાં મોં બતાવવા જેવું રેતું નથી.

એમ આત્મહત્યા કરવાનો કોઈ ફાયદો નથી. એ દુઃખદાયક, નામોશીભરી અને બીજાઓને ભારે વિમાસણમાં મૂકી દેતી બાબત છે. એટલે એ વિશે કદી વિચારીએ નહિ. જીવન જીવવા માટે છે આનંદથી જીવન જીવી જાણીએ.

આત્મહત્યા આજનો સળગતો પ્રશ્ન છે. રોજના સમાચારપત્રોમાં એક બે તો હોય જ. મિડિયા આ સમસ્યાને ચગાવવા કરતાં ઠારવા પ્રયત્ન કરે. તેઓ આત્મહત્યા કરનાર વ્યક્તિનાં કુટુંબીઓ અને મિત્રોના પ્રત્યાઘાત દર્શાવે. આત્મહત્યાથી બચી જનારની વાર્તા પણ દર્શાવી શકાય.

ꕥ ꕥ ꕥ

## ૮

# શું આજનું બાળશિક્ષણ બોજરૂપ છે?

આપણે શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કર્યાનું ગર્વ લઈએ છીએ કેરળમાં સો ટકા લોકો શિક્ષિત છે, એમ ત્યાંની સરકારે જાહેરાત કરી છે. એથી બીજાં રાજ્યોમાં પ્રૌઢ શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. છતાં ઘણા ગરીબ વર્ગનાં બાળકો શાળામાં જતાં જ નથી. તેઓને પાંચ-છ વર્ષની ઉંમરે કોઇ કામે જોડી દેવામાં આવે છે.

બીજી તરફ શિક્ષિતવર્ગ પોતાનાં બાળકોને ભણાવવા આકાશપાતાળ એક કરી નાખે છે. એથી શહેરોમાં એડમિશનનો પ્રશ્ન જટિલ બનતો જાય છે. સારી શાળાઓમાં મોટી ફી અને મોં માગ્યાં ડોનેશન લેવાતાં હોવા છતાં માતાપિતા ભણાવવા બનતું બધું કરી છૂટે છે. છેવટે લાગવગ અને પૈસો ના કામ કરે તો જ તેઓ બાળકને  બીજી શાળામાં લઇ જાય છે. એથી શહેરની દરેક શાળામાં બાળકોની પૂરતી સંખ્યા જોવા મળે છે.

પ્રાથમિક શાળામાં બાળકને પહેલા ધોરણ માટે દાખલ કરી શકાય. એ માટે બાળકની ઉંમર પાંચ વર્ષની હોવા જોઈએ. શહેરોમાં (કિન્ડરગાર્ટન) કે.જી. વિભાગની શિક્ષણ વ્યવસ્થા શરૂ થતાં અઢી-ત્રણ વર્ષના બાળકને શાળામાં દાખલ કરી દેવામાં આવે છે.

બાળક બે વર્ષનું થાય ત્યારે ચાલતાં શીખે અને બોલતાં શીખે. એ જેવું બોલતાં શીખે કે તરત માતાપિતા સ્કૂલ એડમિશનના વિચારથી એને થોડા આંકડા અને અક્ષર, પશુપંખીઓનાં નામ, શરીરના અવયવોનાં નામ, ઘરની જરૂરી ચીજવસ્તુઓનાં નામ વગેરે શીખવવા મંડી જાય છે. બાળક એવું બોલતાં અને જાણતાં શીખે તો મા-બાપ ખુશ.એવું સામાન્ય  જ્ઞાન બાળક સહેલાઈથી ન શીખે તો રોજેરોજ એના મગજ પર એવા શિક્ષણનો માર ઘરમાં જ શરૂ થઇ જાય છે. મા ઘરે એવું શીખવતી રહે છે અને પિતા પણ નોકરીએથી આવી એ માટે થોડો સમય ફાળવે છે.

માતાપિતા બંને નોકરી કરતાં હોય તો દિવસ દરમિયાન બાળક એની સંભાળ રાખનાર બાઇની દેખરેખ નીચે મોટું થાય છે. એ બાળકને પણ વહેલા સ્કૂલે દાખલ કરવાની તો એમની ઈચ્છા ખરી જ. એથી તેઓ ગમે તેમ કરી સમય ફાળવી એડિમશન માટે બાળકને જરૂરી જ્ઞાન ઘરે આપવા લાગી જાય છે. મોટાભાગનાં બાળકો ચપળ હોય છે. તેઓ એવું શિક્ષણ આસાનીથી શીખી લે છે. કેટલાંક બાળકો માનસિક રીતે નબળાં હોવાથી એમના માટે એવું શિક્ષણ બોજ બની જાય છે. છતાં મા-બાપ એવા ઔપચારિક શિક્ષણ માટે બાળકોનો પીછો છોડતાં નથી.

શહેરોમાં હવે સ્પર્ધા જામી છે. બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની. એથી માતાપિતા સારું

અંગ્રેજી જાણતાં હોય કે નહિ બાળકને તો અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવાનું! જેઓની માતૃભાષા અંગ્રેજી છે અથવા જેઓ ઘરમાં અંગ્રેજીનો અવારનવાર ઉપયોગ કરે છે તેવાં બાળકોને અંગ્રેજી શાળામાં તૈયાર થતાં બહુ મુશ્કેલી પડતી નથી, કેમ કે એવાં બાળકો બચપણથી અંગ્રેજી બોલતાં શીખે છે. તેઓને ફક્ત અંગ્રેજી મૂળાક્ષરો અને આંકડાઓનું જ્ઞાન મેળવવાનું રહે છે.

જેઓના ઘરમાં અંગ્રેજીનું ચલણ છે જ નહિ છતાં પોતાનાં બાળકોને અંગ્રેજી શાળામાં એડમિશન અપાવવા માગે છે, તેઓને પોતાના બાળકને એડમિશન માટે તૈયાર કરવા સંઘર્ષ કરવો પડે છે. કેમ કે બાળક જ્યારે પોતાની માતૃભાષા શીખતું હોય, એવામાં તેના પર અંગ્રેજીનો મારો શરૂ થઈ જાય છે. એથી બાળકને અંગ્રેજી ઉચ્ચાર અને શબ્દો યાદ કરવામાં મુશ્કેલી પડે છે. વળી બે ભિન્ન ભાષાઓ એકસાથે શીખતાં બાળકના મગજમાં પ્રશ્નાર્થ થાય છે.

મેંગો એ જ કેરી? અને કેરી એટલે મેંગો?

હાથી એ જ એલિફન્ટ?

એક એટલે વન?

કેવી રીતે? છતાં રોજેરોજના પ્રયાસથી બાળક એવું શિક્ષણ પચાવતું જાય છે.

એ રીતે તૈયાર થયેલા બાળકને અઢીથી ત્રણ વર્ષની ઉંમરે નર્સરી-કે.જી.ના એડમિશન માટે રજૂ કરવામાં આવે છે. બાળકોને પણ પોતાનું વ્યક્તિત્વ હોય છે. તેઓનો મિજાજ અનોખો છે. એથી ગમે તેટલી મહેનત કરીને તૈયાર કરેલાં બાળકો એમના સ્કૂલ ઈન્ટરવ્યુમાં ચૂપ રહેવાના દાખલા બને છે. તો વળી ઈન્ટરવ્યુમાં બરાબર જવાબો આપનારને પણ એડમિશન નહિ મળ્યાના કિસ્સા બને છે.

ઘણી શાળાઓમાં બાળકનાં માતાપિતા કોણ છે, એનું ધ્યાન રખાય છે. જો માતાપિતા પૈસાપાત્ર હોય, સમાજમાં તેઓ ઊંચા સ્થાને હોય અને નોકરીમાં મોટ્ટો હોદ્દો હોય તો બાળકને ઝટ એડમિશન મળી જાય છે. કેમ કે સંચાલકોને શાળામાં લેવાતી ફી અને બીજા ખર્ચા સહેલાઈથી મળી રહે. એવાં બાળકોને પ્રથમ પસંદગી અપાય છે. એથી મધ્યમવર્ગનાં મહામહેનતે તૈયાર કરેલાં બાળકોને એડમિશન માટે ધક્કા ખાવા પડે છે.

શહેરની શાળાઓમાં ડોનેશનની પ્રથા ખૂબ ફાલી છે. નાની શાળાઓ ઓછામાં ઓછું પાંચેક હજારનું ડોનેશન માતાપિતા પાસેથી આસાનીથી પડાવી લે છે. મોટી શાળાઓ એથી બમણી અથવા ત્રણ ગણી રકમની માગણી કરે છે. પૈસાપાત્ર કુટુંબો એવી માગણી ઝટ દઈને સંતોષી દે છે. જ્યારે મધ્યમ વર્ગના વાલીઓને એ માટે દેવું કરવું પડે છે.

બાળકને એડમિશન મળતાં રોજ એને શાળાએ મૂકી આવવાની જવાબદારી ઊભી થાય છે. હજુ

તો બાળક માના ખોળે હસતુંરમતું હતું :

'મમ્મી તમે છૂ લાયાં?'

'પપ્પા આપલે ફલવા જઈછૂ?'

હમણાં તો એ પાડોશીઓ અને સ્નેહીઓ સાથે સંબંધ કેળવતું હતું :

'મમ્મી આ આન્ટીનું નામ છૂ?'

'પપ્પા હું છમીતુના ઘેલ જઉ?'

હજુ તો ઘરઆંગણે એ શીખતું હતું :

'વન,તુ,થી, ફોલ'

'એ,બી,છી,ડી'

'પપ્પા છિંહ એટલે ટાઈગલ?...'

ત્યાં એના પર શાળામાં ત્રણેક કલાક બેસી રહેવાનું બંધન લાદી દેવાય છે. પહેલા દિવસ ઉમંગથી શાળામાં જવા તૈયાર થયેલું બાળક ત્યાંના નવા વાતાવરણથી મૂંઝાઇ જાય છે અને બીજા દિવસથી એ સ્કૂલમાં નહિ જવા જીદ કરે છે. કેટલાંક બાળકો તો દયા ઉપજે એવું રુદ્દન કરે છે. છતાં માતાપિતા એને ધીમે ધીમે ફોસલાવી શાળાને તાબે કરી દે છે. અઢી-ત્રણ વર્ષનાં બાળકોને જ્યારે રમવાકૂદવાનો સમય હોય ત્યારે એમને શાળાવાસમાં પૂરી દેવાં, એ બાબત વિચાર માગી લે છે.

બાળક શાળામાં દાખલ થતાં માતાપિતા માટે ખરો જંગ શરૂ થાય છે. બાળકોનાં યુનિફોર્મ, પુસ્તકો, પેન, પેન્સિલ, દફતર, વોટરબેગ, લંચબોક્સ, શૂઝ, હાથ રૂમાલ વગેરે બધું જ લાવવું પડે. કે.જી. વિભાગનાં બાળકોને શરૂઆતનું શિક્ષણ-જ્ઞાન અપાતું હોવાથી દફતર લઈ જવાની જરૂર પડતી નથી. છતાં કેટલીક શાળાઓ દફતર લાવવા આગ્રહ રાખે છે. વળી કેટલીક શાળાઓ વાલીઓ પાસેથી ખર્ચ લઈ એવી વ્યવસ્થા સ્કૂલમાં જ પૂરી પાડે છે.

બાળકોને શાળાએ મૂકવા જવાની બાબત પણ જાણવા જેવી છે. જો માતાપિતા બંને નોકરી કરતાં હોય અને બાળકને શાળાએ મૂકવા-લેવા જવા માટે કોઈને સમય ન હોય તો એ માટે રિક્ષાવાળાને રોકવો પડે છે. શહેરોમાં રિક્ષાવાળા અને ઘોડાગાડીવાળા બાળકોને શાળામાં મૂકવા-લેવા જવાનું કામ કરે છે. એ માટે તેઓને સારી આવક થાય છે. સામાન્ય રીતે ઓટોરિક્ષામાં ત્રણ મુસાફરો બેસે છે. જ્યારે સ્કૂલરિક્ષામાં દસથી વધારે બાળકો ભરવામાં આવે છે. જો એવી રિક્ષાને અકસ્માત નડે તો?

કે.જી. વિભાગમાં બાળક પ્રથમ વર્ષ નર્સરી, બીજું વર્ષ જુનિયર કે.જી. અને ત્રીજું વર્ષ સિનિયર કે.જી.નો અભ્યાસ કરે છે. એમ ત્રણ વર્ષનો અભ્યાસ કરી પાંચ-છ વર્ષની ઉંમરે બાળક શાળાના પ્રાથમિક

વિભાગમાં દાખલ થાય છે. ત્યાં ધોરણ વાર રાબેતા મુજબનો શૈક્ષણિક અભ્યાસ શરૂ થાય છે. બાળકને રોજ જરૂરી પુસ્તકો, નોટબુકો, પેન, પેન્સિલ, લંચબોક્સ અને વોટરબેગ લઇ સ્કૂલે જવું પડે છે. એક મોજણી પ્રમાણે પહેલા-બીજા ધોરણના દફતર અને જરૂરી ચીજવસ્તોનું વજન સાડાત્રણ કિલોથી પણ વધારે થાય છે. વળી તેમાં ધોરણના ક્રમ પ્રમાણે વધારો થતો રહે છે. એવું ભારેખમ દફતર માતાપિતા બાળકોને ખભ્ભે અથવા પાછળ ખભ્ભે લદાવી સ્કૂલે રવાના કરી દે છે. આ ભારેખમ દફતરથી ઘણાં બળકોને ખભ્ભે અથવા પાછળ લાલ નિશાન પડી જાય છે.

શાળામાં જરૂરી પુસ્તકો અને ચીજવસ્તુઓ શિક્ષકો મંગાવતા રહે છે. એ બધાનો ઉપયોગ બરાબર થાય છે કે કેમ? કેટલીક શાળાઓ એવું ધ્યાન રાખે છે, જ્યારે ઘણી શાળાઓમાં એ પ્રત્યે પૂરતું ધ્યાન અપાતું નથી. પરિણામે વાલીઓને બીનજરૂરી ખર્ચ વેઠવો પડે છે. આજની શિક્ષણ પદ્ધતિને અને અપૂરતા ધ્યાનને લીધે ઘણાં બાળકો પ્રાથમિક ધોરણોમાં જ નબળાં પડતાં જાય છે. એથી કેટલાક શિક્ષકો એવાં બળકોને ટ્યૂશન અપાવવા વાલીઓને સલાહ આપે છે. એમ કરતાં બાળક નાની ઉંમરથી જ શિક્ષણના બોજ નીચે દબાવા લાગે છે અને વાલીઓ ઉપર ખર્ચબોજ પડતો રહે  છે. બીજી તરફ શિક્ષકો એમની જવાબદારીથી મુક્ત બનતા જાય છે અને એમના ટ્યુશનમાં કમાવાની લાલચ લાગે છે.

પ્રાથમિક ધોરણોમાં અંગ્રેજી માધ્યમનો અભ્યાસ બાળકોની ઉંમરની સરખામણીમાં અઘરો અને લાંબો કહી શકાય. કેમ કે બાળક અઢી-ત્રણ વર્ષે કે.જી.નો અભ્યાસ શરૂ કરે તો તે પાંચ કે છ વરસે પહેલા ધોરણમાં આવી જાય છે. આટલી નાની ઉંમરે એ અંગ્રેજીના મૂળાક્ષરો અને આંકડા બોલવા લાગે છે. એ સાથે જ એને શબ્દોનું જ્ઞાન આપવાનું શરૂ થઇ જાય છે. આટલી નાની ઉંમરે બાળકોને અંગ્રેજી ઉચ્ચાર બરાબર આવડતા નથી. વળી રોજ બાળકોને શિક્ષકો મારફતે ખૂબ ગૃહકાર્ય આપવામાં આવે છે. એટલું બધું ગૃહકાર્ય બાળક પોતાની મેળે કરવા અસમર્થ હોય છે. એથી લગભગ બધાં જ માતાપિતાને શરૂઆતનાં વર્ષોમાં બાળક સાથે બેસી શાળાનું હોમવર્ક કરાવવું પડે છે. ત્યારે જો માતાપિતામાંથી કોઈનેય અંગ્રેજી ન આવડતું હોય તો તેઓ મૂંઝવણ અનુભવે છે. કેટલાક વાલીઓને મેં બાળકોને અંગ્રેજી માધ્યમમાં મૂકવા અંગે અસંતોષ વ્યક્ત કરતાં જોયાં છેઃ 'મારા દીકરાને અંગ્રેજી માધ્યમમાં મૂકીને મેં એને અન્યાય કર્યો છે.'

'ગુજરાતી માધ્યમનાં હોંશિયાર બાળકો પણ અંગ્રેજી વિષયને લીધે સ્થાન જાળવી રાખે છે.'

જેઓના ઘરમાં અંગ્રેજી ભાષા વપરાય છે અને જે બાળકો હોશિયાર છે, તેઓ શિક્ષણમાં સહેલાઈથી તૈયાર થઇ જાય છે. એથી નબળાં બાળકો વર્ગમાં ક્ષોભ અનુભવે છે. એ જ રીતે પૈસાપાત્ર માતાપિતા બાળકની બધી જરૂરિયાતો પૂરી પાડે છે. તેઓ પોતાના બાળકને મોટરકારમાં શાળાએ મૂકવા-લેવા જાય છે. એની પણ સામાન્ય બાળકો પર વિપરીત અસર થાય છે. અંગ્રેજી માધ્યમમાં ભણતી એક બાળાને

પપ્પાએ કહ્યું : 'બેટા, આપણે ટૂ-વ્હીલર ખરીદીશું?' બાળાએ લાગલો ઉત્તર આપ્યો : 'પપ્પાજી, ફોર-વ્હીલર લો ને!'

સમયની સાથે શિક્ષણ-નીતિમાં ધરખમ ફેરફારો થતા રહ્યા છે. પહેલાં છ વર્ષ પૂરાં થયાં હોય એવા બાળકોને જ શાળામાં દાખલ કરવામાં આવતાં. હવે આ ઉંમરનું ધોરણ અડધું થઈ ગયું છે! કેમ કે કે.જી. ની શિક્ષણપ્રથાનો પ્રચાર વધ્યો છે. છ વર્ષનું બાળક એવું સમજણું થઈ જાય છે તે આપમેળે શાળામાં જઈ શકે અને શાળામાં બેસી શકે. તેનું મગજ એવું વિકસિત થયું હોય કે તે રસપૂર્વક શિક્ષણ લઈ શકે. છતાં વર્ષો પહેલાં છ વર્ષનાં બાળકો સમયસર શાળામાં દાખલ થતાં નહિ. તેઓનાં અશિક્ષિત વાલીઓ તેમને શાળામાં જવા પ્રોત્સાહન આપતા નહિ. એથી આજે વિશ્વમાં અશિક્ષિત મોટેરાંનું પ્રમાણ ભારતમાં વિશેષ છે.

અઢી-ત્રણ વર્ષનાં બાળકોને આજે સ્કૂલમાં દાખલ કરવાની નીતિનો બચાવ થઈ શકે તેમ નથી. જ્યારે બાળક કાલીકાલી મીઠી બોલી બોલતું હોય, જ્યારે એ માનો વ્હાલસોયો ખોળો ખૂંદતું હોય, જ્યારે એ ઘરના મૂક્ત વાતાવરણમાં કિલ્લોલતું હોય, જ્યારે એ પડોશીનાં બાળકો સાથે મજા મારતું હોય ત્યારે એ બાલીશ ઉંમરમાં એને સ્કૂલમાં ધકેલી દેવું, એ એની સ્વતંત્રતા પર તરાપ મારવા સમાન છે. એની બાળકના વ્યક્તિત્વ પર ગંભીર અસર થાય છે. શિક્ષણના નામે કુમળાં બાળકોને શાળામાં બેસાડી દેવાની આ નીતિને સહકાર મળતાં ઠેરઠેર બાલમંદિરો અને બાળકેન્દ્રો ખોલી લોકોએ કમાણી કરવા માંડી છે. બાળકોની ફી ઉપરાંત તેઓ જાતજાતનાં દાનો ઊઘરાવી લે છે. બહુ ઓછી સંસ્થાઓ બાળકોને સેવાભાવે શિક્ષણ આપે છે. વળી શહેરોમાં માતા અને પિતા બંને નોકરી કરતાં હોવાથી તેઓ બાળકોને એવા કેન્દ્રોના સહારે મૂકી દે છે. એવાં વાલીઓ માટે બાલમંદિરો આશીર્વાદરૂપ છે.

આપણે સૌ નાનાં બાળકોને ખૂબ પ્રેમ કરીએ છીએ. બે-ત્રણ વર્ષના નાના બાળકોની મનોદશા આપણે સમજી શકીએ છીએ. એટલી નાની ઉંમરે તે કદી માતાપિતાને છોડી એકલું શાળામાં બેસી રહેવા તૈયાર થશે નહિ. ઘરના મુક્ત વાતાવરણમાં બાળકનો જે રીતે વિકાસ થાય છે, એવા વિકાસની શાળા પાસે અપેક્ષા રાખી શકાય નહિ. ઘણાં બાળકો શાળામાં જતાં માનસિક રીતે ભાંગી પડે છે.

આ સંદર્ભમાં નવી વરાએલી દિલ્હીની સરકારે ત્યાંની શાળાઓને ગયા વરસે એક નવો જ હુકમ કર્યો હતો. એ હુકમ અનુસાર સપ્ટેમ્બરની ૩૦ સુધીમાં જ બાળકે ચાર વર્ષ પૂરાં કર્યાં હોય તેને જ શાળાના પ્રાથમિક વિભાગમાં પ્રવેશ આપવા જણાવ્યું હતું. વળી એ હુકમમાં શાળામાં અપાતા નર્સરી અને કિન્ડરગાર્ટનના અનૌપચારિક શિક્ષણને બંધ કરી દેવા સૂચવવામાં આવ્યું હતું. આ ધોરણ આખા દેશમાં લાગુ કરી શકાય પણ એનો અમલ ક્યારે?

એ જ પ્રમાણે હરિયાણાની સરકારે ૨૫ એપ્રિલ ૧૯૯૪થી ત્યાંની પ્રાથમિક શાળાઓમાં બાળકોને દફતર લઈ જવાના બોજમાંથી મુક્ત કર્યા છે. હવે ત્યાંની સરકારી શાળાઓમાં બાળકોને પાઠ્યપુસ્તકો અને શિક્ષણસાધનોની જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે. એથી હવે ત્યાં બાળકોને દફતર લઈ જવાનું રહેશે નહિ.

આ બંને સરકારોનાં નિર્ણય અભિનંદનને પાત્ર છે. ૧૯૬૨માં હું અગિયારમાં ધોરણ (ઓલ્ડ એસએસસી)માં અભ્યાસ કરતો હતો. ત્યારે સમાજશાસ્ત્રના શિક્ષક આર.એમ. દેસાઈએ અમને એ વિષયનાં પુસ્તકો સ્કૂલમાં નહિ લાવવા ખાસ સૂચના આપી હતી. દેસાઈ બધા વિષયો ખૂબ ચીવટથી શીખવતા અને એમાંથી મહત્વની નોંધ લખાવી દેતા. એ દિવસોમાં એક-બે ધોરણો માટે પાટી (સ્લેટ) અને પેન (માટીની) સિવાય કંઈ લઈ જવાનું રહેતું નહિ. આજે આપણે વિકસિત અને શિક્ષિત હોવાનો દાવો કરીએ છીએ ત્યારે એથીય સરળ વ્યવસ્થા શું ન ગોઠવી શકાય.

બાળકને બે-ત્રણ વર્ષે શાળામાં ધકેલી દેવાથી એ બહુ હોશિયાર થઈ જશે નહિ. બાળકોને બાલમંદિરોના બોજરૂપ શિક્ષણથી મુક્ત કરવાં જોઈએ. એમાં વાલીઓનું પણ હિત રહેલું છે. મોટેરાંઓના પ્રશ્નો અને મુક્તિ માટે સૌ કોઈ આંદોલન કરવા તૈયાર થાય. પણ નાનાં ભૂલકાઓનો વીર કોણ થશે?

૧૬ જુલાઈ ૧૯૯૫ના 'સમકાલીન' (મુંબઈ)ની રવિપૂર્તિના વેરાયટીમાં આ લેખ પ્રસિદ્ધ થયો હતો.

※ ※ ※

૯

# માતૃભૂમિ પેલેસ્ટાઇન

૧૯૪૮માં ઇઝરાયની રચના થઇ ત્યારે કેટલાક લોકોએ પોતાને પેલેસ્ટીનીઓ તરીકે ઓળખાવી, યહૂદીઓના રાજ્ય ઇઝરાયનો વિરોધ કર્યો હતો. એ લોકોની સાથે મોટા ભાગના આરબ દેશોની સહાનુભૂતિ હતી. તેઓ ઇઝરાયલના અસ્તિત્વનો સ્વીકાર કરવા તૈયાર ન હતા. એટલું જ નહિ, આરબોના મિત્ર રાજ્યોએ પણ પેલેસ્ટાઇનની ચળવળને ટેકો જાહેર કર્યો હતો.

પેલેસ્ટાઇનની સ્થાપના માટે ''પેલેસ્ટાઇન લિબરેશન ઓર્ગેનાઇઝેશન'' (પી.એલ.ઓ.) નામની સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. ભૂતકાળમાં તેનું મુખ્ય મથક ટ્યુનિશમાં આવેલું હતું. પેલેસ્ટાઇન નામનો કોઇ દેશ નકશા ઉપર ન હોવા છતાં તેને પ્રતિનિધિત્વ મળ્યું અને વિશ્વના મોટા ભાગના દેશોમાં તેની એલચી કચેરીઓ ખોલવામાં આવી. ભારતને પી.એલ.ઓ. પ્રત્યે હમદર્દી છે એટલે એના નેતા યાસર અરાફત વર્ષમાં ઘણીવાર દિલ્હીના આંટાફેરા કરતા. તેમ જ ભારતની ઘણી યુનિવર્સિટીઓમાં પેલેસ્ટીની વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા.

પેલેસ્ટીનીઓની મોટી વસતિ જોર્ડનના પશ્ચિમ કાંઠે, ગાઝાપટ્ટીમાં અને યરેખો શહેરની આસપાસ વસેલી છે. એ સિવાય લેબેનોન, ટ્યુનિશ અને ઘણા આરબ દેશોમાં તેઓ છૂટાછવાયા વસેલા છે. તેઓ જ્યાં કંઇ વસ્યા છે, ત્યાં ઇઝરાયલ સામે પોતાની માતૃભૂમિ મેળવવા લડત ચલાવી રહ્યા છે. ઇઝરાયલ સામે તેઓની આતંકીત પ્રવૃત્તિ લગભગ નિયિમત બની ગઇ છે.

ખાડી યુદ્ધમાં જેમ અમેરિકા યુનોનત્ત ઠરાવથી કુવૈતને મુક્ત કરાવવા ૨૮ સાથી દેશોના કાફલા સાથે યુદ્ધ મેદાનમાં ઉતર્યું, તેમ ઇરાકે પેલેસ્ટાઇનને નામે પોતાના સાથી આરબ દેશોનો સાથ મેળવવા પ્રયત્ન કર્યો હતો. એથી આરબ દેશોમાં વિખરાયેલા ૪૫ લાખ જેટલા પેલેસ્ટાઇનીઓ યુદ્ધના ઉન્માદમાં આવી ગયા હતા. 'પેલેસ્ટાઇન'ના નામે કોઇ દેશ હયાત ન હતો છતાં તેને યુનોનું સભ્યપદ હાંસલ થયું. એટલું જ નહિ પણ દુનિયાના ઘણા દેશોમાં તેની એલચી કચેરીઓ ખોલવામાં આવેલી.

એ પેલેસ્ટાઇન દેશ અને તેની પ્રજા સંબંધી રસપ્રદ માહિતી જાણવા મળે છે. ૧૯૧૪ પહેલા દુનિયાના નકશામાં પેલેસ્ટાઇન આગવું સ્થાન ધરાવતો દેશ હતો. એટલું જ નહિ, ઇતિહાસના તખ્તા પર પેલેસ્ટાઇને મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

એશિયાના પરશ્ચિમ કાંઠે આવેલો એ દેશ, 'પૂર્વની નજીકના પ્રદેશ' તરીકે જાણીતો હતો. સિરિયાના પહાડી પ્રદેશથી માંડીને નીચે નેગેબ સુધી અને અરબસ્તાનના રણથી માંડીને ભૂમધ્ય સમુદ્રના કાંઠા સુધી એ વિસ્તરેલો હતો. પેલેસ્ટાઇનની મધ્યમાં યરદન નદી ઉપરથી ઊતરી, નીચે મૃત સમુદ્રમાં ભળી જતી.

એ દેશમાં રહેતા લોકોએ કદી એને 'પેલેસ્ટાઇન' નામે ઓળખાવ્યો ન હતો. આશરે ચાર હજાર

વર્ષ ઉપર એ ‘કનાન’ નામે જાણીતો હતો. ત્યારે ત્યાં વસતી જાતિઓમાં યહૂદીઓ પણ હતા. યહૂદીઓનો પૂર્વજ ઈબ્રાહીમ મેસોપોટેમિયા (આજના ઈરાકના ઉર નગરમાંથી નીકળીને અહીં કનાનમાં રહેવા આવ્યો હતો. પ્રભુ યહોવાના ફરમાનથી ઈબ્રાહીમ ત્યાં ગયો હોવાથી યહૂદીઓ એ દેશને ‘વચનનો દેશ’ કહીને પણ સંબોધતા.

સમય વિતતાં ત્યાં ભારે દુકાળ પડ્યો. ત્યારે યહૂદીઓ હિજરત કરી મિસર દેશમાં ચાલ્યા ગયા. સંજોગોવસાત એ સમયે ત્યાંના પ્રધાનપદે યહૂદી જવાન યૂસફ હતો. તેના મૃત્યુ પછી વર્ષો બાદ મિસરી લોકોએ યહૂદીઓને પોતાના ગુલામ કરી લીધા અને તેઓ પર જુલમ કરવા માંડ્યો. યહૂદીઓ પાસે સખત મહેનત મજૂરી કરાવી ત્યારના રાજા ફારૂન રામસેસે મિસરના તોતિંગ પિરામિડો અને બીજાં ભવ્ય બાંધકામો કરાવ્યાં હતાં.

ઈ.સ. પૂર્વે ૧૧૮૮માં પલીસ્તી નામની પ્રજા મધ્યપૂર્વમાં આર્યોના હુમલાઓ દરમિયાન લડાઈમાં મોખરે રહી હતી. તેઓ ગ્રીસના દરિયા કાંઠે ક્રિટ નામના ટાપુ પરથી આવ્યા હોવાનું ઈતિહાસકારો કહે છે. બળદગાડાં, આખલાથી ખેંચાતાં નક્કર પૈડાનાં ભારવાહનો, રાંધવાનાં સાધનો, અન્ય રાચરચીલાં સાધનો સાથે પોતાનાં સ્ત્રી અને બાળકો લઈ, તેઓ પ્રસ્થાન કરતા હતા.

વહાણવટુ ખેલવામાં પણ તેઓ પાવરધા રતા. દરિયામાર્ગે તેઓ કનાન આવ્યાનું સમજાય છે.

આ પ્રજા મિસર તરફ આવતાં, ત્યાંનો રાજા રામસેસ ત્રીજો તેઓની સાથે માતેલ સાંઢની જેમ ત્રાટક્યો હતો. તેણે તેઓના સ્ત્રી અને બાળકોવાળા બળદગાડાં લૂંટી મોટાભાગના સૈનિકોની કત્તલ કરી હતી. એ વખતે મિસરીઓ અને પલીસ્તીઓ વચ્ચે નૌકાયુદ્ધ ખેલાયાનું પણ કહેવાય છે. લડાઈમાં ઘવાયેલાં સ્ત્રી પુરૂષ અને બાળકોને ત્યારે મિસરમાં સારવાર અને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. એમ પ્રથમ ‘પ્રિઝનર્સ ઓફ વોર’ વ્યવસ્થાની શરૂઆત મિસરમાં થઈ ચૂકી હતી.

ત્યારે મિસરનું રાજ્ય કનાન સુધી વિસ્તર્યું હોવાથી મિસરે પલીસ્તીઓના વસવાટ અને સંરક્ષણ અંગે કેટલીક છૂટ આપી હતી. એ વ્યવસ્થાને આધારે તેર વર્ષ બાદ પલીસ્તીઓ કનાનના ફળદ્રુપ કાંઠે ઠરીઠામ થયા હતા. ત્યાં તેઓએ આશ્કલોન, આશ્દોદ, એકરોન, ગાઝા અને ગાથ નામના પાંચ નગરો વસાવ્યાં હતાં. આ નગરોને જોડતા ધોરી માર્ગો પણ તેઓએ તૈયાર કર્યા હતા.

બાઈબલમાં આ પ્રજાને ‘દરિયાઈ લોક’ તરીકે ઓળખવામાં આવી છે. તેઓ માટીકામમાં નિપૂણ હતા. તેઓએ તૈયાર કરેલા પ્યાલા અને બરણી તેઓની કલાના ઉત્તમ નમૂના હતા. એમના બનાવેલા ખાસ ખ્યાલા દારૂ પીવાના ઉપયોગમાં લેવાતા. એ સમયે ધાતુમાં લેવડદેવડ થતી. કનાનમાં ત્યારે લોખંડ ગાળવાનું કારખાનું નાખવાનો યશ પલીસ્તીઓને ફાળે જાય છે. તેઓ લોખંડમાંથી શસ્ત્રો, ઘરનાં ઉપયોગી સાધનો, ઓજારો અને ઘરેણાં બનાવતા.

ઈ.સ. પૂર્વે ૧૨૭૦માં મુસા નામના આગેવાને લગભગ ૨૫,૦૦,૦૦૦ યહૂદીઓને મિસરની ગુલામીમાંથી છોડાવ્યા. ચાળીસ વર્ષ સિનાઈના રણમાં રખડતાં વિરમતાં પગપાળા તેઓ કનાન આવ્યાં ત્યારે તો તેઓની આખી પેઢી બદલાઈ ગઈ હતી. મુસાને સ્થાને યહોશુઆ નામનો માણસ તેઓની આગેવાની કરતો હતો. કનાનમાં આવી તેમણે જોયું તો ત્યાં બીજા લોકો વસવાટ કરતા હતા. તેઓમાં કનાની, હિત્તી, પરીઝી, યબૂસી, હિરવી, અમોરી, અદોમી અને પલીસ્તીઓ હતા. એથી પોતાની છાવણી ત્યાં નાખવા યહૂદીઓને તેઓની સાથે લડવાની જરૂર પડી. ચાળીસ વર્ષની મુસાફરીમાં હેરાન પરેશાન થયેલા યહૂદીઓએ લડીલડીને ઘણી જાતિઓને ત્યાંથી નસાડી મૂકી.

યહૂદીઓ કનાનમાં ફરી ઠરીઠામ થવા લાગ્યા. તેમની જાતિમાંથી એક પુરૂષ આખી જાતિનો પયગંબર બનતો. તે પ્રજાને માટે પરમેશ્વરનો પૈગામ પણ લાવતો. એને કારણે ઈબ્રાહીમને મેસોપોટેમિયામાંથી અલગ કરીને કનાનમાં વસાવવાને કારણે યહૂદી પ્રજાને ‘‘પ્રભુની પસંદ કરાયેલી પ્રજા’’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

કનાનમાં વસવાટ દરમિયાન તેઓના પર વારંવાર આસપાસ વસતી પ્રજાઓના હુમલા થયા કરતા પણ એ બધામાં તેઓ વિજયી નીવડતા, એમ ઈતિહાસ કહી જાય છે. આ યહૂદીપ્રજામાં સેમસન નામે એક આગેવાન થઈ ગયો. એ ભારે શક્તિશાળી હતો. એના સમયમાં એને પલીસ્તીઓ સાથે વારંવાર અથડામણ થઈ હતી. બધી વખતે સેમસન તેઓની સાથે એકલે હાથે લડી લેતો. એક વખત ગધેડાના જડબા વડે તેણે હજારેક પલીસ્તીઓને ઝૂડી નાખ્યા હતા. એને દલીલા નામની રૂપકડી પલીસ્તી યુવતી સાથે પ્રેમ સંબંધ થયો. એટલે આખરે દલીલાની મદદથી પલીસ્તીઓએ સેમસનને પરાસ્ત કરી દીધો. આમ પલીસ્તીઓ અને યહૂદીઓ વચ્ચે ઘર્ષણ શરૂ થઈ ગયું.

પછી યહૂદીપ્રજામાં રાજવ્યવસ્થા શરૂ થઈ. તેઓના પ્રથમ રાજા શાઉલને પલીસ્તીઓ સાથે વારંવાર લડવું પડ્યું. એ અરસામાં ગોલિયાથ નામે એક પલીસ્તી સરદાર યહૂદીઓ સામે લડવા બહાર આવ્યો. તે સાતેક ફૂટ ઊંચો અને પડછંદ હતો કે શાઉલ રાજા પણ તેનાથી ડરતો. છેવટે દાઉદનામના એક યહૂદી ગોવાળિયાએ ગોલિયાથને ગોફણના પથ્થરે ખતમ કરી દીધો અને વખત જતાં તે યહૂદી પ્રજાનો રાજા બન્યો. એના પછી એનો દીકરો સુલેમાન જેરૂશાલેમની ગાદીએ બેઠો. એ પોતાના જ્ઞાન અને સ્થાપત્યકલા માટે દુનિયામાં જાણીતો છે. એણે જેરૂશાલેમનું પવિત્ર મંદિર બંધાવ્યું હતું. સુલેમાનના સમય પછી એના દીકરાઓ અંદરોઅંદર લડતા, યહૂદી રાજ્યના યહૂદીયા અને સમારીયા એમ બે ભાગ થઈ ગયા. એનો લાભ લઈ બાબિલોનના રાજા નબૂદખાદનેસ્સારે તેઓના પર ચઢાઈ કરી જેરૂશાલેમનું મંદિર લૂંટ્યું. તેણે ઘણા યહૂદીઓની કતલ કરી અને કેટલાક બુદ્ધિજીવીઓને પોતાના દેશમાં લઈ ગયો.

ઈ.સ. પૂર્વે ૩૩૨માં મહાન સિકંદરે ત્યાં સત્તા સ્થાપી. ત્યારથી ૧૬૪ વર્ષ સુધી ત્યાં ગ્રીકોની સત્તા

રહી. એ વર્ષો દરમિયાન યહૂદીઓની સંખ્યા ત્યાં ઘટી ગઇ. ગ્રીક વેપારીઓ અહીં વેપાર માટે આવતા. તેઓએ પલીસ્તીઓ સાથે વેપારી સંબંધ કેળવ્યા અને સૌ પ્રથમ આ ગ્રીક વેપારીઓએ દેશને વાતચીતમાં 'પેલેસ્ટાઇન' તરીકે સંબોધ્યો. પછી રોમની સત્તા થતાં તેઓએ એ પ્રદેશને દુનિયાના નકશામાં પેલેસ્ટાઇન તરીકે જ ઓળખાવ્યો. ધીમેધીમે પેલેસ્ટાઇનમાં યહૂદીઓની સંખ્યા વધવા લાગી. અગાઉ બાબિલોનમાં બંદીવાન રખાયેલા યહૂદીઓ પણ મુક્ત થઇ પોતાના દેશમાં આવી વસ્યા. રોમનોએ યહૂદીઓ સાથે સારો સંબંધ રાખ્યો. એટલું જ નહિ પણ હેરોદ નામના રાજાએ તેઓનું નષ્ટ થયેલું જેરૂશાલેમનું મંદિર ફરી બાંધી આપ્યું. એ અરસામાં ઈસુ ખ્રિસ્તે પેલેસ્ટાઇનમાં પોતાનું સેવાકાર્ય શરૂ કર્યું હતું. તેમના સમય પછી યહૂદીઓએ પોતાનો દેશ આઝાદ કરવા રોમની સત્તા સામે વારંવાર બંડ કર્યું.

એથી ઇ.સ. ૭૦માં રોમની સેનાએ પેલેસ્ટાઇન પર ચઢાઇ કરી. મોટા પ્રમાણમાં તેઓએ યહૂદીઓની કતલ કરવા માંડી. એથી કેટલાક યહૂદીઓ જીવ બચાવવા નાસી છૂટ્યા. મોટાભાગના પેલેસ્ટાઇન છોડી પરદેશોમાં ચાલ્યા ગયા. પછી મુસલમાનો અને ખ્રિસ્તીઓએ એ દેશમાં ધર્મયુદ્ધો ખેલ્યાં. કનાનમાંથી યહૂદીયા અને યહૂદીયામાંથી પેલેસ્ટાઇન બનેલા દેશમાંથી યહૂદીઓ બહાર નાઠા, છતાં બહારના દેશોમાં પણ તેઓની સામે ભારે વિરોધવંટોળ જાગ્યો. સરમુખત્યાર હિટલરે સાઈઠ લાખ યહૂદીઓને સમુહમાં ગેસ ચેમ્બરમાં ગુંગળાવી માર્યા. પ્રથમ વિશ્વયુદ્ધમાં પેલેસ્ટાઇન બ્રિટનના હાથમાં ગયું. ઇ.સ. ૧૯૧૭માં બ્રિટને બહાર પાડેલા 'બાલ્ફર' ઢંઢેરાના આધારે યહૂદીઓને ફરી પોતાના માદરે વતનમાં વસવાની છૂટ અપાઇ. ૧૯૪૮ના મે મહિનાની ૧૪મી તારીખે યુનો દ્વારા 'ઇઝરાયલ'ના નવા રાજ્યની જાહેરાત થઇ અને પેલેસ્ટાઇન શબ્દ દુનિયાના નકશામાંથી નીકળી ગયો.

એ સામે પલીસ્તીઓ એટલે હાલના પેલેસ્ટાઈનીઓએ પોતાનો વિરોધ નોંધાવ્યો. અહીં જાણવું જરૂરી છે કે પેલેસ્ટાઇનીઓ આરબો નથી. તેઓના પેલેસ્ટાઇનના વસવાટ દરમિયાન તેઓ આસપાસના આરબોના સંપર્કમાં આવ્યા અને તેથી તેઓએ આરબોની સંસ્કૃતિ અને ધર્મ સ્વીકાર્યો. એથી દુનિયાભરના આરબ મુસ્લિમ દેશોની સહાનુભૂતિ તેઓની સાથે છે. તેઓએ 'પેલેસ્ટાઇન લિબરેશન ઓર્ગેનાઇઝેશન' (પી.એલ.ઓ.) નામની સંસ્થા સ્થાપી છે.

પી.એલ.ઓ. ઇઝરાયલ પરના ત્રાસવાદી હુમલા માટે જાણીતી છે. ૭૦ના દાયકામાં સ્વીટઝરલેંડના ઝૂરીચ હવાઇમથક પર ઇઝરાયલના એક મુસાફર વિમાનને ઉડાવી દેવા તેઓએ બોંબ ફેંક્યા હતા. પાન અમેરિકન સંસ્થાના વિમાનનું અપહરણ કરી, તેને નષ્ટ કરી દીધું હતું. ઇ.સ. ૧૯૭૨માં જર્મનીમાં ઓલિમ્પિક રમતોત્સવ વેળા અગિયાર યહૂદી રમતવીરોની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. ૧૯૭૬ના જુલાઇમાં ફ્રાંસની એક એરબસનો કબજો લઇ, તેમાંના સો યહૂદી ઉતારૂઓને યુગાન્ડામાં એન્ટેબી હવાઇ મથકે ઘેરી બંદી બનાવાયા હતા. ત્યારે ઇઝરાયલી કમાન્ડોએ વીજળી વેગે ત્રાટકી, બધા યહૂદીઓને મુક્ત કરી, વિક્રમ

સર્જ્યો હતો.! ૧૯૮૨માં ઇઝરાયલના એલચી ખાતાના બે માણસોની ફ્રાંસમાં અને બ્રિટનમાં હત્યા કરવામાં આવી હતી.

આ બધું કરવા પાછળ પેલેસ્ટાઇનીઓ પોતાના વતન માટે દુનિયામાં અવાજ ઊઠાવવા માગે છે. શરૂઆતમાં જોર્ડનમાં રહી તેઓ પોતાની પ્રવૃત્તિઓ ચલાવતા હતા. ૧૯૬૭માં છ દિવસના યુદ્ધમાં ઇઝરાયલે જોર્ડન પાસેથી પશ્ચિમ જેરૂશાલેમ જીતી લઇ સંપૂર્ણ શહેર પર પોતાનો કબજો જમાવી દીધો. આ પરાજય પછી જોર્ડનમાં આંતરવિગ્રહ થયો. તેમાં ત્યાંના લશ્કરે મોટાભાગના પેલેસ્ટાઇનીઓને બળપૂર્વક લેબેનોનમાંથી હાકી કાઢ્યા.

ત્યાં પણ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓ ચાલુ રહી. પરિણામે ૧૯૮૨માં ઇઝરાયલે લેબેનોન પર ભારે આક્રમણ કર્યું. એથી પેલેસ્ટાઇની સૈનિકો નાસીને લેબેનોનના પાટનગર બૈરૂતમાં ઘુસી ગયા. ઇઝરાયલે બૈરૂતને ઘેરો ઘાલી ત્યાંની વિજળી અને પાણી વ્યવસ્થા કાપી નાંખી. એટલું જ નહિ બૈરૂત પર નૌકા, હવાઇ અને જમીન પરથી ત્રિપાંખીઓ હુમલો કર્યો. ત્યારે ત્યાં છૂપાયેલા ૨,૦૦૦ પેલેસ્ટાઇની સૌનિકોની હાલત કફોડી બની ગઇ. આખરે એક શાંતિ યોજના મારફતે ઇઝરાયલને યુદ્ધ વિરામ કરાવી, ગ્રીસના વહાણો મારફતે બધા પેલેસ્ટાઇનીઓને જુદાજુદા આરબ દેશોમાં મોકલી આપવામાં આવ્યા. રહ્યાસહ્યા પેલેસ્ટાઇનીઓ પર સિરિયાએ પણ બળ વાપરી હદપાર કરવામાં ભૂમિકા ભજવી. હજુ પણ થોડા શરણાર્થીઓ લેબેનોનમાં પડ્યા રહે છે.

ત્યારે તેઓનું વડું મથક ટ્યુનિશમાં આવેલું હતું. ત્યાંથી પણ તેઓએ ઇઝરાયલ પર ત્રાસવાદી પ્રવૃત્તિઓ જારી રાખી. એથી ઇઝરાયલે અચાનક હવાઇ હુમલો કરી ટ્યુનિશનું મુખ્યાલય ઉડાવી દીધું હતું. ૧૯૮૯માં તેઓના એક નેતાને ઇઝરાયલી કમાન્ડોએ ટ્યુનિશમાં જઇ ઠાર માર્યો હતો.

આજે પણ ઇઝરાયલની હકૂમતવાળા પશ્ચિમ કિનારા, ગાઝાપટ્ટી અને જેરૂસાલેમમાં પેલેસ્ટાઇનીઓની મોટી સંખ્યા છે. ત્યાંથી તેઓ અવારનવાર ઇઝરાયલના સૈનિકો પર હુમલા કરતા રહે છે. એનું જીવંત પ્રસારણ ઘણીવાર આપણે ટી.વી. પર નિહાળીએ છીએ. જોકે ઇઝરાયલે પણ તેઓના પર જુલમ કરવામાં કંઇ બાકી રાખ્યું નથી.

આ બાબતો જોતાં પેલેસ્ટાઇનીઓ પ્રથમથી જ બહાદૂર અને બળવાખોર પ્રજા તરીકે જાણીતા બન્યા છે. આરબદેશો ઘણીવાર પોતાના સ્વાર્થ ખાતર તેઓનો ઉપયોગ કરે છે. કેમ કે જોર્ડન, લેબેનોન અને સિરીયા જેવા દેશોએ તેઓને પોતાની ધરતી પરથી હદ પાર કર્યા હતા.

અમેરિકા, ઇઝરાયલ અને મિસર વચ્ચે થએલી 'કેમ્પ-ડેવીસ' શાંતિ સમજૂતીને આધારે પેલેસ્ટાઇનીઓને ઇઝરાયલના પશ્ચિમકાંઠે સ્વાયત્તતા આપવાની જોગવાઇ છે. પણ મંત્રણા મેજ પર ઇઝરાયલ પી.એલ.ઓ.ની સંસ્થાને સ્વીકારવા માગતું નથી. વિશ્વ ફલક પર રશિયા, ભારત, ચીન અને

મોટા ભાગના આરબ દેશોએ પેલેસ્ટાઇનના પ્રશ્ને વિશ્વ સંમેલન બોલાવવાની અપીલ કરી હતી પણ એ અંગે ઇઝરાયલ નકારાત્મક વલણ અપનાવી રહ્યું છે. "અમે ઇઝરાયલ સામે જનમોત્તર લડાઇ લડતા રહીશું." એમ પી.એલ.ઓ.ના નેતા યાસર અરાફતે કહ્યું હતું.

પેલેસ્ટાઇનનો પ્રશ્ન લટકતી તલવાર જેવો છે. કેમ કે બધા આરબ દેશો ઇઝરાયલનું અસ્તિત્વ સ્વીકારવા તૈયાર નથી. તો ઇઝરાયલ પોતાની ધરતી પર ત્રાસવાદી પેલેસ્ટાઇન ઊભું કરવા તૈયાર નથી, એથી આ પ્રશ્નના નિવારણ માટે પેલેસ્ટાઇન અને ઇઝરાયલ બંનેનું હિત જળવાઇ એ રીતે નિવેડો લાવવા પ્રયત્નો થયા. ખાડીયુદ્ધ પછી વિશ્વફલક ઉપર અમેરિકા એક સુપર પાવર તરીકે ઉપસી રહ્યું છે. વિશ્વના સળગતા પ્રશ્નો અને કોઇ પણ જરૂરિયાત માટે એનું મંતવ્ય મહત્વનું થઇ પડે છે. વળી આજકાલ વિશ્વ સંસ્થા 'યુનો' અને વિશ્વના ઘણા દેશો એની યોજનાને માન્ય રાખતાં થયાં છે. ૧૯૯૩ના વર્ષમાં અમેરિકા અને યુનોએ પેલેસ્ટાઇનના પ્રશ્ન અંગે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એ માટે અમેરિકા, રશિયા અને ફ્રાંસમાં ઇસરાયલ પેલેસ્ટાઇન અને આરબ દેશના પ્રતિનિધિઓની મુલાકાતો શક્ય બની હતી. એના ફળ સ્વરૂપે તેઓએ એક શાંતિ યોજના ઘડી કાઢી હતી. તેમાં ઇઝરાયલ અને પી.એલ.ઓ. એકબીજાને માન્યતા આપે એ મહત્ત્વનો મુદ્દો હતો. જ્યારથી પી.એલ.ઓ.એ હિંસક વલણ અપનાવ્યું ત્યારથી ઇઝરાયલે તેની સાથે કદી ન બેસવા કે વાટાઘાટો ન કરવા નિર્ણય કર્યો હતો. એ જ રીતે સામે પક્ષે આરબોએ પી.એલ.ઓ.ને નાણાં, શસ્ત્રો વગેરે પૂરું પાડીને ઇઝરાયલની વિરૂદ્ધમાં ઉકસાવ્યા હતા. એથી પી.એલ.ઓ. કોઇ આતંક ઊભો કરે તો બીજા દિવસે ઇઝરાયલ 'ઇંટનો જવાબ પથ્થર' થી આપતું. ગયા શિયાળામાં કેટલાક યહૂદીઓની હત્યાના સંદર્ભમાં ઇઝરાયલે સો એક પેલેસ્ટીનીઓને વતનમાંથી હદપાર કરી લેબેનોનની પહાડીઓમાં તગેડી મૂક્યા હતા. જેમાં એક તરફ ઇરાનના હીઝબુલ્લા જુથ દ્વારા ઇઝરાયલ પર રોકેટમારો થતો હતો તો સામેથી ઇઝરાયલ એમના ઉપર તોપમારો કરી રહ્યું હતું. એ હુમલાઓના સતત ભય વચ્ચે બીતા સંતાતા પેલેસ્ટીનીઓ ત્યાં પડ્યા રહ્યા હતા. ધીમે રહીને યુનો એમની મદદે ગયું હતું.

એ અરસામાં અમેરિકાના સહયોગથી યુનોએ ઇઝરાયલ અને પી.એલ.ઓ. સાથે શાંતિવાર્તા યોજી હતી. સપ્ટેમ્બર ૧૯૯૩ની મંત્રણાના આધારે

* ઇઝરાયલ દેશનિકાલ કરેલા પેલેસ્ટીનીઓને સ્વીકારે.
* ઇઝરાયલ પી.એલ.ઓ.ને માન્યતા આપે.
* પી.એલ.ઓ. ઇઝરાયલના અસ્તિત્વનો સ્વીકાર કરે.
* એમ પરસ્પર એકબીજાનો સ્વીકાર કરતાં ઇઝરાયલના હકુમતવાળા ગાઝા પ્રદેશ અને યરેખોસહીતના પશ્ચિમ કાંઠાના વિસ્તારમાં પેલેસ્ટાઇનનું સ્વાયત્ત રાજ્ય પ્રથમ ઇઝરાયલના સંરક્ષણ નીચે અસ્તિત્વમાં આવે.

આ શરતોનો કટ્ટરપંથી આરબ રાજ્યો ઈરાન, ઈરાક, લિબિયા અને પેલેસ્ટીનીઓના ઉદ્દામવાદીઓએ વિરોધ કર્યો હતો.

બીજી બાજુ ઈઝરાયલના એક વિપક્ષના પ્રધાને રાજીનામું ધરી દીધું હતું. તેમ જ ધર્મચુસ્ત યહૂદીઓએ દેશમાં આ શાંતીવાર્તાના વિરોધમાં દેખાવો યોજ્યા હતા.

છતાં સિરિયા, ઈજિપ્ત, લેબેનોન, સાઉદી એરેબિયા, મોરોકેકો જેવા રાજ્યોએ આ યોજનાને બહાલી આપી હતી.

એના પરિણામે અમેરિકાએ યુનોના નેજા હેઠળ પ્રયોજેલી શાંતિમંત્રણા સફળ થઈ હતી. એ માટે ઈઝરાયલના  વડા પ્રધાન યિટઝાક રાબિનની એક યહૂદી મારફતે જ હત્યા કરવામાં આવી હતી. એમ માતૃભૂમિની શાંતિ માટે એમણે પ્રથમ શહાદત વહોરી હતી. જો કે વડાપ્રધાન યિટઝાક રાબિન અને પી.એલ.ઓના વડા યાસર અરાફતે પોતાના સહી સિક્કા કરી દીધા હતા. હમણાં પેલેસ્ટાઈનને સ્વાયત્તતા આપવામાં આવી છે. એથી તેઓનું અલગ રાજ્ય અસ્તિત્વમા આવશે અને 'પેલેસ્ટાઈન' ફરી પાછું દુનિયાના નકશા પર દેખા દેશે.એથી પેલેસ્ટીનીઓ અને યહૂદીઓ વચ્ચેની અવારનવાર થતી હિંસા ઘટી જશે. અને આવતાં દિવસોમાં તેઓ સારા પાડોશી રાજ્યો તરીકે શાંતિથી રહેતાં થશે.

આ સંદર્ભે મારા લેખો 'નવનીત સમર્પણ' અને 'ગુજરાત સમાચાર' માં છપાયા હતા.

'નવનીત સમર્પણ'   સપ્ટે. ૧૯૮૨ અને
'ગુજરાત સમાચાર' ૧-૩-૧૯૯૧

ꕥ ꕥ ꕥ

# ૧૦

# યરુશાલેમ

વિશ્વનું વિવાદાસ્પદ નગર અને પવિત્ર સ્થળ યરુશાલેમ (જરુસલેમ)નો પ્રશ્ન જગતમાં આજે સૌકોઇનું ધ્યાન ખેંચી રહ્યો છે. પશ્ચિમ એશિયાના દેશોમાં વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતા તેમજ ૪૦૦૦ વર્ષનો લાંબો ઇતિહાસ રજૂ કરતા એક પુરાતન શહેરના ભૂતકાળ અને વર્તમાનકાળ વિશે આ લેખ રસપ્રદ માહિતી પૂરી પાડે છે.

યરુશાલેમ શહેર વિશ્વફલક પર વિવાદાસ્પદ રહ્યું છે. યહૂદીઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ યરુશાલેમમાં રસ લેતા આવ્યા છે.

ઈ.સ. પૂર્વે ૪૦૦૦માં યહૂદીઓનો પિતૃ ઈબ્રાહીમ ઉર પ્રદેશ (મેસોપોટેમિયા)માંથી સૌ પ્રથમ ત્યાં રહેવા ગયો હતો. તે પોતાના એકના એક પુત્ર ઈસાકને અર્પણ કરવા મોરિયા પહાડ પર લઇ ગયો હતો. એ જ સ્થળે પાછળથી યહૂદીઓના રાજા સુલેમાને યરુશાલેમનું પવિત્ર મંદિર બાંધ્યું હતું. વળી ઘણા લાંબા સમય સુધી એ યહૂદીઓની રાજધાનીનું મથક રહ્યું હતું.

એ જ શહેર ખ્રિસ્તીઓનું પણ તીર્થધામ છે, કેમ કે ઈસુ ખ્રિસ્તની એ માતૃ ભૂમિ હતી.

ઈ.સ. ૬૩૭ થી ૧૦૩૨ સુધી ત્યાં આરબ મુસ્લિમોની સત્તા હતી. ત્યારે યરુશાલેમના મંદિરની જગાએ 'ડોમ ઓફ ધ રોક' નામની મસ્જિદ ઊભી કરવામાં આવી. વળી ખ્રિસ્તી ધર્મપુસ્તક 'બાઇબલ' અને મુસલમાનોના ધર્મગ્રંથ 'કુરાને શરીફ'માંની ઘણી બધી વાતો યહૂદી ઈતિહાસને મળતી આવે છે; માટે યેરુશાલેમએ ત્રણે ય ધર્મોનું પવિત્ર ધામ બની રહ્યું છે. એને આંતરરાષ્ટ્રીય ધાર્મિક શહેર તરીકે જારી રાખવા પ્રયત્નો થયા છે  પણ તેનું કંઇ પરિણામ આવ્યું નથી, બલ્કે એને માટે યુદ્ધો અને ધર્મયુદ્ધો ખેલાતાં રહ્યાં છે.

ગયા વર્ષે જુલાઇ ૧૯૮૦માં ઇસરાયલની નેસેટ (સંસદે) પૂર્વ અને પશ્ચિમ યરુશાલેમને પોતાની અવિભાજિત, અખંડિત, હંમેશાંની રાજધાની તરીકે જાહેર કરતો ઠરાવ પસાર કર્યો હતો. એ સાથે જ આરબ મુસ્લિમ રાજ્યોમાં એના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.

સાઉદી અરબસ્તાનના પ્રિન્સ ફહાદે ઈસરાયલ સામે જેહાદ (ધર્મયુદ્ધ) જગાવવા અપીલ કરી હતી. ત્યારે લિબિયામાં મળેલા કટ્ટરપંથી મુસ્લિમ નેતાઓએ યરુશાલેમને મુક્ત કરવા અને ઈસરાયલને દુનિયાના નકશા પરથી મિટાવી દેવા ગુફતેગુ કરી હતી. એના અનુસંધાનમાં ઈસરાયલને યુનોના સભ્યપદેથી હકાલી કાઢવા કાર્યવાહી ચાલી હતી. જાન્યુઆરી ૧૯૮૧માં સાઉદી અરબસ્તાનમાં મળેલી મુસ્લિમ નેતાઓની શિખર પરિષદે યરુશાલેમ સંબંધી પોતાનો અવાજ ઊઠાવ્યો હતો. તેઓના ઠરાવ મુજબ ૩,૦૦૦ કરોડ ડૉલરનું મોટું ફંડ ઊભુ કરવામાં આવશે. એ ફંડ યરુશાલેમને  મુક્ત કરવા જાગનારી જેહાદ પાછળ ખર્ચવામાં આવશે. જો કે એના પ્રત્યાઘાત રૂપે ઈસરાયલમાં કોઈ પ્રક્રિયા થઇ નથી. આશરે ૩૭૦૦ વર્ષ પહેલાં ઈસરાયલનો સુવર્ણયુગ હતો. ત્યારે યરુશાલેમની ભારે જાહોજલાલી હતી. ત્યાં સુલેમાન નામે યહૂદી

રાજા રાજ કરતો હતો. એના બુદ્ધિ ચાતુર્ય માટે એ દુનિયામાં જાણીતો હતો. એના સમયમાં ઈસરાયલનાં વહાણો ભારતના દરિયાકાંઠે લાગરાતાં, એવાં ઐતિહાસિક લખાણો મળી આવે છે.

એ સુલેમાન રાજાએ યરુશાલેમમાં યહૂદીઓનું મહાભવ્ય મંદિર બંધાવ્યું હતું. મંદિરના બાંધકામમાં આશરે ૩,૭૫૦ ટન સોનું અને ૩૭,૫૦૦ ટન ચાંદી વપરાઇ હતી. મંદિરની દીવાલો અને છતને ચોખ્ખા સોનાથી મઢી દેવામાં આવી હતી. એને બાંધવા ૧,૮૦,૦૦૦ મજુરો રોકવામાં આવ્યા હતા. છતાં મંદિરનું બાંધકામ સંપૂર્ણ થતાં સાત વર્ષ લાગ્યાં હતાં. પુરાતત્ત્વવિદ્યાવાળા આ મંદિર પાછળ આશરે ૮,૦૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થયાનું અંદાજે છે. એ સમયે સાચે જ એ દુનિયાની અજાયબી હતી. ઇ.સ.પૂર્વે ૫૮૭માં બાબિલોનનો રાજા નબૂખાદનેસ્સારઅ મંદિરને લૂંટી ગયો અને સાથે કેટલાક બુદ્ધિજીવી યહૂદીઓને બંદી બનાવી પોતાના દેશમાં લઇ ગયો. ઇ.સ. પૂર્વે ૫૩૬માં બાબિલોનનમાં પર્શિયાની સત્તા થતાં, યહૂદીઓને પોતાના વતન પાછા ફરવાની છૂટ મળી ત્યારે પેલા જૂના ખંડિયેર મંદિરના સ્થાને, ઝરુબાબેલ નામના યહૂદી આગેવાને ૫૧૫માં બીજું મંદિર બાંધ્યું. ધીમેધીમે યરુશાલેમમાં યહૂદીઓની સંખ્યા વધવા લાગી. એ સમયે મંદિરના નિભાવ અર્થે સૌ પ્રથમ યહૂદી પ્રજા પર કર નાખવામાં આવ્યો. ૨૩૨માં યરુશાલેમ એલેકઝાંડર ગ્રેટની સત્તા નીચે આવ્યું. અને ત્યાર બાદ ઇજિપ્તના રાજાની ત્યાં સત્તા થઇ. ઇ.સ. પૂર્વે ૧૭૫માં અંત્યોખસ નામનો ગ્રીક રાજા ત્યાં સત્તા સ્થાને હતો. તેણે યહૂદી લોકો પર ભારે જુલમ ગુજાર્યો. તોઓનું મંદિર ભ્રષ્ટ કર્યું અને પોતાના દેશના રીતરિવાજો તેઓના પર લાદ્યા. એના જુલમથી ત્રાસેલા યહૂદીઓએ બળવો પોકાર્યો અને સત્તા પોતાના હાથમાં લઇ લીધી. છેલ્લે ઇ.સ. પૂર્વે ૬૩માં ત્યાં રોમે સત્તા ધારણ કરી. ઇ.સ. પૂર્વે ૧૯માં રોમી બાદશાહ હેરોદે યહૂદીઓને ખુશ કરવા ફરી યરુશાલેમમાં ભવ્ય મંદિર બાંધ્યું. એનું આબેહૂબ વર્ણન પહેલી સદીના ઇતિહાસકાર જોસફસે આ પ્રમાણે કર્યું છેઃ

‘‘યરુશાલેમમાં મોરિયાના પહાડ પર ફરી બંધાયેલા હેરોદના મંદિરની રોમના ઇતિહાસમાં દુનિયાના સર્વોત્તમ બાંધકામ તરીકે ગણના થઇ છે. વીસમી સદીના કોઇ પણ બાંધકામની તેની સાથે તુલના થઇ શકે તેમ નથી. તેનું બાંધકામ પૂરું થતાં લગભગ ૭૦થી વધારે વર્ષ લગ્યાં હતાં. એ વિશાળ પથ્થરો પર બંધાયું હતું. એની દીવાલો એક માઇલ લાંબી, બસો ફૂટ ઊંચી અને ઘણી જગાએ અઢાર ફૂટ પહોળી હતી. એક જ પથ્થરમાંથી ઘડાયેલા; એવા ત્યાં હજારો થાંભલા હતા. અને એ બધા સોનાથી મઢેલા હતા,’’ (એન્ટિક્વિટિઝ ઑફ ધ જ્યુઝ ૧૫, ૧૧, ૦)

પરદેશી સત્તામાંથી મુક્ત થવા યહૂદીઓ વારંવાર બળવો કરતા હતા. એટલે યરુશાલેમનો સંપૂર્ણ કબજો મેળવવા ઇ.સ. ૭૦માં રોમી સૈન્યે યરુશાલેમને ઘેરો ઘાલ્યો. શહેરની તોતિંગ દિવાલો ભેદી અંદર જવું મુશ્કેલ હતું એટલે લગાતાર પાંચ મહિના સુધી રોમીઓએ યરુશાલેમનો ઘેરો મજબૂત પકડી રાખ્યો. અને પાંચ મહિના બાદ લશ્કરે શહેરમાં પ્રવેશ કર્યો. ત્યારે તો કેટલાય યહૂદીઓ ભૂખ અને રોગથી મરી

ગયા હતા. બાકી બચેલાઓ ઉપર રોમી સૈનિકોએ તલવાર ચલાવી. યરુશાલેમના મંદિરમાં અને શેરીઓમાં મુડદાના ઢગ ખડકાઈ ગયા. મંદિરમાં જીવ બચાવવા ભરાઇ ગયેલાઓની કતલ થતાં ત્યાં લોહીની નદીઓ વહેવા લાગી. દરરોજ ૪૦૦૦ જેટલાં શબોનો શહેરમાંથી નિકાલ કરવામાં આવતો. ત્યારે યરુશાલેમ અને એની આસપાસના પ્રદેશમાં બચી ગયેલા યહૂદીઓ જીવ બચાવવા પરદેશોમાં નાસી છૂટ્યા. વર્ષોથી માદરે વતનમાં રહેતા યહૂદીઓ દેશ છોડી પૃથ્વીના દેશોમાં જ્યાં શક્ય બન્યું ત્યાં બધે જ વેરવિખેર થઇ ગયા. એમ યરુશાલેમ શહેર અને ત્યાંના મંદિરની રોમીઓએ ભારે પાયમાલી કરી મૂકી.

‘‘જ્યાં શહેર, બાગબગીચા અને રમણીય સ્થળો હતાં ત્યાં ઠૂંઠાં અને બધું વેરાન બની ગયું. દેશી કે પરદેશી માણસ, જેણે અગાઉ યરુશાલેમ અને યહૂદીઓનું રાજ્ય જોયું હોય, તે એની દુર્દશા જોઇ માની ન શકે; એવી એની હાલત કરી દેવામાં આવી.’’ એમ જોસફસ લખે છે.

લાંબા ગાળા બાદ ૩૨૪માં કોન્સ્ટંટાઇન ત્યાંનો રાજા થયો. એના સમયમાં ઠેરઠેર એણે ખ્રિસ્તી ચર્ચ બાંધ્યાં. દુનિયાભરના ખ્રિસ્તીઓ માટે યરુશાલેમ ખુલ્લું મુકાતાં ખ્રિસ્તીઓને યરુશાલેમની યાત્રા કરવાની તક પ્રાપ્ત થઇ. ઇ.સ. ૬૭૩માં યરુશાલેમ આરબોના હાથમાં ગયું. એમની સત્તા દરમિયાન ૬૯૧માં યહૂદી મંદિરને સ્થાને ‘ડોમ ઑફ ધ રોક’ નામની મસ્જિદ બંધાવી. મસ્જિદ જે મુખ્ય પથ્થર ઉપર બંધાવી છે, ત્યાં મહંમદ પયગંબરે રાતની મુસાફરી દરમિયાન પોતાના પગ મૂક્યા હતા. એવું મુસ્લિમો માને છે.

યરુશાલેમ માટે યહૂદી અને મુસલમાનોનની ખેંચાખેંચ વચ્ચે ઇ.સ. ૧૦૯૯માં ખ્રિસ્તી ધર્મયુદ્ધ વીરોએ તેનો કબજો લીધો. એથી યરુશાલેમ અને એની આસપાસના પ્રદેશમાં ખ્રિસ્તી રીતરિવાજો અને સંસ્કૃતિનું મંડાણ થયું. ઇસુ ખ્રિસ્તનાં યાદગાર સ્થળોએ ખ્રિસ્તી ચર્ચ ઊભાં કરવામાં આવ્યાં. ત્યારે યહૂદી અને મુસલમાનોને શહેરથી દૂર રાખવામાં આવ્યાં હતા, છતાં તેઓને વેપારધંધા અર્થે શહેરમાં પગ પેસારો કર્યો હતો.

૧૧૮૭માં ફરી મુસ્લિમોએ યરુશાલેમ જીતી લીધું અને ૧૨૨૯ સુધી ત્યાં પોતાની સત્તા ટકાવી રાખી. ૧૨૨૯થી ૧૨૪૪ સુધી ખ્રિસ્તી અને મુસલમાનોએ શહેરને બે ભાગમાં વહેંચી નાખ્યું. ૧૨૫૦માં મામલુકોએ યરુશાલેમ જીતીલીધું. તેઓએ યહૂદીઓ પર ત્રાસ ગુજારવા માંડ્યો. એ અરસામાં ત્યાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઇ અને તેમાં ત્યાં સાબુ તથા ઓલીવઓઇલનું ઉત્પાદન શરૂ થયું. ૧૫૧૭માં ફરી સત્તા પલટાઇ અને તુર્કોએ ત્યાં સત્તા ધારણ કરી. તેઓએ લગભગ ૪૦૦ વર્ષ સુધી ત્યાં રાજ કર્યું.

તેમની સત્તા દરમિયાન શહેરમાં નવાં બાંધકામો થયાં. તેઓના સમયમાં સુલતાન સુલેમાને બાંધેલી દીવાલ આજે પણ મોજુદ છે. ઘણી લાંબી રાજસત્તા ભોગવ્યા છતાં તુર્કો ત્યાંના જાહેર જીવનમાં કોઇ ખાસ પરિવર્તન લાવી શક્યા નહી.

ધીમે ધીમે યરુશાલેમ પર વિદેશીઓની આંખ મંડાઇ. ઇ.સ. ૧૮૩૮માં બ્રિટને સૌ પ્રથમ ત્યાં

પોતાનો દૂતાવાસ ખોલ્યો. ૧૮૬૮માં સુએઝ નહેરનો ઉદ્‍ઘાટન વિધિ કરનાર ઑસ્ટ્રિયાના રાજા જોસેફે યરુશાલેમની મુલાકાત લીધી હતી. ૧૯૧૭માં અંગ્રેજોએ શહેરને તુર્કોના હાથમાંથી મુક્ત કર્યું અને 'બાલ્ફઢંઢેરા'ની જાહેરાત કરી. એ કરારને આધારે યહૂદીઓને પોતાનું માદરે વતન 'ઇસરાયલ' પાછું મળ્યું. ત્યારે દુનિયાભરના દેશોમાં વેરવિખેર થઇ પડેલા યહૂદીઓ પોતાના દેશમાં ઊતરી આવ્યા. આખરે તા. ૧૪-૫-૧૯૪૮ના રોજ ઇસરાયલના સ્વતંત્ર રાજ્યની યુનોએ જાહેરાત કરી અને ત્યાંથી બ્રિટનની સત્તાનો અંત આવ્યો.

એ સાથે જ પવિત્ર નગર યરુશાલેમ બે ભાગમાં વહેંચાઇ ગયું. શહેરનો પશ્ચિમ ભાગ યહૂદીઓના હાથમાં આવ્યો, જયારે ડોમ ઑફ ધ રોકની મસ્જિદવાળો પૂર્વ ભાગ જોર્ડનના રાજા હુસેનના હાથમાં ગયો. એ જ પૂર્વ ભાગમાં યહૂદીઓના પવિત્ર મંદિરની એક રહીસહી દીવાલ આવેલી છે, જેને તેઓ રૂદનની દિવાલ તરીકે ઓળખે છે. ૧૯૬૭માં ઇઝરાયલ અને આરબ રાજ્યો વચ્ચે છ દિવસનું ટૂંકું પણ જબરદસ્ત યુદ્ધ ખેલાયું. તેમાં ઇસરાયલે યરુશાલેમનો પૂર્વભાગ જોર્ડન પાસેથી જીતી લઇ પોતાના પશ્ચિમ યરુશાલેમ સાથે મેળવી દીધો. આજે પશ્ચિમ યરુશાલેમમાં બે લાખ યહૂદીઓ વસે છે, જ્યારે આરબોની સંખ્યા માત્ર ૪૦૦ જેટલી છે. તેમજ પૂર્વ ભાગ જ્યાં ડોમઓફ ધ રોક આવેલું છે ત્યાં મુસ્લિમોની સંખ્યા દોઢ લાખની છે, જ્યારે યહૂદીઓ ૮૦,૦૦૦ જેટલા છે. એથી ઇસરાયલી સરકાર ત્યાં નવાં સંસ્થાનો બાંધી પોતાના લોકોને વસાવવા લાગી છે.





એટલે આવતાં થોડાં વર્ષોમાં પૂર્વ યરુશાલેમમાં પણ યહૂદીઓની વસતિ વધી જવા સંભવ છે. જોકે હવે પૂર્વ પશ્ચિમનો કોઇ સવાલ રહેતો નથી. કેમ કે આજે તો સંપૂર્ણ યરુશાલેમ ઇસરાયલના વહીવટ નીચે છે અને તેને ઇસરાયલની અખંડિત અને કાયમી રાજધાની જાહેર કરી દેવાઇ છે.

તેથી મધ્ય પૂર્વની શાંતિ વધુ જોખમાઇ છે. એને લીધે આરબ મુસ્લિમ રાજ્યો છંછેડાયાં છે.

તેઓને યરુશાલેમ માટે જેહાદ જગાવવાની અને ઈસરાયલના શુભચિંતક દેશો સાથે પણ પ્રતિબંધક વલણ અપનાવવાની ઘોષણા કરી દીધી છે. એથી ઈસરાયલમાં આવેલા વિદેશી દૂતાવાસો યરુશાલેમ ખસેડવા બહુ ઓછા દેશો સંમત થયા છે. બીજી બાજુ સિરીયાનું લશ્કર લેબેનોનમાં પડાવ નાખી બેઠુ છે. વળી લેબેનોન સરહદ પરના આરબ પેલેસ્ટાઈ ગેરિલાઓ વારંવાર કનડગત કરતા રહે છે. પી.એલ.ઓ. અને લિબિયા જેવા કટ્ટરપંથી આરબો લડાઈ માટે ઉશ્કેરણી કરી રહ્યા છે.

વચ્ચે ઈરાક અને ઈરાનનું યુદ્ધ જાગતાં મામલો ફેરવાઈ ગયો હતો. આજે પણ એ લડાઈ ચાલુ છે. બીજી બાજુ અફઘાનિસ્તાનમાં રશિયાએ પોતાની પકડ જમાવી છે. એને નિર્મૂળ કરવા કેટલાક મુસ્લિમ દેશો રસ લઈ રહ્યા છે. એમાંથી મુક્ત થઈ, તેઓ જે દિવસે યરુશાલેમને પોતાનુ લક્ષ્ય બનાવશે, ત્યારે સાચી જેહાદનાં મંડાણ થશે. અને એ દિવસ વિશ્વશાંતિ માટે જોખમરૂપ થઈ પડે તો નવાઈ નહિ!

યરુશાલેમ વિશ્વનું વિવાદાસ્પદ શહેર રહ્યું છે. પેલેલેસ્ટીનીઓ એને પોતાના દેશની રાજધાની બનાવવા માગણી કરી રહ્યા છે પણ ઈઝરાયલ કોઈ પણ કિંમતે એને પોતાના હાથમાં રાખવા માંગે છે.

'નવનીત સમર્પણ' : એપ્રિલ ૧૯૮૧

ૠ ૠ ૠ

## ૧૧

## લાલ ક્રાંતિ

લાલરંગ બલિદાન દર્શાવે છે. અને સાથે ભય ઉપજાવે છે, એટલે એ ઘણાનો અણમાનીતો રંગ છે. ત્યારે લાલ રંગના ચાહકો પણ દુનિયામાં ઓછા નથી! વિશ્વવ્યાપી સામ્યવાદને એને પોતાનો કરી લીધો છે. સામ્યવાદી ધ્વજ લાલ રંગે રંગાયેલો છે. એના ટેકેદારો લાલસૈનિકો અને લાલસેના પોતાના માટે ગર્વ અનુભવે છે. ઘણા દેશો અને બુદ્ધિજીવીઓ એની તરફદારી કરે છે. ત્યારે કેટલાક લોકો જેમ લાલ રંગથી તેમ સામ્યવાદથી ભય પામે છે. ખાસ કરીને ધાર્મિક લોકો સામ્યવાદને બહુ અનુમોદન આપતા નથી. તેમ છતાં ખ્રિસ્તી, મુસલમાન અને બૌદ્ધ ધર્મની બહુમતીવાળા ઘણા દેશો સામ્યવાદની અસર નીચે દબાઈ ગયા છે.

૮૫ ટકા ખ્રિસ્તી વસતિ ધરાવતા ફ્રાન્સમાં સામ્યવાદ સબળ થતો જાય છે. ઈટાલીના ૯૪ ટકા ખ્રિસ્તીઓ સામ્યવાદની શેહમાં તણાતા જાય છે. બૌદ્ધ ધર્મવાળા જાપાનમાં લાલસેનાએ તરખાટ મચાવ્યો છે. ૯૯ ટકા ખ્રિસ્તી વસતિ ધરાવતું સ્પેન સામ્યવાદ તરફ કૂણી લાગણી ધરાવતું થયું છે. ખ્રિસ્તી બહુમતીવાળુ પોર્ટુગલ સામ્યવાદની પકડમાં આવી ગયું છે. બર્માના બૌદ્ધધર્મીઓએ સામ્યવાદને આવકાર્યો છે. બૌદ્ધ બહુમતીવાળા થાઈલેંડના સામ્યવાદીઓને વિયેટનામ કુમક પહોંચાડે છે. બૌદ્ધ ગુરુ દલાઈ લામાનું તિબેટ સામ્યવાદી ચીને પચાવી પાડ્યું છે. બૌદ્ધ અને ખ્રિસ્તી વસતિવાળા વિયેટનામમાં ક્યારનીય સામ્યવાદી સત્તા ઠોકાઈ ગઈ છે. ઈથિયોપિયામાં વર્ષો-પુરાણી ખ્રિસ્તી સમાજ-સંસ્કૃતિને ફગાવી, રશિયા-તરફી સામ્યવાદ વિજય નીવડ્યો છે. અને છેલ્લે છેલ્લે પ્રમુખ દાઉદના મુસ્લિમ અફઘાનિસ્તાનમાં ખૂનામરકી વડે સામ્યવાદે સત્તા જમાવી છે. આ બધા પાછળ શું રહસ્ય છે? જ્યાં સામ્યવાદ સત્તા પર છે; ત્યાં ધર્મી લોકો, શું પૂરતું સ્વાતંત્ર્ય ભોગવે છે? એ સંબંધી કેટલાક દેશોની પરિસ્થિતિ જોઈએ :

ઈટાલીમાં ૧૯૭૬ની ચૂંટણીઓ પછી સામ્યવાદી પક્ષ, ત્યાંની 'ક્રિશ્ચિયન ડેમો-ક્રેટિક પાર્ટી' ની લગભગ સમાન ઊતર્યો. તેમણે પોતાના પક્ષને અમુક સત્તા આપવા માગણી કરી, અને એ માગણીઓના અનુસંધાનમાં દારુણ હિંસાનો માર્ગ લીધો. એ સામે સરકારે કડક વલણ અપનાવ્યું. હિંસાખોરોની ધરપકડ થઈ.એવા ૧૩ હિંસાખોરોને છોડાવવા,સામ્યવાદીઓએ ૧૬ માર્ચ ૧૯૭૮ ના રોજ માજી વડા પ્રધાન આલ્ડો મોરોનું અપહરણ કરી, તેમના પાંચ અંગરક્ષકોને ઠાર માર્યા. શ્રી મોરોના જીવના બદલામાં તેમણે પોતાના સાગરીતોની મુક્તિ માટે સરકાર પર દબાણ કર્યું. સરકાર તટસ્થ રહી અને શ્રી મોરોને દેશ માટે શહીદી વહોરવી પડી. મે ૧૯૭૮ની શરૂઆતમાં તેમનો મૃતદેહ

એક મોટરકારમાંથી મળી આવ્યો. આવી રક્તભીની લોહિયાળ ક્રાતિ સામે ઈટાલી જંગ ખેલી રહ્યું છે.

ઈટાલી માં ખ્રિસ્તી બહુમતીવાળા 'ક્રિશ્ચિયન ડેમોક્રેટિક પક્ષ'ની સરકાર સત્તા પર છે. એની વિદેશનીતિ અમેરિકા તરફ કૂણી લાગણી ધરાવે છે. એથી વિરોધી મત ધરાવતો સામ્યવાદી પક્ષ ત્યાં મજબૂત થતો જાય છે; અને તેની વિદેશનીતિ રશિયા તરફી છે!

એવું જ ચિત્ર ફ્રાંસનું છે. ૧૯૭૮ની ચૂંટણીઓમાં ત્યાં ખ્રિસ્તી બહુમતીવાળો પ્રમુખ ગિસ્કારદેસ્તેંનો પક્ષ સામ્યવાદી પક્ષ સામે વિજયી નિવડ્યો છે. અગાઉના વર્ષોમાં સરકાર રચવા શ્રી દેસ્તેંને સામ્યવાદીઓનો સાથ લેવો પડ્યો હતો. સામ્યવાદીઓ પ્રત્યે શ્રી દેસ્તેંના ઉદાર વલણને લીધે ત્યાં હિંસા જાગી નથી પણ ત્યાંનો સામ્યવાદી પક્ષ પગભર બનતો જાય છે. અને જો ફ્રાન્સ સામ્યવાદના ખપ્પરમાં હોમાઈ ગયું તો, પાંચ મહાસત્તાઓ (અમેરિકા, રશિયા, બ્રિટન ફ્રાન્સ અમે ચીન)માં આપોઆપ સામ્યવાદી બહુમતી આવી જાય. તેમ જ યુનો જેવી વિશ્વ-સંસ્થામાં સામ્યવાદી સર્વોપરીતા સ્પષ્ટ થઈ જાય. પછી સામ્યવાદના નેજા હેઠળ દુનિયામાં શું શું થઈ શકે, એની કલ્પના જ કરવી રહી! કેટલા સ્વતંત્ર દેશો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકે?

એ જ રીતે છેલ્લાં દસ વર્ષથી આંતરિક ક્રાંતિનો ભોગ બનેલું ઈથિયોપિયા, હવે સામ્યવાદીઓનું સાગરીત બની બેઠું છે. સામ્યવાદી ક્રાંતિકારીઓએ ત્યાંના રાજા હેલ સેલાસીની નિર્દય હત્યા કરી, પ્રજામાં ભય ફેલાવ્યો હતો. ચાલુ વર્ષે ઈથિયોપિયાને પડોશી રાજ્ય સોમાલિયા સાથે યુદ્ધે ચઢવું પડ્યું; ત્યાં સુધી દેશની કૂણી લાગણી અમેરિકા તરફી હતી. યુદ્ધ જાહેર થતાં, ત્યાં એકાએક સત્તા પલટો આવ્યો. સામ્યવાદીઓ દેશનો કબજો કરી બેઠા. રશિયાએ ત્યાં યુદ્ધનો દોરીસંચાર કરવા માંડ્યો અને ત્યાંથી અમેરિકી વિદેશ-નીતિને જાકારો મળ્યો. ઈથિયોપિયામાં સામ્યવાદ આવવા માટે ત્યાંની પ્રાચીન ધર્મચુસ્ત નીતિને જવાબદાર ગણવામાં આવે છે; અને હવે રહીરહીને ત્યાંના ધર્મવીરો સામ્યવાદ સામે જાગૃત થયા છે પણ હવે બહુ મોડું તઈ ગયું છે. કોઈ પણ દેશમાં એક વાર સામ્યવાદ ઘર કરી બેસે પછી એને કાઢવો મુશ્કેલ છે.

ચાલુ વર્ષે અફઘાનિસ્તાનમાં પણ રાજકીય ક્રાંતિ થઈ. ત્યાંના પ્રમુખ દાઉદ સાથે તેમનાં ૩૦ કુટુંબીજનોને ગોળીએ ઉડાવી દેવાયાં. ક્રાંતિ દરમ્યાન દેશમાં ભારે હિંસા થઈ હોવાનું બહાર આવ્યું છે. એ હિંસક ક્રાંતિ પાછળ રશિયાનો હાથ હોવાનું મનાય છે. કહે છે કે અફઘાનિસ્તાનમાં રાજકીય સાફસૂફી થતી જાય હતી ત્યારે ગળે લાલ રૂમાલ બાંધેલા લાલ બિલ્લાધારી જુવાનો શેરીઓમાં દેખાતા હતા.

આમ એક પછી એક દેશો સામ્યવાદ અથવા લશ્કરવાદમાં સામેલ થતા જાય છે. સામ્યવાદી દેશોમાં સારા પ્રમાણમાં ધર્માળુ લોકો રહે છે, છતાં તેમને ધાર્મિક સ્વાતંત્ર્ય નામનું છે. કેટલાક સામ્યવાદી

દેશોમાં જુદાજુદા ધર્મના લોકોની ટકાવારી સામેના પાના પર આપી છે.

આ કોઠા પરથી જણાશે કે અનેક દેશોમાં સામ્યવાદી સત્તા હોવા છતાં, ધર્મમાં માનનાર લોકો ત્યાં સારા પ્રમાણમાં છે. સામ્યવાદીઓને એ ઝેર જેવું લાગે છે. એટલે જ ધર્મ અને વ્યક્તિત્વને દબાવી દેવા, તેઓ પૂરા પ્રયત્નો કરે છે. દુનિયામાં માનવ-હક, ન્યાય અને સ્વતંત્ર્યતા મેળવવા જેટલાં સત્યાગ્રહ, આંદોલન અને દેખાવો થાય છે, એથી વિશેષ દરમ્યાનગીરી એને દબાવી દેવા થાય છે. અને તેમાં ભય, જુલમ અને હિંસાનો આશરો લેવાય છે. 'બંદૂકના નાળચામાંથી સત્તા જન્મે છે.' એમ માઓ-ત્સે-તંગે કહ્યું હતું. આથી સામ્યવાદીઓ પોતાની સત્તા મેળવવા અને જાળવવા, ભારે હિંસાખોર રહ્યા છે. સામ્યવાદી દેશોમાંથી ત્રાસીને ભાગી આવેલા લોકોએ એનો એકરાર કર્યો છે.

માનવ-હકો માટે કલમ ચલાવનાર નોબલ પારિતોષિક-વિજેતા સોલ્ઝેનિત્સિનને રશિયામાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. તાજેતરમાં યુરી ઓર્લોવ અને શારાન્સ્કીને તે માટે લાંબી ને કઠોર સજા થઈ છે. જીવશાસ્ત્રના રૂસી વિદ્યાર્થી શ્રી બુકોવ્સ્કીને જેલમાં અને પાગલખાનામાં સબડાવવામાં આવ્યા હતા. 'રશિયામાં યહૂદીઓનું જીવન અને સંસ્કૃતિ' વિશે લખનાર શ્રી પોરાસોવને બે વાર જેલમાં પૂરી, તેમના પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. રુમાનિયાની વેઠછાવણીમાં પીડાતા રેવ. રિચાર્ડ વર્મબ્રાન્ડને છોડાવવા, પશ્ચિમી દેશોએ રુમાની સરકારને ૨૫૦૦ પાઉન્ડ આપ્યા હતા.

વર્મબ્રાન્ડે 'વેદના પર વિજય' નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે રુમાનિયામાં ખ્રિસ્તીઓ પર ગુજારાતા ત્રાસનું વર્ણન કર્યું છે. ધર્મ તરફ લાગણી ધરાવતા લોકોને ધગધગતા લોખંડી સળિયાથી ડામ દેવાય છે. અને છરી વડે લસરકા કરવામાં આવે છે. અંધારા કેદખાનામાં કેદીઓ પર ભૂખ્યા ઉંદરો છોડવામાં આવે છે. કેદીઓ માટે તીણા કાંટાવાળી હાથકડીઓનો ઉપયોગ થાય છે. લોકોને ઊંધે માથે લટકાવી હિંચકા ખવડાવવમાં આવે છે. ખ્રિસ્તીઓને બરફ-પેટીમાં પૂરી ઠારવામાં આવે છે. જ્યારે ઠરી જાય, ત્યારે બહાર કાઢી ગરમી આપી ફરી પાછા બરફ-પેટીમાં ધકેલી દેવાય છે. અંદર અણીદાર ખીલાઓવાળા માણસના કદના ખોખામાં કેદીઓને પૂરી કલાકો સુધી ઊભા રખાય છે. તેમાં જરા પણ હલનચલન કે સ્નાયુ-સંકોચન થતાં શરીરમાં ખીલીઓ ખૂંપી જાય છે. માઈક્રોફોન દ્વારા કલાકો સુધી તેઓની માન્યતા અને લાગણી વિરુદ્ધના શબ્દો બોલી, મગજ-પ્રક્ષાલન(બ્રેઈન વૉશિંગ)ની ક્રિયા અજમાવાય છે. સ્ત્રીઓ સાથે નિર્લજ્જ ચેષ્ટા કરવામાં આવે છે. ખ્રિસ્તીઓના પવિત્ર સંસ્કાર (હોલી-સેક્રામેંટ)માં દ્રાક્ષરસ અને રોટલીની જગ્યાએ બળજબરીથી માનવી-મળમૂત્ર અપાય છે.

આવી ભયંકર વેઠછાવણી ચલાવનાર રુમાનિયાના સરમુખત્યાર નિકોલાઈ દેશના જુદાજુદા તેર હોદ્દા ભોગવે છે. એમાંનો એક હોદ્દો તેમને 'લોકતંત્રના પ્રમુખ' તરીકે નવાજે છે!

એથી વિશેષ કડક કાયદા સામ્યવાદી કંબોડિયાના છે. ત્યાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને

દિવસભર કામ કરવું પડે છે, નાનાં બાળકોને માતાપિતાથી દૂર લઈ જઈ કામે જોતરવામાં આવે છે, અને કિશોરોને યંત્રકામ અને લશ્કરી કામ માટે ફરજ પડાય છે. સગર્ભા સ્ત્રીઓને સાતમા મહિના સુધી કામ કરવું પડે છે. ત્યાં કામના કલાકો નક્કી નથી. અંધારું થાય ત્યાં સુધી, દરેક કામ કરવાનું હોય છે. લોકોને કામના બદલામાં એક વાટકો ભાત અને ક્યારેક સૂકી માછલી મળે છે. અઠવાડિક રજાનો કોઈ દિવસ નથી. ત્યાં કૉલેરાના દરદીઓને પેપ્સી કોલા અને ટાઈફૉઈડમાં 'નાળિયેરનું દૂધ' અપાય છે. સરકારે આંતરરાષ્ટ્રીય માંદગી-નિવારણનો કાર્યક્રમ સ્વીકાર્યો નથી. એથી આજ સુધીમાં ત્યાં સખત મહેનત મજૂરી અને માંદગીને કારણે ૨૦ લાખ લોકો માર્યા ગયાં છે.

ત્યાંના કાયદાની રૂએ નાચવું, ગાવું, વાંચવું, કુંવારી છોકરીને પ્રેમ કરવો, રાજકીય અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લેવો વગેરે સરકારી ગુનો બને છે. જે વ્યક્તિ આ કાયદાનું ઉલ્લંઘન કરે, એને શિક્ષા થાય છે. એવી શિક્ષામાં સાધારણ રીતે વ્યક્તિને લાકડીઓના ફટકા મારી, મારી નંખાય છે. ત્યાં ભૂખમરો હોવાથી ક્યારેક લોકો માણસનાં શબને પણ છોડતા નથી. એવા સમયે જો કોઈ વ્યક્તિ માનવ-ભક્ષ કરતાં ઝડપાઈ જાય, તો તેને ભયંકર શિક્ષા થાય છે. એવી વ્યક્તિનું મરતાં સુધી તીક્ષ્ણ હથિયારો વડે માથું છૂંદવામાં આવે છે. અથવા તેને ખભા સુધી જમીનમાં દાટી, ફક્ત માથું બહાર રાખી, માથું છૂંદી નંખાય છે.

આટલા બધા જોરજુલમ અને અન્યાય છતાં લોકો સામ્યવાદ અપનાવ્યે જાય છે, એ મોટા આશ્ચર્યની વાત છે! સામ્યવાદમાં સ્વતંત્રતા અને માનવ-હકને સ્થાન છે જ નહિ, એમ જાણવા છતાં એનો સ્વીકાર કરવો, એ જાણીજોઈને આગમાં કૂદી પડવા સમાન છે.

પશ્ચિમ એશિયામાં ઈરાક અને સીરિયા સામ્યવાદની અસર નીચે આવ્યાં છે. પશ્ચિમ જર્મનીની સરકાર સામે સામ્યવાદ મેદાનમાં છે. ભારત અને શ્રીલંકામાં સામ્યવાદી ઝોક અંગે અમેરિકા, બ્રિટન અને બીજાં મિત્રરાજ્યો ચિંતામાં છે.

અત્યારે, જનતા સરકારના વિજય પછી ભારતમાં સામ્યવાદી પકડ ઢીલી થઈ ગઈ છે. ભારતમાં સામ્યવાદની અસર ઓછી થતી જાય છે. એ વિશે 'સંદેશ' દૈનિકમાં શ્રી દેસાઈ અને શ્રી શેઠે ચૂંટણી-આંકડા આપ્યા હતા.

| દેશ | વસતિ★ | ખ્રિસ્તી | બૌદ્ધ | મુસલમાન | અન્ય ધર્મ |
|---|---|---|---|---|---|
| આલ્બાનિયા | ૨,૪૦૦,૦૦૦ | ૨૯% | - | ૭૦% | - |
| કંબોડિયા | ૭,૯૦૦,૦૦૦ | ૦.૩૩% | ટકાવારી ખબર નથી | - | - |
| ચીન | ૯૪૨,૦૦૦,૦૦૦ | ૦.૪૯% | - | ૫% | ૩૬% ચીની ધર્મ |
| લાઓસ | ૩,૨૫૭,૦૦૦ | ૦.૨% | - | - | બૌદ્ધ એનીમીસ |
| મોંગોલિયા | ૧,૪૦૩,૦૦૦ | - | બૌદ્ધ (લામા) ટકાવારી અપ્રાપ્ય | - | - |
| ઉ.કોરિયા | ૧૫,૪૩૯,૦૦૦ | ટકાવારી અપ્રાપ્ય | - | - | - |
| પોલાંડ | ૩૩,૯૫૯,૦૦૦ | ૮૭.૧૦% | - | - | - |
| રશિયા | ૨૫૨,૦૬૪,૦૦૦ | ૨૧% | - | ૧૨% | - |
| તિબેટ | ૩,૦૦૦,૦૦૦ | જૂજ | બૌદ્ધ (લામા) બહુમતી | - | - |
| વિયેટનામ | ૪૨,૭૦૦,૦૦૦ | ટકાવારી અપ્રાપ્ય | ૮૦% | - | - |
| યુગોસ્લાવિયા | ૨૧,૩૧૫,૦૦૦ | ૭૩.૧% | - | ૧૨% | - |

★ ઈ.સ. ૧૯૬૪, ૧૯૬૫ અને ૧૯૬૬ ની વસતિ ગણતરીના આધારે

| લોકસભાની ચૂંટણી | સામ્યવાદ | ટકા | માર્ક્સવાદ | ટકા |
|---|---|---|---|---|
| ૧૯૫૨ | ૧૬ | ૪.૩ | - | - |
| ૧૯૫૭ | ૨૭ | ૮.૯ | - | - |
| ૧૯૬૨ | ૨૯ | ૯.૯ | - | - |
| ૧૯૬૭ | ૨૩ | ૪.૮ | ૧૯ | ૪.૪ |
| ૧૯૭૧ | ૨૩ | ૪.૮ | ૨૫ | ૪.૯ |
| ૧૯૭૭ | ૭ | ૨.૮ | ૨૨ | ૪.૩ |

આ ચૂંટણી-સમીક્ષા ભારતમાં સામ્યવાદી પક્ષોની અસર ઓછી થતી હોય, એમ દર્શાવે છે પણ તેથી ભવિષ્યની ખાતરી કોઈ આપી ન શકે. હવે ભારતમાં સામ્યવાદી અને માર્ક્સવાદી પક્ષોએ એક થવા વિચાર્યું છે. બન્ને પક્ષો માને છે કે, જનતા અને કોંગ્રેસ સામે તેમણે એક ડાબેરી મોરચો ઊભો કરવો જોઈએ. અને એમ થાય તો તેઓ ધારી અસર ઉપજાવી શકશે. આ તબક્કે માર્ક્સવાદી પક્ષને લોકસભામાં ૨૨ સભ્યોનું પીઠબળ છે અને બંગાળ તેમ જ ત્રિપુરામાં તેમની સરકાર છે.

વળી ભારતમાં સામ્યવાદનો પ્રચાર પુરજોશમાં ચાલે છે. એ સબંધી ભારતનાં વર્તમાનપત્રોના રજિસ્ટ્રારે રજૂ કરેલા ૧૯૭૬ના વાર્ષિક હેવાલની વિગતો જાણવા જેવી છે. આપણાા દેશમાં ૧૮ રાજકીય પક્ષો જુદાં જુદાં ૮૨ સમાચાર-પત્રો પ્રસિદ્ધ કરે છે. તેમાં દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક અને ત્રિમાસિકનો સમાવેશ થાય છે. અને ૮૨ પ્રકાશનોમાંથી ૨૬ સામ્યવાદી પક્ષનાં છે. ૧૭

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં, ૧૫ સામ્ય-માર્ક્સવાદી પક્ષનાં અને બાકીનાં ૨૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (ફેડરેશન), ભારતીય જનસંઘ, સમાજવાદી પક્ષ, સમાજવાદી સંઘ અને નાના પક્ષોનો સમાવેશ થાય છે. રોજ બહાર પડતાં ૯ દૈનિકોમાં, ભારતીય સામ્યવાદી પક્ષનાં ૪, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં ૩ અને સામ્યવાદી-માર્ક્સવાદી પક્ષનાં ૨ છે.

આ બધાં પ્રકાશનોમાં સવિશેષ ફેલાવો ધરાવવાનો સામ્યવાદી માર્ક્સવાદી પક્ષ દાવો કરે છે. તેમાં અનુક્રમે  સામ્યવાદી માર્ક્સવાદી પક્ષ ૭૬,૮૬૩, ભારતીય સામ્યવાદી પક્ષ ૭૫,૦૯૫ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ૪૦,૭૭૫ નકલોનો ફેલાવો ધરાવે છે. વિદેશી કચેરીઓ મારફતે પ્રગટ થતાં ૧૧૧ પ્રકાશનોમાં સોવિયેત રશિયા ૫૦ પ્રકાશનો ધરાવે છે, જે સૌથી વધુ છે.

વિશ્વભરમાં લાલ ક્રાંતિ માથું ઊંચકી રહી છે. આંગળી આપો કે પહોંચો પકડ્યો! ભારતમાં કોંગ્રેસ અને હવે જનતાના વહીવટથી તંગ આવેલા લોકો સામ્યવાદ તરફ ન ઘસડાય, એ જોવાની સત્તાધરીઓની ફરજ છે. લાલ ક્રાંતિ મજૂર વર્ગથી શરૂ થાય છે. એમની જરૂરિયાતો સંતોષવી અને એમને દેશ અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા સમજ આપવી, એ આપણી ફરજ બને છે. આપણે સ્વતંત્ર હોઈશું, તો જ વ્યક્તિ અને દેશનો વિકાસ સાધી શકીશું.

રૂસી લેખક શ્રી સોલ્ઝેનિત્સિન કહે છે : ‘ત્રીજું વિશ્વયુદ્ધ પૂરું થવા આવ્યું છે અને મોટા ભાગના દેશો સામ્યવાદ અને લશ્કરવાદના સાણસામાં ચુપચાપ આવી ગયા છે.’

સામ્યવાદી લોખંડી સત્તા સામેનો મારો આ લેખ ‘નવનીત સર્મપણ’ સપ્ટેમ્બર ૧૯૭૮માં છપાયો હતો. જો કે આજે રશિયા, જર્મની, રૂમાનીયા સહીતના સામ્યવાદી દેશો સ્વતંત્ર થઈ ગયા છે.

ஃ ஃ ஃ

# ૧૨

## પડઘા ઊઠે છે જનમતના

આ દિવસોમાં દુનિયાભરના શાસન-કર્તાઓ સામે પ્રજામતનો જબરદસ્ત પડઘો પડી રહ્યો છે. ઘણી જગાએ પ્રજા શાંત દેખાવા છતાં ભીતરમાં જાણે જ્વાળામુખી ધગધગી રહ્યો છે. જ્યાં કંઈ તક સાંપડી ત્યાં પ્રજાની હૈયાવરાળ સરમુખત્યારશાહી, રાજા-શાહી, લોકશાહીમાં આપખુદ સત્તા અને સામ્યવાદી જોર જુલમ સામે બેકાબૂ બની બહાર આવી રહી છે. દેશેદેશમાં ઘણી જગાએ અહિંસક અથવા લોહિયાળ ક્રાંતિ થઈ છે.તેને પરિણામે ભલભલા સત્તાધીશો હચમચી ગયા છે અને પોતાની ખુરશી સલામત રાખવા દાવપેચ અજમાવી રહ્યા છે. છતાં જનતા-જનાર્દનનો હાથ મજબૂત રહ્યો છે અને કેટલાય આપખુદ સત્તાભૂખ્યાઓને એ સામે ઝૂકી જવું પડ્યું છે; એથી જ કદાચ, ૭૦નો દાયકો માનવહકની લડત માટે યાદગાર બની રહે તો નવાઈ નહી!

અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સન વૉટરગેટ કૌભાંડનો ભોગ બન્યા અને પ્રજામત એમની વિરુદ્ધ ગયો. ધીમેધીમે સેનેટમાં એમણે વિશ્વાસ ગુમાવ્યો અને ૧૯૭૬માં એમને અપમાનિત થઈને નીકળવું પડ્યું. પછી આવ્યા પ્રમુખ ફોર્ડ. એમ તો એ કોઈ કારસ્તાનમાં સંડોવાયા ન હતા. પણ ચીલાચાલુ ઢબે શાસન કરવાનું એમણે જારી રાખ્યું. એ અરસામાં ૧૯૭૬ની આખરમાં અમેરિકામાં ચૂંટણી યોજાઈ. તેમાં તેમનો પરાજય થયો અને પ્રજાના ભારે ટેકાથી શ્રી જિમીકાર્ટર પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. સો વર્ષ પછી દક્ષિણનાં રાજ્યોમાંથી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવનાર શ્રી કાર્ટર પ્રથમ વ્યક્તિ છે.

તાજેતરમાં ફ્રાન્સમાં યોજાયેલી નરપાલિકાની ચૂંટણીઓએ ત્યાંના શાસકપક્ષ, ઈન્ડિપેન્ડન્ટ લિબરલ પાર્ટી અને દગોલવાદીઓને ચિંતાતુર કરી મૂક્યા. સમાજવાદ અને સમ્યવાદીઓનો મોરચો ત્યાં અર્ધા કરતાં વધારે બેઠકો જીતી ગયો છે. ફ્રાન્સની પાંચમા ભાગની વસતિવાળા પેરિસ શહેરનું મેયરપદ પણ શાસક પક્ષની નહિ, એવી વ્યક્તિના હાથમાં ગયું છે. એના કારણમાં એમ જાણવા મળે છે કે, ફ્રાન્સના પ્રમુખ શ્રી જીસ્કાર એસ્તેં એક બાહોશ અર્થશાસ્ત્રી હોવા છતાં દેશને તેઓ આર્થિક સદ્ધરતા તરફ લઈ જઈ શક્યા નથી. ઊલટાનું દેશમાં બેકારી વધી રહી છે.

ઈસરાયેલમાં શ્રીમતી ગોલ્ડા મેયરની સરકાર પાસેથી સત્તા લઈ લેનાર વડા પ્રધાન યિટઝાક રાબિનની સરકારને ત્યાંના યહૂદી ધાર્મિક પક્ષે પોતાનો ટેકો પાછો ખેંચી લઈ લઘુમતીમાં મૂકી દીધી હતી. શ્રી રાબિને સંસદ (નેસેટ)નો વિશ્વાસ ગુમાવ્યો,એટલું જ નહિ પણ તેમના પ્રધાનમંડળ સામે ભ્રષ્ટાચારની તપાસ શરૂ થઈ. તેના પરિણામે એક પ્રધાને આપઘાત કર્યો, જ્યારે શ્રીમતી રાબિનનું ખાતું પરદેશની બૅન્કમાં હોવાથી તેમને ૧૬,૦૦૦ ડૉલરનો દંડ ફટકારવામાં આવ્યોઃ એના

અનુસંધાનમાં શ્રી રાબિને રાજીનામું આપ્યું. મે ૧૯૭૭માં નવી ચૂંટણીઓ યોજાઈ અને મેનાકેમ બેગિનની ત્રાસવાદી ગણાતી જમણેરી પાર્ટીનો વિજય થયો.

ઈ.સ. ૧૯૬૦માં મોબુટુ લોહિયાળ ક્રાંતિ વડે ઝૈરેના પ્રમુખ બની બેઠા હતા. તેમણે ૧૯૬૧માં ત્યાંના દેશભક્ત ગણાતા પેટ્રીસ લુમુમ્બાનું ખૂન કરાવ્યું હતું. ઝૈરેની પ્રજા મોબુટુને લાંચિયા આપખુદ તરીકે ઓળખે છે. તેમની વિરુદ્ધ પ્રજા દિવસેદિવસે ઉગ્ર બનતી જાય છે. પણ જનતા કંઈ કરે તે પહેલાં હમણાં અંગોલા તેમની સામે યુદ્ધે ચઢ્યું છે.

પાકિસ્તાનમાં ચાલુ સાલે ચૂંટણીઓ યોજાઈ અને ફરી એકવાર જનાબ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વડાપ્રધાન બની બેઠા. તેમની પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ ચૂંટણીમાં ૨૦૦ બેઠકો કબજે કરી હતી, જ્યારે નવ પક્ષોના બનેલા વિરોધપક્ષને ફાળે માત્ર ૩૬ બેઠકો આવી હતી. એથી ભુટ્ટો પાકિસ્તાની સંયુક્તમોરચાના વિરોધ પક્ષને માન્યતા આપવા તૈયાર ન હતા, જ્યારે વિરોધ પક્ષનું કહેવું હતું કે, ચૂંટણીમાં ગેરરીતિઓ થઈ છે. પરિણામે દેશમાં હિંસક તોફાનો ફાટી નીકળ્યાં. તેમાં સેંકડોની જાનહાનિ થઈ અને લાખોની મિલકતનો નાશ થયો. દિવસેદિવસે વિરોધપક્ષના આંદોલનને સહકાર સાંપડતો ગયો. પાકિસ્તાનના બે વિદેશી એલચીઓએ સરકારને પોતાનાં રાજીનામાં આપી દીધાં અને ત્યાંના હવાઈ કર્મચારીઓએ હડતાળ પાડી, વિરોધમાં સાથ પૂરાવ્યો. છતાં ભુટ્ટો મક્કમ રહ્યા અને વિરોધીઓને ‘જુઓ ત્યાંથી ઠાર કરો’ ના હુકમો તેમણે કર્યા. જવાબમાં વિરોધપક્ષે નિરાધાર ભુટ્ટોના રાજીનામા સિવાય બીજો કોઈ વિકલ્પ નહિ સ્વીકારવા નિર્ણય કર્યો અને છેવટે ભુટ્ટોને નમતું આપવું પડ્યું.

ઈ.સ. ૧૯૭૬ની આખરમાં દક્ષિણ આફ્રિકામાં ગોરાઓના શાસન સામે કાળા આફ્રિકીઓએ માથું ઊંચક્યું. તેથી પ્રમુખ સ્મિથનું આસન ડોલી ઊઠ્યું. આફ્રિકાનાં મોટા ભાગનાં રાજ્યોએ એ લડતમાં સાથ પૂરાવ્યો હતો. તે વખતે અમેરિકાના વિદેશ મંત્રી ડૉ. કિસિંજરે મધ્યસ્થી કરતાં, પરિસ્થિતિ અંશતઃ બદલાઈ હતી. રફતેરફતે સ્મિથ સરકાર કાળી પ્રજાને સત્તાનાં સૂત્રો સોંપી દેશે, એ આખરી સમજૂતી પછી ત્યાંની વિવાદાસ્પદ સ્થિતિ પર કામચલાઉ પડદો પડી ગયો છે.

સાથેસાથે ભારતમાં ત્રણ દાયકાથી સત્તાનાં સૂત્રો સંભાળી રહેલી કૉંગ્રેસ સરકાર સૌ પ્રથમ ૧૯૭૭ની ચૂંટણીમાં પરાસ્ત થઈ છે. ૧૯૭૧ની ચૂંટણીમાં રાયબરેલીની બેઠક પર શ્રીમતી ઈન્દિરા ગાંધી સામે ચૂંટણી લડેલા શ્રી રાજનારાયણે શ્રીમતી ઈન્દિરા ગાંધીને અલ્હાબાદની હાઈકોર્ટમાં પડકાર્યાં હતાં. કોર્ટે ચૂંટણીમાં સરકારી વ્યક્તિઓની મદદ લેવા બદલ શ્રીમતી ગાંધીને દોષિત ઠરાવ્યાં હતાં. તેના અનુસંધાનમાં વડા પ્રધાનપદેથી રાજીનામું આપી દેવા શ્રીમતી ગાંધી સામે એક વંટોળ ઊઠ્યો હતો પણ તેમણે મક્કમ હાથે તત્કાળ દેશમાં કટોકટી લાદી એ વિરોધવંટોળને દબાવી દીધો, ત્યારે દેશની આઝાદી પછી સૌ પ્રથમ દેશમાં નાગરિક હકો છિનવાઈ ગયા. હજારો વ્યક્તિઓને જેલના સળિયા પાછળ ધકેલાઈ દેવાયા.

એથી દેશ આખો સૂમસામ બની ગયો. દેશમાં જાણે કંઈ બન્યું જ નથી, એવું ચિત્ર ઊપસતું

હતું. સરકારે ૨૦ મુદ્દાનો ઝડપી આર્થિક કાર્યક્રમ હાથ ધર્યો. જ્યાં જુઓ ત્યાં રેડિયો, ટેલિવિઝન, પેપર, સિનેમા, સમાચાર-બધાં સરકારનાં ગુણગાન ગાતાં હતાં. તેથી થોડા જ સમયમાં સરકાર વધુ સ્થિર અને શક્તિશાળી બની ગઈ. શ્રીમતી ગાંધીને પ્રજા પર ભારે વિશ્વાસ બેસી ગયો. તેમણે એકાએક માર્ચમાં રાષ્ટ્રીય ચૂંટણીઓ યોજી સરકાર વિરોધી વ્યક્તિઓને મુક્ત કરી દેવાઈ અને કટોકટીમાં છૂટછાટ મુકાઈ.

એ સમયે ક્રાંતિકારી લોકનેતા શ્રી જયપ્રકાશ નારાયણે જનતાની આગેવાની લીધી. ચાર વિરોધપક્ષના બનેલા બિનસામ્યવાદી જનતાપક્ષની રચના કરવામાં આવી. પક્ષની નેતાગીરી શ્રી મોરારજી દેસાઈને સોંપાઈ. કટોકટીના સમય દરમ્યાન શાસક પક્ષનાં નગારાં વાગતાં હતાં, તે પર કોંગ્રેસે મદાર બાંધ્યો હતો. જ્યારે જનતા પક્ષમાં કોણ જીતશે એ અંગે શંકા સેવાતી હતી.

ચૂંટણીનાં જ્યારે પરિણામો બહાર આવ્યાં, ત્યારે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા! લોકશાહી ધ્યેય પર ચૂંટણી લડેલો જનતાપક્ષ બહુમતીએ વિજયી બન્યો. પોતાના દેશમાં લોકશાહી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી, એની ભારતીય જનતાએ પ્રતિતી કરાવી દીધી.

બીજા ઘણા દેશોમાં જનમત જાગૃત થયો છે. આશરે પાંચેક વર્ષ પહેલાં હંગેરીમાં લોકોએ સામ્યવાદ સામે માથું ઊંચક્યું, ત્યારે રશિયાએ બળપૂર્વક તેને દબાવી દીધું. ચિલીમાં ૧૯૭૫માં સત્તારૂઢ શાસકો સામે લશ્કરે સફળ બળવો કર્યા હતો. ચાલુ સાલે લાઓસમાં તાલીમ પામેલા બળવાખોર સમ્યવાદીઓ જ્યારે થાઈલેન્ડમાં ઘૂસ્યા, ત્યારે ત્યાંની પ્રજાએ તેમનો વિરોધ કર્યો હતો. શ્રીલંકામાં સોલોમન ભંડારનાયક સામે વિરોધ પક્ષો મોરચો માંડી બેઠા છે. ઈથિઓપિયાના રાજા હેઈલ સેલાસીના જવાથી દુનિયાભરની જૂનીપૂરાણી રાજાશાહી ખતમ થઈ ગઈ છે. ક્યુબાના વડાપ્રધાન શ્રી ફિડેલ કાસ્ટ્રો સામે વિરોધ વમળ ઊઠતાં તેમને દેશ છોડી બહાર રઝળવું પડે છે. યુગાન્ડાના ઈદી અમીન સામે અવાજ ઊઠતાં દાદાએ સમયસૂચકતા વાપરી કડક હાથે તેને દબાવી દીધો છે.

એમ દુનિયાભરના સર્વત્ર જનમતના પડઘા ઊઠી રહ્યા છે. આપખુદ સત્તા, ત્રાસવાદ, ભ્રષ્ટાચાર અને રાજકીય પ્રપંચ સામે હવે જનતા મેદાને પડી છે. આવતાં વર્ષોમાં દુનિયાના વધુ દેશોમાં પ્રજાકીય ક્રાંતિના ભણકારા વાગી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં કેટલાક સામ્યવાદી દેશોમાં, શાહીવાદી આરબ રાષ્ટ્રોમાં તેમ જ શ્રીલંકા, બ્રહ્મદેશ અને યુગાન્ડા જેવાં સત્તારૂઢ રાજ્યોમાં પ્રજાડંકો વાગી જાય તો નવાઈ નહિ! એની ઘણી જરૂર છે. જનતા જાગૃત હશે, તો જ શાસક વર્ગ પ્રજાના હિતમાં રાજ કરશે.

વિશ્વની આપખુદ, સરમુખત્યાર, રાજાશાહી, સામ્યવાદી સત્તાઓ સામે જનજાગૃતિનો વિજય દર્શાવતો આ લેખ 'નવનીત સમર્પણ'માં જુલાઈ ૧૯૭૭માં છપાયો હતો.

ॐ ॐ ॐ